પ્રથમ વર્ષ

# ડી.એલ.એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

# કોર્ષ – 1 (અ)
# બાળકોનો સર્વાંગી વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ

જીસીઈઆરટી, વિદ્યાભવન, ઉદ્યોગભવન સામે,
સેક્ટર–૧૨, ગાંધીનગર

આવૃત્તિ
2020

**પ્રેરક**
શ્રી બી. સી. સોલંકી,
સચિવ, જીસીઈઆરટી,

**કન્વીનર**
ડૉ. ટી. એસ. જોષી, પ્રાચાર્ય,
જિ.શિ તા.ભવન, ગાંધીનગર

**વિષય સલાહકાર**
ડૉ. મહેન્દ્રભાઇ ચોટલિયા
પ્રો. પ્રેરણા મોહિતે

**લેખન–સંપાદન**
ડૉ. ગૌરાંગ વ્યાસ
શ્રી અલકાબેન પટેલ
ડૉ. હરેશભાઇ પંડ્યા
ડૉ. રચનાબેન પાઠક
ડૉ. ભાવનાબેન પાઠક
શ્રી યોગેશભાઇ મહેતા
શ્રી વિપુલભાઇ વ્યાસ

**સમીક્ષા**
ડૉ. સુધાબેન પતાણી
ડૉ. જીગીષા શાસ્ત્રી
ડૉ. રાજદીપ રાજપરા

**નિર્માણ સંયોજન**
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

**પ્રસ્તાવના:**

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશ: પુન:રચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુન:રચનાના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશ: ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુન:રચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુન:ગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ વધુ સમૃદ્ધ અને ક્ષતિરહિત બને તે માટે રાજ્યની તમામ ડી.એલ.એડ્. સંસ્થાઓ પાસેથી સૂચનો મેળવીને મૉડ્યૂલને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે. આમ, પ્રસ્તુત મૉડ્યૂલ ઉપયોગી અને અસરકારક બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

**સભ્ય સચિવ**
**ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ**
**જીસીઈઆરટી, ગાંધીનગર**

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| **1** | **વિકાસનો દ્દષ્ટિકોણ** | **4** |
| **2** | **બાળકનો મનોશારીરિક વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ** | **21** |
| **3** | **મનોસામાજિક વિકાસ અને સામાજિકીકરણ** | **39** |
| **4** | **સાંવેગિક વિકાસ અને ભાષાવિકાસ** | **56** |

# એકમ–1 : વિકાસનો દ્રષ્ટિકોણ


1.1 પ્રસ્તાવના
1.2 ઉદ્દેશો
1.3 વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા : સંકલ્પના અને લક્ષણો
1.3.1 વૃદ્ધિ : સંકલ્પના અને લક્ષણો
1.3.2 વિકાસ : સંકલ્પના અને લક્ષણો
1.3.3 પરિપક્વતાની સંકલ્પના
1.3.4 વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત
1.3.5 વિકાસના સિદ્ધાંતો
1.3.6 વિકાસના વિવિધ તબક્કાઓ
1.3.7 બાલ્યાવસ્થા અને તરુણાવસ્થા અનુરુપ શૈક્ષણિક ફલિતાર્થો
1.3.8 વિકાસને અસર કરતાં પરિબળો (વારસો અને વાતાવરણ)
1.3.8.1. વારસો (Heredity)
1.3.8.2 વાતાવરણ (Atmosphere)
1.3.9 વાલી અને શિક્ષકોની બાળકોના વિકાસમાં ભૂમિકા
1.3.9.1. બાળકના વિકાસમાં વાલીની ભૂમિકા
1.3.9.2. બાળકના વિકાસમાં શિક્ષકની ભૂમિકા
1.4 સમગ્ર એકમનો સારાંશ
1.5 સમજ ચકાસતા પ્રશ્નો
1.6 પ્રાયોગિક કાર્ય
1.8 સૂચિત સંદર્ભ વાંચન

# એકમ–1 :વિકાસનો દ્રષ્ટિકોણ

## 1.1 પ્રસ્તાવના

જીવનની શરુઆત જન્મથી થાય છે, મનોવૈજ્ઞાનિકોના મતે વ્યક્તિના જીવનની શરુઆત ગર્ભાધાનથી થાય છે. જન્મ એ લાંબા પરિવર્તનના ક્રમમાં એક ઘટના માત્ર છે, જેને પ્રારંભ ગણી શકાય નહિ.

નવજાત બાળક શરુઆતમાં અસહાય અને બીજા પર આધારિત હોય છે. તે પોતાની બધી જરુરિયાતો સંતોષવા બીજા પર આધાર રાખતું હોય છે. પરંતુ બાળક જેમ જેમ મોટું થતું જાય; વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા પ્રાપ્ત કરતું જાય, તેમ તેમ પોતાની જાતે પોતાની જરુરિયાતો સંતોષવા પ્રયત્ન કરવા લાગે છે.

વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા એકબીજા પર આધારિત છે. વૃદ્ધિ વગર વિકાસ નથી, વિકાસ વગર પરિપક્વતા નથી, તેમજ પરિપક્વતા વગર વૃદ્ધિ પણ નથી. આમ, વૃદ્ધિ વિકાસ અને પરિપક્વતા પરસ્પર અવલંબિત છે. આ ક્રિયાઓ એક પછી એક થતી નથી, પરંતુ અરસપરસના સંબંધથી ચાલે છે. પ્રસ્તુત એકમમાં આપણે વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા વિશે વિસ્તૃત ચર્ચા કરીશું.

## 1.2 ઉદ્દેશો

પ્રશિક્ષણાર્થી....

- વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતાની સંકલ્પના અને લક્ષણો જાણે.
- વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત સમજે.
- વિકાસના સિદ્ધાંતોની સમજ મેળવે.
- વિકાસના વિવિધ તબક્કાઓ વિશેની સમજ મેળવે.
- વિવિધ તબક્કાઓને અનુરુપ શૈક્ષણિક ફલિતાર્થોની સમજ મેળવે.
- વિકાસ પર થતી વારસો અને વાતાવરણની અસર વિશે જાણે.
- બાળકના વિકાસમાં વાલી અને શિક્ષકની ભૂમિકાની સમજ મેળવે.

## 1.3 વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા : સંકલ્પના અને લક્ષણો

વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા વિશેની વિસ્તૃત સમજૂતી મેળવીએ

### 1.3.1 વૃદ્ધિ : સંકલ્પના અને લક્ષણો

વૃદ્ધિનો અર્થ વધવું એવો થાય છે. 'ગર્ભાવસ્થાથી માંડીને પુખ્તાવસ્થા સુધીમાં વ્યક્તિના વજન, કદ અને આકારમાં થતા વધારાને વૃદ્ધિ કહે છે'. આમ, વૃદ્ધિ શારીરિક પાસાં સાથે સંબંધિત છે. વૃદ્ધિ એટલે શરીરના અંગોમાં થતા ફેરફાર એવું કહી શકાય. હરલોકના મતે વૃદ્ધિ એ પ્રમાણાત્મક ફેરફાર છે.

બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેના વજન અને કદમાં વધારો થાય છે. ઉંમર વધવાની સાથે મસ્તક, ધડ, હાથ, પગ, હાડકાં, સ્નાયુઓ, હૃદય, મગજ તથા અન્ય અવયવોના આકાર, કદ અને વજનમાં જે ફરફાર થાય છે તે વૃદ્ધિ છે.

વૃદ્ધિ વિશેની સમજૂતી ને આધારે નીચેના લક્ષણો ફલિત થાય છે:

- વૃદ્ધિની પ્રક્રિયા ગર્ભાધાનથી શરુ થાય છે.
- વૃદ્ધિથી શરીરના વજન, કદ અને આકારમાં ફેરફાર થાય છે.
- વૃદ્ધિ પ્રમાણાત્મક અને એકાંગી છે.
- વૃદ્ધિ પરિપક્વતાનું પ્રથમ પગથિયું છે.
- વૃદ્ધિનો આધાર વારસામાં મળેલ જનીનો ઉપર હોય છે.
- વૃદ્ધિની પ્રક્રિયાનો સમય મર્યાદિત છે, અમુક ઉંમરે વૃદ્ધિ અટકી જાય છે.

### 1.3.2 વિકાસ : સંકલ્પના અને લક્ષણો

ઉંમર વધવાની સાથે આપણા વર્તનમાં થતાં પ્રગતિશીલ ફેરફારને વિકાસ કહે છે. વિકાસને કારણે જ વ્યક્તિમાં પર્યાવરણ સાથે સમાયોજન સાધવાની ક્ષમતા વધે છે. વિકાસ એ શારીરિક ઉપરાંત માનસિક પાસાં સાથે પણ સંબંધિત છે. વિકાસની પ્રક્રિયા એ વૃદ્ધિ કરતાં જટિલ છે. વૃદ્ધિને પરિણામે પ્રાપ્ત થતું સાર્મથ્ય એ વિકાસ છે. દા.ત.સ્નાયુની વૃદ્ધિ બાદ બ્રેક મારતા શીખવું. હરલોકના મતે "વિકાસ એ ગુણાત્મક ફેરફાર છે, પરિપક્વતાના લક્ષ્ય તરફ  લઈ જતા ક્રમબદ્ધ, સુસંવાદી અને પ્રગત્યાત્મક ફેરફારને વિકાસ કહે છે."

વિકાસમાં થતા ફેરફારની ચોક્કસ દિશા હોય છે. વિકાસ ક્રમબદ્ધ અને સુસંવાદી છે. એટલે કે વિકાસની પ્રક્રિયામાં એક તબક્કા પછી બીજો, પછી ત્રીજો એ ક્રમ જોવા મળે છે. જેમ કે બાળક ગબડે, ઘૂંટણિયે પડે, ટેકો દઈને ઊભા રહેતા શીખે, પછી ચાલતાં, દોડતાં, કૂદતાં શીખે છે. આ રીતે વિકાસની પ્રક્રિયામાં એક પછી એક એમ ક્રમ જોવા મળે છે. સમગ્ર દેહતંત્રમાં થતા ફેરફારને વિકાસ કહે છે.

વિકાસ વિશેની સમજૂતીને આધારે નીચેના લક્ષણો ફલિત થાય છે:

- વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે.
- વિકાસ વર્તનમાં થતાં ફેરફાર સાથે જોડાયેલ છે.
- વિકાસ એ ગુણાત્મક ફેરફાર સૂચવે છે.
- વિકાસ ચોક્કસ અને ક્રમબદ્ધ  હોય છે.
- વિકાસ સર્વાંગી સાંગોપાંગ ફેરફાર સૂચવે છે.
- વિકાસ પર શિક્ષણ અને તાલીમની અસર પડે છે.

### 1.3.3 પરિપક્વતાની સંકલ્પના

વૃદ્ધિ અને વિકાસની મહત્તમ કક્ષા એટલે પરિપક્વતા. પરિપક્વતાને કારણે જ બાળકમાં વિવિધ પ્રકારનાં વર્તનો શીખવાની તત્પરતા આવે છે. ગર્ભાધાનથી ક્રમશ: બાળકની વૃદ્ધિ શરુ થઈ ક્રમશઃ પુખ્તવયે તે ચરમસીમાએ પહોંચે છે. "કોઈપણ પ્રકારની તાલીમ કે અનુભવથી નિરપેક્ષપણે થતી વિકાસની ઘટનાને પરિપક્વતા કહે છે" .દા.ત., સોની સોનાને પ્રમાણસર ગરમ કર્યા પછી જ યોગ્ય ઘાટ આપી શકે

છે. તે જ રીતે બાળકમાં પરિપક્વતાનાં લક્ષણો દેખાવા લાગે ત્યારે જ તેને તાલીમ આપવામાં આવે તો તેની શીખવાની ક્રિયા ઝડપી બને છે. બાળક જે જે ઉંમરે, જે–તે કાર્ય કરવા માટે શારીરિક અને માનસિક રીતે તૈયાર હોય, ત્યારે તે તે કાર્ય કરવા માટે બાળક પરિપક્વ છે એમ કહી શકાય. આમ, પરિપક્વતા એટલે આનુવંશિક લક્ષણોનું ચોક્કસ ઉંમરે આપમેળે થતું પ્રગટીકરણ કે જે બાળકની કાર્ય કરવા માટેની વિકાસની પુખ્તતા દર્શાવે છે.

### 1.3.4 વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત

વૃદ્ધિ અને વિકાસનો અર્થ સમજ્યા બાદ બન્ને વચ્ચેના તફાવતને સ્પષ્ટ કરીએ:

| | વૃદ્ધિ | | વિકાસ |
|---|---|---|---|
| 1. | શારીરિક ફેરફાર સાથે સંબંધિત છે. | 1. | શારીરિક ઉપરાંત માનસિક ફેરફાર સાથે સંબંધિત છે. |
| 2. | મહદ્અંશે વારસા પર આધારિત છે. | 2. | વારસા ઉપરાંત વાતાવરણ પર આધારિત છે. |
| 3. | સહજ અને સરળ પ્રક્રિયા છે. | 3. | સંકુલ અને જટિલ પ્રક્રિયા છે. |
| 4. | ભૌતિક માપ પદ્ધતિથી માપન થઇ શકે છે. દા.ત., ઉંચાઇ, વજનનું માપન | 4. | મનોવૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા માપન થઇ શકે છે. દા.ત., બુદ્ધિનું માપન, સ્મૃતિનું માપન |
| 5. | વૃદ્ધિ અમુક ઉંમરે અટકી જાય છે. | 5. | વિકાસ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. |
| 6. | વૃદ્ધિ એ વિકાસની પૂર્વશરત છે. દા.ત., સ્નાયુની વૃદ્ધિ | 6. | વિકાસ એ વૃદ્ધિની અનુગામી ઘટના છે. દા.ત., બ્રેક મારતા શીખવું |
| 7. | પ્રમાણાત્મક ફેરફાર છે. | 7. | ગુણાત્મક ફેરફાર છે. |
| 8. | શરીરના કોઇ એક અંગ વિશેનો એકાંગી ફેરફાર સૂચવે છે. | 8. | વિકાસ સર્વાંગી–સાંગોપાંગ ફેરફાર સૂચવે છે. |
| 9. | બાહ્ય ક્ષમતાઓ સાથે વિશેષ સંબંધ છે. | 9. | આંતરિક ક્ષમતાઓ સાથે વિશેષ સંબંધ છે. |
| 10. | શરીરના વજન, કદ અને આકારમાં થતો વધારો એટલે વૃદ્ધિ | 10. | પરિપક્વતાના લક્ષ્ય તરફ લઇ જતો ક્રમબદ્ધ, સુસંવાદી અને પ્રગત્યાત્મક ફેરફાર એટલે વિકાસ |

**પ્રગતિ ચકાસો :**

- **શરીરમાં થતા પ્રમાણાત્મક ફેરફારને શું કહેવાય ?**
- **વિકાસની લાક્ષણિકતાઓ સમજાવો.**
- **શિક્ષણ પરિપક્વતા બાદ જ આપવું જોઇએ ? શા માટે ?**
- **વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત લખો.**

### 1.3.5 વિકાસના સિદ્ધાંતો

દરેક બાળકમાં વિકાસની પ્રક્રિયા લગભગ સમાન જોવા મળે છે. વિકાસ ક્રમિક અને તબક્કાવાર થતો હોવાથી વિકાસની આગાહી કરી શકાય છે. વિકાસની પ્રક્રિયામાં કેટલાક મૂળભૂત સિદ્ધાંતો જોવા મળે છે.

- વિકાસ ચોક્કસ તરેહ પ્રમાણે થાય છે.
- વિકાસની પ્રક્રિયા ઉપરથી નીચેની તરફ એટલે કે મસ્તકથી ધડ તરફ થાય છે.
- વિકાસની પ્રક્રિયા કેન્દ્ર(મધ્યભાગ)થી પરિઘ (છેડા) તરફ થાય છે.
- વિકાસની પ્રક્રિયા સામાન્યથી વિશિષ્ટ તરફ થાય છે.
- વિકાસ એ જન્મથી મૃત્યુ સુધી સતત ચાલતી પ્રક્રિયા છે.
- વિકાસ અને વૃદ્ધિ એકબીજા પર આધારિત છે.
- વિકાસની પ્રક્રિયામાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે.
- વિકાસની પ્રક્રિયા પરાવલંબનથી સ્વાવલંબન તરફ હોય છે.

**જાણવા જેવું : (માત્ર માહિતી હેતુ)**

**જીન પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત**

સ્વિસ મનોવિજ્ઞાની જીન પિયાજેએ આપેલ જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. જીન પિયાજે શૈશવથી તરુણાવસ્થા સુધીના બૌદ્ધિક – વિકાસ પર ભાર મૂકે છે. પિયાજેએ જન્મથી પંદર વર્ષ સુધીમાં થતા બૌદ્ધિક વિકાસની ચાર અવસ્થાઓ ગણાવી છે. બાળક (1) જન્મથી બે વર્ષની ઉંમર સુધીમાં ઇન્દ્રિય અનુભવોથી જ્ઞાન મેળવે છે. તેના બૌદ્ધિક વિકાસમાં માનસિક પ્રક્રિયા મહત્વની ભૂમિકા ભજવે છે. (2) બેથી સાત વર્ષની ઉંમરના ગાળામાં બાળક ભૌતિક જગતને આત્મકેન્દ્રી રીતે જુએ છે અને વિચારે છે. (3) સાતથી બાર વર્ષની ઉંમર દરમિયાન બાળકમાં વાસ્તવિકતાનું ભાન થાય છે. (4) બારથી પંદર વર્ષના ગાળામાં અમૂર્ત ખ્યાલો, સિદ્ધાંતો, તર્ક સંબંધો વગેરે સમજી શકે તેટલો બૌદ્ધિક વિકાસ થઇ જાય છે. પિયાજે જ્ઞાનાત્મક વિકાસને કેન્દ્રમાં રાખી વિકાસની પ્રક્રિયાની સમજૂતી આપે છે જે આ ચાર અવસ્થાઓ પરથી જોઈ શકાય છે.

### 1.3.6 વિકાસના વિવિધ તબક્કાઓ

વિકાસ જન્મથી મૃત્યુ સુધી સતત ચાલ્યા કરે છે. વિકાસની ગતિ એકસરખી રહેતી નથી. અમુક ઉંમરના ગાળામાં વિકાસની ગતિ ઝડપી હોય છે. તો અમુક ઉંમરના ગાળામાં આ ગતિ ધીમી પડે છે. “આ અમુક વર્ષોનો ગાળો કે જેમાં વિકાસની ગતિમાં એક તરેહ કે સાતત્ય જોવા મળે છે તેને વિકાસની અવસ્થા કે તબક્કાઓ તરીકે ઓળખવામાં આવે છે”. જોકે વિકાસ એ સતત ચાલતી એક જટિલ પ્રક્રિયા છે. એક તબક્કો પૂરો થાય પછી બીજો તબક્કો શરુ થાય તેવું કંઇ વ્યવહારમાં બનતું નથી, પરંતુ અભ્યાસની સરળતા ખાતર મનોવૈજ્ઞાનિકોએ વિકાસના નીચેના જેવા તબક્કાઓ દર્શાવેલા છે.

**1.3.6.1 જન્મ પૂર્વેની અવસ્થા (Prenatal Stage): (બીજ ધારણથી જન્મ સુધી)**

**1.3.6.2 શૈશવ (Infancy): (જન્મથી બીજા અઠવાડિયાના અંત સુધી)**

**1.3.6.3 બાલ્યાવસ્થા (Babyhood):(બીજા અઠવાડિયાના અંતથી બીજા વર્ષના અંત સુધી)**

આ અવસ્થામાં બાળક બાહ્ય વાતાવરણ સાથે અનુકૂલન સાધે છે. પ્રથમ શ્વસન ક્રિયા, તાપમાન, ત્યારબાદ ચુસવાની અને ગળવાની ક્રિયા તેમજ મળોત્સર્ગની ક્રિયા સાથે અનુકૂલન સાધે છે. ઊંધા પડવું, ગબડવું, બેસવું, ચાલવું, ઊઠવું, ખાવું–પીવું કે પોતાની જરુરિયાત બીજાને સમજાય તે માટે ભાષા (સંકેતો) નો ઉપયોગ કરવો વગેરેનો બાબતોનો સમાવેશ થાય છે. જેની વિગતે ચર્ચા એકમ–2 અંતર્ગત 2.5.1માં કરીશું.

**1.3.6.4. પ્રારંભિક બાલ્યાવસ્થા (Early Childhood) : (2 વર્ષથી 6 વર્ષ સુધી)**

બે વર્ષથી છ વર્ષના સમયગાળાને પૂર્વ બાલ્યાવસ્થા ગણવામાં આવે છે. આ ગાળામાં બાળકમાં શારીરિક અને ભાષાકીય વિકાસ જોવા મળે છે. વાર્તા યાદ રાખીને બોલી શકે છે. હાથ અને આંગળીના સ્નાયુઓના વિકાસને કારણે લખવાનું, દોરવાનું કાર્ય કરી શકે છે અને તેથી જ શાળામાં પ્રવેશ મેળવે છે. આ અવસ્થા દરમિયાન બાળકમાં જિજ્ઞાસાવૃત્તિ તીવ્ર હોય છે, તે પ્રશ્નો ખૂબ પૂછે છે માટે આ ઉંમરને “પ્રશ્ન પૂછવાની ઉંમર” તરીકે પણ ઓળખવામાં આવે છે. લૈંગિક તફાવત અને સારાનરસાનો ખ્યાલ પણ આ અવસ્થામાં વિકસે છે.

**1.3.6.5. ઉત્તર–બાલ્યાવસ્થા(Late childhood) : (6 વર્ષથી 12 વર્ષ સુધી)**

છ થી બાર વર્ષના સમયગાળાને ઉત્તર બાલ્યાવસ્થા ગણવામાં આવે છે. આ ગાળામાં શારીરિક વિકાસની પ્રક્રિયામાં થોડીક સ્થિરતા જોવા મળે છે. બાળક શાળામાં જતું હોવાથી શાળાના વાતાવરણ દ્વારા શિસ્ત, વલણો અને વર્તનમાં ફેરફાર કરતાં શીખે છે. શાળામાં યોજાતી ઇત્તર પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ કૌશલ્યો તેનામાં વિકાસ પામે છે. આ અવસ્થા દરમિયાન મિત્રોનું સ્થાન તેમના જીવનમાં વધુ હોવાથી આ અવસ્થાને “ટોળાની ઉંમર” પણ કહે છે.

**1.3.6.6. તરુણાવસ્થા (Adolescence): (12 વર્ષથી 21 વર્ષ સુધી)**

તરુણાવસ્થાના આ ગાળાને નીચે મુજબના પેટા તબક્કામાં વહેંચવામાં આવે છે.

- **પૂર્વ–તરુણાવસ્થા (Pre Adolescence) (બાર વર્ષથી ચૌદ વર્ષ સુધી)**
- **પ્રારંભિક–તરુણાવસ્થા (Early Adolescences) : (ચૌદ વર્ષથી સત્તર વર્ષ સુધી)**
- **ઉત્તર–તરુણાવસ્થા (Later Adolescence) : (સત્તર વર્ષથી એકવીસ વર્ષ સુધી)**

તરુણાવસ્થા દરમિયાન થતા વિકાસની તરેહને સમજીએ.

તરુણાવસ્થાનો ગાળો તેર વર્ષથી એકવીસ વર્ષ સુધીનો ગણવામાં આવે છે. તરુણાવસ્થા એટલે ઉત્સાહ, આશા અને કલ્પનાઓનો અસ્ખલિત ફુવારો .નીત નવાં શીખરો આંબવાની ધગશ, તેની વિચારસૃષ્ટિ અને કલ્પનાશક્તિ બધું જ તેનું પોતાનું આગવું હોય છે. ભાવિ યુવાશક્તિના ઘડતરનો સમય તરુણાવસ્થા છે. આ અવસ્થાને સક્રાંતિકાળ પણ કહે છે. તરુણાવસ્થા દરમિયાન નોંધપાત્ર શારીરિક–માનસિક ફેરફારો જોવા મળે છે.

આ ગાળામાં વિજાતીય આકર્ષણ જોવા મળે છે. દેખાવ પ્રત્યેની સભાનતા અને અન્ય પર પ્રભાવ પાડવાના પ્રયત્નો કરે છે. જેને પોતાના મનનો હિરો – આદર્શ (Ego Ideal) માને છે તેની પ્રશંસા કરવી, તેનું અનુકરણ કરવાની વૃત્તિ એટલે કે વિરપૂજા તેનામાં જોવા મળે છે. તરુણાવસ્થામાં કલ્પનાશીલતા અને અતિ લાગણીશીલતા જોવા મળે છે. બૌદ્ધિક કૌશલ્યના વિકાસ સાથે જાતિગત ભૂમિકા આ ગાળામાં શીખે છે. સ્વાવલંબન અને સ્વાતંત્ર્ય માટેની તીવ્ર ઝંખના જોવા મળે છે. કારકિર્દી, લગ્ન અને કુટુંબ જીવનની પૂર્વતૈયારી આ ગાળામાં જોવા મળે છે. તરુણાવસ્થા સંઘર્ષ, હતાશા અને મૂંઝવણનો ગાળો હોઈ આ અવસ્થામાં તરુણને માતાપિતા અને શિક્ષક તરફથી મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન મળે તે ખૂબ જ જરુરી છે.

**1.3.6.7. પુખ્તાવસ્થા અથવા યુવાવસ્થા (Adulthood): (21 વર્ષથી 40 વર્ષ સુધીનો સમયગાળો)**

યુવાવસ્થાનો ગાળો એકવીસ વર્ષથી ચાલીસ વર્ષ સુધીનો ગણવામાં આવે છે. આ સમયગાળામાં શારીરિક અને બૌદ્ધિક પરિપક્વતા જોવા મળે છે. કાંઇક સિદ્ધ કરવાની પ્રેરણા પણ આ ઉંમરે જ જોવા મળે છે અને તેથી જ મહાન શોધકો, સર્જકો અને વૈજ્ઞાનિકોએ આ ગાળા દરમિયાન જ વિશિષ્ટ કાર્યો કર્યા છે. વ્યવસાય અને લગ્ન બાદ કૌટુંબિક જવાબદારી સાથે સામાજિક રીતે પરિપક્વતા ખૂબ જ વિકસે છે.

**1.3.6.8. પ્રૌઢાવસ્થા (Middle Age) : (૪૦ વર્ષથી ૬૦ વર્ષ સુધીનો સમયગાળો)**

પ્રૌઢાવસ્થાનો સમયગાળો ચાલીસ વર્ષથી સાઇઠ વર્ષ સુધીનો ગણવામાં આવે છે. આ અવસ્થામાં વ્યક્તિ સફળતાને ટકાવવાનો પ્રયાસ કરે છે. વ્યક્તિમાં શારીરિક–માનસિક શક્તિમાં ઘટાડો જોવા મળે છે.

**1.3.6.9. વૃદ્ધાવસ્થા (Old Age) : (૬૦ વર્ષ પછીનો સમયગાળો)**

સાઠ વર્ષ પછીના ગાળાને વૃદ્ધાવસ્થા ગણવામાં આવે છે. શક્તિ, સ્મૃતિ અને રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો જોવા મળે છે. લાગણીશીલતા વધુ જોવા મળે છે. ભૂતકાળની વાતો વધુ કરે છે. આર્થિક અસલામતી અને સમય કેમ પસાર કરવો એ પણ વૃદ્ધાવસ્થાની એક સમસ્યા છે. જો યુવાવસ્થામાં યોગ્ય આયોજન કર્યું હોય તો વૃદ્ધાવસ્થા સારી રીતે પસાર કરી શકાય છે.

**જાણવા જેવું : (માત્ર માહિતી હેતુ)**

**વિકાસની અવસ્થાઓ વિશેનો ભારતીય ખ્યાલ (Indian View of Stages of Development) :**

હિન્દુશાસ્ત્રો પ્રમાણે જીવન વિકાસની મુખ્ય ચાર અવસ્થાઓ છે. જન્મથી મૃત્યુ સુધીમાં જીવન દરમિયાન જે કાર્યો કરવાના હોય છે. તેને લક્ષમાં રાખીને અવસ્થાઓ નક્કી કરવામાં આવી છે.

**બ્રહ્મચર્યાશ્રમ :** આ જન્મથી 25 વર્ષનો સમયગાળો છે. એમાં વ્યક્તિએ જ્ઞાન પ્રાપ્ત કરવાનું, જીવન જીવવા માટે અને આર્થિક ઉપાર્જન અંગેનું કૌશલ્ય પ્રાપ્ત કરવાનું હોય છે.

**ગૃહસ્થાશ્રમ :** 26 થી 50 વર્ષનો સમયગાળો છે. બ્રહ્મચર્યાશ્રમમાં શિક્ષણ મેળવ્યા બાદ ગૃહસ્થાશ્રમ શરુ થાય છે. લગ્ન કરવાં, બાળક પ્રાપ્ત કરવાં, બાળકનો ઉછેર કરવો, આર્થિક ઉપાર્જન કરવું, સંતાનોને જીવન જીવવા માટે તૈયાર કરી તેમને ઘરની જવાબદારી સોંપવાની હોય છે.

**વાનપ્રસ્થાશ્રમ :** વાનપ્રસ્થાશ્રમનો સમયગાળો 51 થી 75 વર્ષનો ગણાય છે. એમા વ્યક્તિ સંસારનો માનસિક રીતે ત્યાગ કરતો જાય છે. સંસારની જવાબદારી છોડી, સંતાનોને સોંપી, સંસારમાં રહીને ત્યાગ અને ઈશ્વર પ્રત્યેનો અભિગમ તેમજ સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરવાનો છે.

**સંન્યાસાશ્રમ :** 76 વર્ષથી મૃત્યુ સુધીનો સમયગાળો ગણાય છે. આ ગાળામાં પ્રભુ ભક્તિમાં લીન થવું. સાંસારિક બંધનોમાંથી મુક્ત થવું. યોગ ધ્યાન કરી પ્રભુમય જીવન જીવવાનું હોય છે.

### 1.3.7. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થા અનુરુપ શૈક્ષણિક ફલિતાર્થો

વિવિધ અવસ્થાઓના વિકાસની તરેહ–લાક્ષણિકતાને ધ્યાનમાં લઇ શિક્ષણ કાર્ય કરાવવાથી વધુ સફળતા પ્રાપ્ત કરી શકાય છે. વિવિધ અવસ્થાને અનુરુપ શિક્ષણ કાર્ય કરાવવામાં કઇ કઇ બાબત ધ્યાનમાં લેવી જોઇએ તેની સમજૂતી મેળવીએ.

**બાલ્યાવસ્થાને અનુરુપ શૈક્ષણિક ફલિતાર્થો :**

- અનુકરણથી બાળક આ અવસ્થામાં ઘણું બધું શીખે છે, માટે વડીલોએ તેમજ શિક્ષકોએ આદર્શ વર્તન પૂરું પાડી, યોગ્ય બાબતો શીખવવી જોઇએ, તેમજ આદર્શપાત્રોનો પરિચય આપવો જોઇએ.
- બાળકના આત્મનિર્ભર બનવાના તમામ પ્રયત્નોની નોંધ લઇ, તેને બિરદાવવો જોઇએ.
- બાળકના શિસ્તના પ્રશ્નો દૂર કરવા, તેની રસ–રુચિને ધ્યાનમાં લઇ શિક્ષણ કાર્ય કરવું જોઇએ.
- આ ઉંમરના બાળકોમાં રમત પ્રત્યે વિશેષ રસ હોય છે. માટે જ્ઞાન સાથે ગમ્મત મળે તેવું આયોજન કરવું જોઇએ.
- બાળક વૃત્તિ પ્રધાન છે તે પોતાના વર્તન પર નિયંત્રણ ધરાવતા નથી. અમુક વર્તન વારંવાર કરતાં હોય છે ત્યારે તેને દમન કે ધમકીને બદલે સમજપૂર્વક અને ધીરજપૂર્વક સુધારવા પ્રયત્નો હાથ ધરવા જોઇએ.
- કલ્પનાશક્તિ અને જિજ્ઞાસાવૃત્તિના વિકાસ માટે વાર્તાઓ અને બાળગીતના માધ્યમ દ્વારા શિક્ષણ આપવું જોઇએ.
- ‘આવુ ન કરાય’ – તેવા નકારાત્મક સૂચનોને બદલે ‘આમ કરાય’ તેવા હકારાત્મક સૂચનો દ્વારા બાળકોને પ્રેરણા પૂરી પાડવી જોઇએ.
- બાળક ઘરનું હુંફાળું વાતાવરણ છોડી, શાળાએ આવે છે ત્યારે અસહાયપણું અનુભવે છે માટે તેની સાથે પ્રેમપૂર્વક અને લાગણીથી કામ પાર પાડવું જોઇએ.
- ચેષ્ટાકીય કૌશલ્યના વિકાસ અને લડાયકવૃત્તિના ઊર્ધ્વીકરણ માટે વિવિધ રમત–ગમતો અને સ્પર્ધાઓનું આયોજન કરવું જોઇએ.
- પ્રશંસા એ આ ઉંમરના બાળકો માટે ટોનિક જેવું કાર્ય કરે છે. બાળકની જરુરી પ્રશંસા કરી, તેને સતત પ્રોત્સાહન પૂરું પાડવું જોઇએ.

- કોમળભાવોને સ્પર્શતી આ અવસ્થા સાથે કામ પાર પાડવા માટે શિક્ષકે બાળક બની, બાળકની નિર્દોષ લાગણીઓને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમજવી જોઇએ.

**તરુણાવસ્થાને અનુરુપ શૈક્ષણિક ફલિતાર્થો :**

- જાતિયવૃત્તિ, ક્રોધ અને ભય જેવા સંવેગોના ઊર્ધ્વીકરણ માટે બાળકને કલા, સાહિત્ય અને રમત–ગમત તરફ અભિમુખ કરવો જોઇએ.
- તરુણો સામે સારા આદર્શ રજૂ કરવાથી તે આદર્શ પ્રતિભા (Ego Ideal) તરીકે તેનો સ્વીકાર કરી, તેના જેવી પ્રતિભા વિકસાવે તે માટે તેને પ્રેરિત કરવો જોઇએ.
- તરુણના વિચિત્ર લાગતા વર્તનથી પૂર્વગ્રહિત થવાને બદલે તેની લાગણીઓને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમજવાનો પ્રયાસ કરવો જોઇએ.
- વિજાતીય વ્યક્તિ પ્રત્યેના તેના વ્યવહારને શંકાની દ્રષ્ટિએ ન જોતાં, આ બાબતે તેમનામાં તંદુરસ્ત દ્રષ્ટિકોણ વિકસે તેવા પ્રયાસો કરવા જોઇએ.
- મનોશારીરિક ફેરફાર અને ભાવિ કારકીર્દીને લગતી અનેક મૂંઝવણોના આ કટોકટીના ગાળાને શિક્ષક અને વાલીએ સહિયારા પ્રયત્નોથી સમજી, તેની સમસ્યા ઉકેલવાના પ્રયાસો કરવા જોઇએ.

**પ્રગતિ ચકાસો**

- **કઇ અવસ્થાને 'પ્રશ્ન પૂછવાની ઉંમર' તરીકે ઓળખવામાં આવે છે ? શા માટે?**
- **કઇ અવસ્થાને 'સંક્રાંતિકાળ' તરીકે અળખવામાં આવે છે ? શા માટે?**
- **બાલ્યાવસ્થાને અનુરુપ કોઇ બે શૈક્ષણિક ફલિતાર્થો લખો.**

## 1.3.8 વિકાસને અસર કરતાં પરિબળો (વારસો અને વાતાવરણ)

### 1.3.8.1. વારસો (Heredity)

માતાપિતા અને બાળકમાં જે કંઇ સમાનતા જોવા મળે છે તે વારસો એવું માનવામાં આવે છે, પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ "ગર્ભાધાન સમયે બાળકને માતાપિતા દ્વારા પ્રાપ્ત રંગસૂત્રોમાં રહેલા જનીનતત્વો જે બાળકોના શારીરિક માનસિક લક્ષણો નક્કી કરે છે તેને વારસો કહે છે."

બાળકને માતાપિતા તરફથી વારસામાં જનીનતત્વો મળે છે. આ જનીનતત્વો બાળકના મનોશારીરિક લક્ષણો નક્કી કરે છે. બાળકનો દેખાવ, ચામડીનો રંગ, વાળનો રંગ, બ્લડગ્રુપ, ઊંચાઇ વગેરે વારસા પર આધારિત છે.

વારસાની અસર જાણવા માટે એકદળ જોડિયા બાળકો પર પ્રયોગો થયા છે. એમાંથી એટલું ચોક્કસપણે જાણવા મળ્યું છે કે, વારસો ફક્ત જનીનતત્વોનો જ હોય છે. આ જનીનતત્વો શરીરના રુપ રંગ, આકાર, બાંધો, ઊંચાઇ વગેરે નક્કી કરે છે. ઊંચાઇ પણ મોટાભાગે વારસાગત છે.

ફ્રાન્સિસ ગાલ્ટને પોતાનાં 'Hereditary Genius' પુસ્તકમાં જણાવ્યું છે કે વ્યક્તિના વિકાસમાં વારસાગત લક્ષણો મહત્વનો ફાળો આપે છે. આમ ઘણા વારસાવાદી મનોવૈજ્ઞાનિકો વિકાસની પ્રક્રિયામાં વારસાને ખૂબ જ મહત્વ આપે છે.

### 1.3.8.2 વાતાવરણ (Atmosphere)

વાતાવરણ માટે પર્યાવરણ શબ્દ પણ વપરાય છે. પરંતુ મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ વાતાવરણનો અર્થ એટલે ભૌગોલિક વાતાવરણ થતો નથી, પરંતુ "ગર્ભાધાનથી મૃત્યુ સુધી અસર કરતાં તમામ પરિબળો, પરિસ્થિતિઓ કે ઘટનાને વાતાવરણ તરીકે ઓળખવામાં આવે છે." સામાન્ય રીતે વાતાવરણના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.

**આંતરિક વાતાવરણ :** ચયાપચયની પ્રક્રિયા, ઉત્સેચકો, વિટામીન, હોજરીના આકુંચન-પ્રસરણ, વિચારક્રિયા વગેરે આંતરિક વાતાવરણનો ભાગ છે.

**બાહ્ય/ભૌતિક વાતાવરણ :** આપણી આજુબાજુના ભૌતિક પદાર્થો, વૃક્ષ, મકાન, સૂર્ય, વરસાદ, ઠંડી–ગરમી વગેરેનો સમાવેશ ભૌતિક વાતાવરણમાં થાય છે.

**સામાજિક વાતાવરણ :** અન્ય વ્યક્તિની હાજરીથી આપણું વર્તન બદલાય છે. કુટુંબ, જ્ઞાતિના રિવાજો, શાળાનું વાતાવરણ વગેરે સામાજિક વાતાવરણનો ભાગ છે.

આ ત્રણેય પ્રકારના વાતાવરણને સગવડ ખાતર જુદા પાડ્યા છે. બાકી ત્રણેય એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે.

વ્યક્તિની શારીરિક લાક્ષણિકતાઓ નક્કી કરવામાં વારસાની ભૂમિકા મહત્વની છે તેમજ માનસિક શક્તિના વિકાસમાં વાતાવરણની ભૂમિકા અગત્યની છે. મનોવૈજ્ઞાનિક વોટ્સન તો ત્યાં સુધી કહે છે કે, "મને એક ડઝન તંદુરસ્ત બાળકો આપો અને તમે તેને કહો તેને ડૉક્ટર, વકીલ, ઉદ્યોગપતિ, ચોર કે ભિખારી બનાવી દઉં, ભલે તેનો વારસો ગમે તેવો હોય".

સૉરેન્સ અને મામ કહે છે કે, "એ નક્કી કરવું ખરેખર મુશ્કેલ છે કે વ્યક્તિ પર વારસો અને વાતાવરણની ચોક્કસ અસર કેટલી છે વારસો અને વાતાવરણની અસરને જુદી પાડવાનું કામ ઘણું દુષ્કર છે".

વ્યક્તિત્વ વિકાસ માટે માત્ર વારસો કે માત્ર વાતાવરણ પર્યાપ્ત નથી, પરંતુ બંન્નેની જરુરિયાત છે. બંન્ને એકબીજાના વિરોધી નથી, પણ પરસ્પર પૂરક છે. ક્રો અને ક્રો જણાવે છે કે "વ્યક્તિનું ઘડતર માત્ર વારસાથી કે માત્ર વાતાવરણથી થતું નથી, પરંતુ બંનેની આંતરક્રિયાથી થાય છે."

ટૂંકમાં, આપણા માતાપિતા પાસેથી આપણે ચોક્કસપણે શારીરિક લાક્ષણિકતાઓ મેળવીએ છીએ. જ્યારે બીજી બાજુએ શીખવું, વર્તણૂંક અને વ્યક્તિત્વ એ આપણે વાતાવરણમાંથી વધુ પ્રાપ્ત કરીએ છીએ. આ બન્નેની આંતરક્રિયાથી જ મનુષ્યનો વિકાસ જોવા મળે છે.

**જાણવા જેવું : (માત્ર માહિતી હેતુ)**

હોર્ને(1983,85) 300 દત્તક બાળકો, તેમનાં વાસ્તવિક માતાપિતા અને પાલક માતાપિતાના બુદ્ધિઆંકનો અભ્યાસ કર્યો હતો. તેના પરથી તેણે તારવ્યું કે વાતાવરણ અને આનુવંશિકતા બંન્ને બુદ્ધિ નક્કી કરનારા અગત્યનાં પરિબળો છે. જોકે કેટલાક કિસ્સાઓમાં બુદ્ધિ પર જનીનની અસર પર્યાવરણની સરખામણીમાં વધુ હતી. બુદ્ધિના નિર્ણાયક તરીકે વારસો અને વાતાવરણ બંન્ને અગત્યના છે તે પરિણામને અનુમોદન ઘણા અભ્યાસના પરિણામોએ આપ્યું છે.

રશિયન મનોવૈજ્ઞાનિકો બુદ્ધિ પર વાતાવરણની અસરને વિશેષપણે સ્વીકારે છે. તેઓએ આ હકીકતને સ્વીકારીને સઘન તાલીમ દ્વારા બુદ્ધિઆંક વધારવાના પ્રયાસો હાથ ધર્યા છે. વોટર–બર્થ–વજન વિહીન સ્થિતિમાં શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે, તેનો ઉપયોગ બાળઉછેરમાં કરવામાં આવે છે. તેઓ 50 બાળકોનો બુદ્ધિઆંક તાલીમ આપીને 200 જેટલો ઊંચો લઇ જવામાં સફળ થયા છે. બર્ટન વ્હાઇટના પુસ્તક First three years of life આ વિચારધારાને અનુમોદન આપે છે.

અમેરિકામાં ખાસ શાળાઓ – 'Elite School' 'Better baby's institute' ભારતમાં મુંબઇનું 'Centre for gifted', પુનાની 'જ્ઞાન પ્રબોધિની શાળા' વગેરે આ વિચારધારા પર અસ્તિત્વમાં આવેલી છે.

### 1.3.9 વાલી અને શિક્ષકોની બાળકોના વિકાસમાં ભૂમિકા

આપણે વાલી અને શિક્ષકોની બાળકોના વિકાસમાં તેની ભૂમિકા વિશેની માહિતી પ્રાપ્ત કરીએ.

#### 1.3.9.1. બાળકના વિકાસમાં વાલીની ભૂમિકા

આજના યુગમાં ભાવિપેઢીનું જતન વાલીઓ, માતાપિતા માટે એક પડકારરુપ છે. વિજ્ઞાન અને જગતની વિભિન્ન શોધો બાળમાનસને આશ્ચર્યમાં ગરકાવ કરે છે ને કંઇક અંશે જીવનમાં મદદરુપ થાય છે. પરંતુ આખરે બાળકના વિકાસમાં સૌથી મહત્વનો ભાગ ભજવે છે વાલી કે માતાપિતા. કહેવાય છે કે ઘર જેવી અમૂલ્ય પાઠશાળા બીજી એકપણ નથી. માતા એ શ્રેષ્ઠ શિક્ષક છે. પિતા શ્રેષ્ઠ આચાર્ય છે. બાળકનો સૌથી વધુ સંબંધ તેના માતાપિતા, ભાઇ બહેનો અને અન્ય કુટુંબીજનો અને ઘર સાથે જ હોય છે. બાળકના મન પર જાણે અજાણે ઘરના વાતાવરણની અસર ખૂબ થાય છે. એટલું જ નહિ પણ બાળક જ્યારે માતાના ઉદરમાં હોય છે ત્યારે પણ આ અસરથી મુક્ત નથી. બાળક જન્મતાંની સાથે જ પોતાની પંચેન્દ્રિયોથી વિકાસ સાધવાનું શરુ કરી દે છે. આ વિકાસ માટે વાલી / માતાપિતાએ બાળક વિકાસ સાધી શકે તેવું વાતાવરણ નિર્માણ કરવાનું હોય છે. વાતાવરણ નિર્માણ કરવા માટે સૌથી પહેલી જરુર રહેશે 'આદર્શ ઘર' બનાવવાની, આદર્શઘર કે જેમાં બાળકને પ્રેમ, પ્રોત્સાહન, હુંફ, યોગ્ય સંસ્કાર મળી રહે.

- માતાપિતા અને પાલક વચ્ચે સુસંવાદિતા હોય, અરસ–પરસ પ્રેમ, માન હોય.
- બાળકેન્દ્રી ઘર હોય, અર્થાત ઘરની વ્યવસ્થા, ગોઠવણમાં બાળકને ધ્યાનમાં રાખવામાં આવે. ઉદાહરણરુપે બાળક જાતે લઇ શકે તેવી પાણીની વ્યવસ્થા, પોતાનાં કપડાં જાતે લઇ મૂકી શકે તેવી ઊંચાઇએ હોય, બાળકના રમકડાં બાળક જાતે લઇ શકે તેવી વ્યવસ્થા હોય.
- મૂલ્ય શિક્ષણ ઘરમાંથી જ પ્રાપ્ત થાય તેવું આચરણ હોય, માતા–પિતા કે વાલી બાળકના 'આદર્શ' હોય છે. બાળક જેવું જોશે, સાંભળશે તેવું જ અનુકરણ કરશે.

મનોવૈજ્ઞાનિકો ત્રણ થી છ વર્ષના સમયગાળાને 'અનુકરણના કાળ' તરીકે ઓળખાવે છે. આ વય દરમ્યાન બાળક સૌથી વધુ અનુકરણ દ્વારા જ શીખે છે. માતા–પિતા જાહેર સ્થળો સ્વચ્છ રાખવામાં નિયમોનું પાલન કરતાં હશે તો બાળક એ નિયમનું પાલન કરવા પ્રેરાશે. માતા–પિતા સત્ય બોલવાનો આગ્રહ રાખતા હશે તો બાળક તે શીખશે.

બાળકના સર્વાંગી વિકાસમાં માતા–પિતાની ભૂમિકા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

- **શારીરિક વિકાસ :** શારીરિક વિકાસને પોષક બને તેવી પ્રવૃત્તિઓ ઘરમાં, શેરીમાં બાળકને આપવી જેવી કે માટી ગુંદવી, લોટ ગુંદવો, પાણીમાં રમવું, રેતીમાં રમવું વગેરે નાના–મોટા સ્નાયુઓના વિકાસની પ્રવૃત્તિ આપવી.
- **માનસિક વિકાસ :** માનસિક વિકાસને પોષવા માટે સમસ્યા અને તેનો ઉકેલ જાતે મેળવે તેવી પ્રવૃત્તિઓ જેવી કે પઝલ, સામ્ય જોડ વગેરે કરાવવી.
- **ભાવનાત્મક વિકાસ :** ભાવનાત્મક વિકાસને પોષવા માટે વિવિધ પ્રસંગોએ બાળકોને સાથે રાખી કેવી રીતે લાગણીઓ પ્રગટ કરવી તે બતાવવું.
- **ભાષા વિકાસ :** ભાષા વિકાસ માટે બાળકને વિકાસના તબક્કાને ધ્યાનમાં રાખીને વાતચીત કરવી, હાલરડાં, બાળગીતો, જોડકણા, વાર્તાઓ વગેરે કહેવી.
- **સામાજિક વિકાસ :** સામાજિક વિકાસ માટે ઘરમાં એક સમયે સાથે ભેગા મળી ભોજન લેવું તેવો આગ્રહ કે નિયમ બનાવવો, બાળક સાથે સારો સમય વિતાવવો. બાળકને તેની સમવયના બાળકો સાથે વધુ સમય વિતાવવા દેવો. અર્થાત મિત્રો સાથે પ્રવૃત્તિઓ, રમતો કરવા દેવી. ટી.વી. કે કમ્પ્યુટર, મોબાઇલ જેવા ઉપકરણો પર રમવા કે જોવાનો સમય નિશ્ચિત કરી આપવો.
- બાળકના કોઇપણ સમસ્યારુપ વર્તનનું લેબલ ન કરવું. જેમ કે બાળક 'ખૂબ તોફાની' છે. બાળકના સમસ્યારુપ વર્તન અંગે કાઉન્સેલર કે મનોચિકિત્સકની સલાહ લેવી જોઇએ.
- બાળકના વિકાસના તબક્કાને ધ્યાનમાં રાખીને ઘરમાં કેટલીક પ્રવૃત્તિઓ આપવી જોઇએ જેવી કે, કુદકા મારવાની પ્રવૃત્તિ, અંતરાયો કુદવાની પ્રવૃત્તિ, મિનારો ગોઠવવો, કાચની વસ્તુઓની હેર–ફેર સાચવીને કરે તેવી પ્રવૃત્તિ, ચોકિયા રંગની મદદથી રંગપૂરણી કરવાની પ્રવૃત્તિ, પોતાનું નામ બોલવા માટે તૈયાર કરવા, બટન ખોલ–બંધ કરવાની પ્રવૃત્તિ, વાર્તાઓ જાતે ઘડી કાઢવાની છૂટ આપવી, દોરી બાંધવાની, ડાબા–જમણા ભેદ પારખી શકે તેવી પ્રવૃત્તિઓ આપવી.
- બાળકનો ઉછેર મનોવૈજ્ઞાનિક–સર્વાંગીણ સુસંવાદીત રીતે થાય તે પ્રમાણેનું વર્તન માતા–પિતા પાસેથી અપેક્ષિત છે.
- બાળકની જીદ અને આડોડાઇની ઉંમર હોવાથી તે બાબતે ધીરજ અને કુનેહથી કાર્ય લેવું.
- ઘરમાં બાળકને કરવાના સૂચનમાં એકસૂત્રતા સાચવવી.
- બાળકને ટોયલેટ ટ્રેનિંગ માટે તૈયાર કરવા.
- સતત પ્રશ્નો પુછવાની ટેવથી કંટાળ્યા વગર તેમને જવાબ આપવાની તૈયારી રાખવી અને જવાબ ન આવડતા હોય તો અન્યને પૂછીને જણાવવાની વાત કરવી.
- બાળક સાથે યોગ્ય સમય વિતાવવો. રોજ રાત્રે એક વાર્તા કે વાતચીત કે ગીત થાય તેવી પ્રવૃત્તિ કરવી.
- બાળકને પોતાની જાતનું રક્ષણ કરવા બાબતે પણ સતેજ કરવા.
- બાળકને પર્યાવરણ જાગૃતિ અને પ્રકૃતિ પ્રેમ માટેની પૂર્વતૈયારી આ ઉંમરથી જ કરાવવી જેવી કે પક્ષીઓને ચણ નાખવા, ઘરમાં પંખીઓના માળા માટેની વ્યવસ્થા કરવી, પશુઓને ખવડાવવું વગેરે.

- બાળકને માતૃભાષને સાથે–સાથે સહજ રીતે બીજી ભાષા શીખે એવું વાતાવરણ આપવું.
- બાળકને માર, લાલચ, ધમકાવવાથી દૂર રાખવા. બાળકને સ્વતંત્રતા–મુક્તતા આપવી, સ્વાવલંબી બનાવવું.

**1.3.9.2. બાળકના વિકાસમાં શિક્ષકની ભૂમિકા**

શિક્ષકે બાળકના વિકાસના તબક્કાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ આપવી.

**(1) શારીરિક વિકાસ :**

નાના, મોટા સ્નાયુઓની કેળવણી માટેની પ્રવૃત્તિઓ જેવી કે, જુદી–જુદી ચાલ, જુદા–જુદા પ્રકારની દોડ, જુદા–જુદા પ્રકારે કુદવું, જુદી–જુદી વસ્તુઓને ખેંચવી, ફેંકવાની પ્રવૃત્તિ, વસ્તુઓ પકડવી ઝીલવાની, ચઢવા–ઉતરવાની, ઉપાડવા–ઊંચકવાની, છલાંગ લગાવવી, દબાવવાની, ધકેલવાની, સંતુલન સાધવાની પ્રવૃત્તિઓ આપવી.

**(2) માનસિક વિકાસ**

એકાગ્રતાની પ્રવૃત્તિ, સ્મૃતિ સતેજ થાય, કલ્પનાશક્તિ ખીલે, નિર્ણય લઇ શકે, અનુમાન કરી શકે, વર્ગીકરણ કરે, નિરીક્ષણ કરી શકે, તુલના કરી શકે, નિમાર્ણ કરી શકે (સર્જન કરી શકે), પંચકેન્દ્રિય સાધનોની પ્રવૃત્તિઓ કરાવવી.

**(3) સાંવેગિક–આવેગિક વિકાસ**

હકારાત્મક–નકારાત્મક લાગણીઓને વ્યક્ત કરવા કાર્ડની પ્રવૃત્તિ, બાળગીત, બાળવાર્તા, બાળનાટક, સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવવી.

**(4) સામાજિક વિકાસ**

જીવન વ્યવહારની પ્રવૃત્તિઓ જેવી કે, મહેમાનને પાણી આપવું, થાળી પીરસવી વગેરે સમૂહ પ્રવૃત્તિઓ કરાવવી જેવી કે, સમૂહ કવાયત, ક્રીડાંગણ, પર્યટન, નાસ્તાની પ્રવૃત્તિ.

**(5) ભાષા વિકાસ**

ભાષા વિકાસના સાધનો જેવાં કે, સામ્યજોડ, પ્રાણી–પક્ષી કાર્ડનું વર્ગીકરણ, વાંચનની પૂર્વ તૈયારી અને લેખનની પૂર્વ તૈયારીની પ્રવૃત્તિ જેવી કે, પેટર્ન રાઈટીંગ, માટીકામ વગેરે.

આ ઉપરાંત સુટેવોના ઘડતર, ઊર્જા બચાવવા જેવી બાબતોની પ્રવૃત્તિ વ્યક્તિ–સમાજ–દેશપ્રેમ, માનવતા, સંબંધી વાર્તાઓ અને ચિત્રોનું પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓમાં બાળકને સામેલ કરવા.

**પ્રગતિ ચકાસો**

- **વારસો વિકાસ પર શું અસર કરે છે? સમજાવો.**
- **વાતાવરણ વિકાસ પર વારસાથી વધુ અસર કરે છે? હા કે ના જવાબ આપી તમારા મંતવ્યો જણાવો.**
- **વારસો અને વાતાવરણની આંતરક્રિયાનું વિકાસમાં મહત્વ સમજાવો.**
- **બાળકના વિકાસ માટે યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવા તમે શું ઉપાય કરશો ?**
- **બાળકના વિકાસમાં શિક્ષકની ભૂમિકા જો આપને ભજવવાની હોય તો આપ શું ધ્યાન રાખશો ?**

જાણવા જેવું : (માત્ર માહિતી હેતુ)

બાળક ટીકાઓ સાથે ઉછરે
તો તે નિંદા કરતાં શીખી લેશે.
બાળક ધિક્કાર સાથે ઉછરે
તો તે ઝઘડા કરતાં શીખી લેશે.
બાળક ઠેકડી સાથે ઉછરે
તો તે શરમાળ થતાં શીખી લેશે.
બાળક બેઆબરુ સાથે ઉછરે
તો તે ગુનાહીત ભાવ અનુભવતાં શીખી લેશે.
બાળક સહિષ્ણુતા સાથે ઉછરે
તો તે સહનશીલતાનો ગુણ કેળવશે.
બાળક પ્રોત્સાહન સાથે ઉછરે
તો તે આત્માવિશ્વાસનો ગુણ કેળવશે.
બાળક પ્રશંસા સાથે ઉછરે
તો તે કદર કરતાં શીખી લેશે.
બાળક ઉચિત વ્યહાર સાથે ઉછરે
તો તે ન્યાયી વલણ અપનાવતાં શીખી લેશે.
બાળક સલામતી સાથે ઉછરે
તો તે શ્રદ્ધા કેળવતાં શીખી લેશે.
બાળક સ્વીકૃતિ સાથે ઉછરે
તો તે સ્વ–આદર કેળવતાં શીખી લેશે
બાળક મૈત્રીભરી રીતે ઉછરે
તો તે દુનિયામાં પ્રેમની ખોજ કરતાં શીખી લેશે.

–ડોરો થી લો નોટ

## 1.4 સમગ્ર એકમનો સારાંશ

ઉપરોક્ત એકમમાં આપણે વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતાની સંકલ્પનાની સમજૂતી પ્રાપ્ત કરી. વિકાસની વિવિધ અવસ્થાઓ અને તે અવસ્થા દરમિયાન વ્યક્તિમાં જોવા મળતી લાક્ષણિકતાઓ અને વિકાસની તરેહને અભ્યાસ કર્યો. વૃદ્ધિ અને વિકાસની અવસ્થાઓના લક્ષણોને ધ્યાનમાં રાખી માતાપિતા અને શિક્ષક બાળકના વર્તનને સમજવાની કોશિશ કરે તો શિક્ષણની પ્રક્રિયા ઘણી સરળ બની શકે છે. જેની સમજૂતી આપણે શૈક્ષણિક ફલિતાર્થો દ્વારા પ્રાપ્ત કરી. આ ઉપરાંત વિકાસને અસર કરતાં પરિબળ તરીકે વારસો અને વાતાવરણની સમજૂતી મેળવી. સાથોસાથ આધુનિક સમયમાં બાળકના વિકાસમાં માતાપિતા અને શિક્ષકોએ કેવી ભૂમિકા ભજવવી જોઇએ તેના વિશેની વિસ્તૃત સમજૂતી પ્રાપ્ત કરી છે. આ

એકમની ખરી ફલશ્રુતિતો એ જ રહેશે કે તમે એક શિક્ષક તરીકે આ બધી બાબતનો તમારા વર્ગ વ્યવહારમાં ઉત્તમ રીતે ઉપયોગ કરતાં થાવ.

## 1.5 સમજ ચકાસતા પ્રશ્નો

**A. યોગ્ય વિકલ્પ શોધો**

1. હાથપગની લંબાઈમાં વધારો શું સૂચવે છે ?

   **(a) વિકાસ (b) વૃદ્ધિ (c) પરિપક્વતા**

2. પાર્થ ઘુંટણિયે પડ્યા પછી, ટેકો દઈને ઊભા રહેતાં શીખે છે–આ પ્રક્રિયા શું સૂચવે છે ?

   **(a) વિકાસ (b) પરિપક્વતા (c) વૃદ્ધિ**

3. આનુવંશિક લક્ષણોનું ચોક્કસ ઉંમરે આપમેળે થતું પ્રગટીકરણ શું દર્શાવે છે?

   **(a) પરિપક્વતા (b) વૃદ્ધિ (c) વિકાસ**

B. પ્રારંભિક બાલ્યાવસ્થાને કયા લક્ષણોને આધારે જાણશો, તેના ત્રણ મુદ્દા નોંધો.

C. તમારી ઉંમર પ્રમાણે તમારો સમાવેશ વિકાસની કઈ અવસ્થામાં ગણી શકાય ? તેને અનુલક્ષીને તમારી અવસ્થાની ચાર લાક્ષણિકતા વિશે ચર્ચા કરો.

D. વિકાસને અસર કરતાં પરિબળ તરીકે વારસાની સમજૂતી આપો.

E. વાતાવરણ વિકાસના પરિબળ તરીકે ચર્ચો.

F. બાળકના વિકાસમાં વાલીની ભૂમિકા યોગ્ય ઉદાહરણ સાથે ટૂંકમાં સમજાવો.

G. બાળકના વિકાસમાં શિક્ષકની ભૂમિકા યોગ્ય ઉદાહરણ સાથે ટૂંકમાં સમજાવો.

H. તમારા ઘરનાં/આસપાસનાં કોઈપણ એક વયકક્ષાનાં બાળકોનું વિસ્તૃત અવલોકન કરી તેમની વિકાસ નોંધ તૈયાર કરો.

## 1.6 પ્રાયોગિક કાર્ય

- પ્રશિક્ષણાર્થીઓને બાળમાનસ સાથે જોડાયેલ ફિલ્મો બતાવી, ચર્ચાસભા યોજી, ફિલ્મ વિષયક સમીક્ષા કરવી. દા.ત. તારે જમીન પર, જંગલબુક વગેરે
- પ્રશિક્ષણાર્થીઓને બાળવિકાસ અને કેળવણી સાથે સંબંધિત લેખો/પુસ્તકો વંચાવવા અને જે તે પુસ્તકની સમીક્ષા કરવી. (ગીજુભાઈ બધેકા : આ તે શી માથાફોડ, મા–બાપ થવું આકરું, મા–બાપોને, દિવાસ્વપ્ન, ડૉ. આઈ. કે. વીજળીવાળાના પુસ્તકો : મનનો માળો, સાયલન્સ પ્લીઝ, મોતીચારો (ટિડની વાર્તા), મોહનભાઈ પંચાલ : સાહેબ મને સાંભળો તો ખરા, હરેશભાઈ ધોળકીયા : અંગદનો પગ તેમજ પોલિયેના જેવા પુસ્તકોની સમીક્ષા કરાવવી.)

- **પ્રશિક્ષણાર્થીઓએ બાળવિકાસ સંબંધિત કરવાના પ્રાયોગિક કાર્યની રુપરેખા :**

| | | |
|---|---|---|
| પ્રયોગ–1 | પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણઃ– | બાળક શરુઆતમાં આ જ પદ્ધતિથી શીખે છે, માટે ઉપયોગી બનશે. |
| પ્રયોગ–2 | ધ્યાન–વિચલનઃ– | ધ્યાન–ચંચળ છે, બાળક પણ ચંચળ છે, બાળકમાં ધ્યાન વિચલન વધુ જોવા મળે છે – જે ઘટાડવામાં ઉપયોગી બનતો પ્રયોગ |
| પ્રયોગ–3 | સમસ્યા ઉકેલઃ– | પીરામીડ સમસ્યા ઉકેલતો પ્રયોગ શિક્ષણની પ્રક્રિયા સમજવા ઉપયોગી થશે |
| પ્રયોગ–4 | ધ્યાન–વિસ્તારઃ– | શિક્ષણની અસરકારકતા વધારવા, ધ્યાન–વિસ્તાર વધુ હોવો જરુરી, જે માટે ઉપયોગી બનશે |
| પ્રયોગ–5 | સૂચન વશતાઃ– | ક્રમિક વધતા વજનથી સૂચન વશતાના માપનના પ્રયોગથી સૂચન વશતા વિશે સમજ મળશે. |

- ચાર્ટ, ચિત્રો,પ્રોજેક્ટ, અસાઇમેન્ટ, કેસ–સ્ટડી (એકમને અનુલક્ષીને કાર્ય કરાવવું. દા.ત. વિકાસના તબક્કાઓને ચાર્ટ સ્વરુપે દર્શાવો વગેરે)
- બાળમાનસ અને બાળકેળવણી વિષયક સુવિચારોનું સંકલન કરી, હસ્તલિખિત અંક તૈયાર કરવો.
- બીજાની દ્રષ્ટિએ તમારા વ્યક્તિત્વ ગુણો /હકારાત્મક પાંસાઓને જાણો : પ્રશિક્ષણાર્થીઓને જૂથમાં વહેંચો, દરેકની પીઠ પાછળ કાગળ ચોંટાડવો, દરેક પ્રશિક્ષણાર્થી અન્ય પ્રશિક્ષણાર્થીઓના ગમતા–ગુણો (હકારાત્મક પાંસા) તેની પીઠ પાછળ ચોંટાડેલા કાગળમાં સ્કેચપેનથી લખવાના, ત્યારબાદ શિક્ષક બે–ચાર વિદ્યાર્થીના કાગળમાં લખેલ સારા પાંસાની જાહેરમાં ચર્ચા કરશે. આપણે સૌએ આપણા સારા પાંસા જાણ્યા હજુ વધુ સારા પાંસા કેળવાય તેવો પ્રયત્ન કરીશું.
- બાળગીત, બાળવાર્તા, બાળ નાટકની સીડી સંભળાવવી જેવી કે મેઘધનુષ, હસતાં–ગાતાં, ડુગડુંગીયા, કિલકિલાટ, ઝરણું બન્યું નદી, ગીત–ગાડી, પંચતંત્રની વાર્તા વગેરે
- બાળકોના વાલીઓની વાલીસભા, માતૃસભા કે ગ્રામસભાનું આયોજન કરવું.
- બાળ ઉછેર–કેળવણીના સામાયિકોમાંથી લેખનો સંગ્રહ કરી તેનો અંક તૈયાર કરવો જેવા કે બાલમૂર્તિ, આદિત્ય કિરણ, બાલવંદના અગ્રેજી ભાષામાં Parenting વગેરે
- બાળકોના સામાયિકોમાંથી બાળકોની પ્રવૃત્તિઓ શોધીને એક નમૂનેદાર પુસ્તિકા તૈયાર કરાવવી. સામાયિકો જેવા કે સહજ બાલ આનંદ, ચંપક, ચકમક, ચાંદામામા, ઝગમગ, ધીંગામસ્તી વગેરે.

## 1.8 સંદર્ભ સૂચિ


- નનુભાઈ એસ. દોંગા (2007), શિક્ષણનું મનોવિજ્ઞાન, નિજ્ઞન સાયકો સેન્ટર, રાજકોટ.
- બી. એ. પરીખ (2004), પ્રગત સામાન્ય મનોવિજ્ઞાન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- ગુણવંત બી. શાહ (1997), શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં અધ્યયન મીમાંસા, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- કે. સી. સારડા તથા અન્ય (2002), સામાન્ય મોનવિજ્ઞાનની રુપરેખા, સી. જમનાદાસ કંપની, અમદાવાદ.
- હરીશ વટાવવાળા તથા અન્ય (2011), શિક્ષણ : જ્ઞાનની પરબ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
- નનુભાઇ એસ. દોંગા (2012), અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, નિજ્ઞન સાયકો સેન્ટર,રાજકોટ.
- ગુણવંત બી. શાહ અને કુલીન પંડ્યા (1978), શૈક્ષણિક મનોવિજ્ઞાન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- સુમિતાબેન વૈદ્ય, પૂર્વ પ્રાથમિક શિક્ષણનું પથદર્શન. “How to discover and enhance your child's true potential”.
- આઈ. કે. વીજળીવાળા, બાળ આરોગ્ય શાસ્ત્ર
- લીના શાહ, તમારા બાળકની માનસિક ખિલવણી, ગ્રંથલોક
- કિરણ ન. શીંગ્લોત, તમે અને તમારું બાળક, મુકુંદલાલજી વાડેકર, કાર્યકારી નિયામક, પ્રારચ વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

# એકમ–2 બાળકનો મનોશારીરિક વિકાસ અને પૂર્વપ્રાથમિક શિક્ષણ


2.1 પ્રસ્તાવના

2.2 ઉદ્દેશો

2.3 પૂર્વ પ્રાથમિક શિક્ષણની ઐતહાસિક ભૂમિકા

2.4 પૂર્વપ્રાથમિક શિક્ષણની સંકલ્પના

2.4.1 પૂર્વપ્રાથમિક શિક્ષણનો અર્થ

2.4.2 પૂર્વપ્રાથમિક શિક્ષણના ધ્યેયો

2.4.3 પૂર્વપ્રાથમિક શિક્ષણની વિશિષ્ટતાઓ

2.4.4 પૂર્વપ્રાથમિક શિક્ષણનું મહત્વ

2.5 બાલ્યાવસ્થા તેમજ પ્રિ. સ્કુલ બાળકોમાં સમગ્ર અને વિશિષ્ટ મનોવિકાસ

2.5.1 બાલ્યાવસ્થા

2.5.2 પ્રિ–સ્કૂલ બાળકોમાં સમગ્ર અને વિશિષ્ટ મનો–વિકાસ

2.6 માનસિક શક્તિઓના વિકાસ માટેના શૈક્ષણિક અનુભવો

2.6.1 માનસિક પ્રક્રિયાની સંકલ્પના

2.6.2 વિવિધ માનસિક શક્તિઓ

2.7 જ્ઞાનેન્દ્રિયોના વિકાસ માટેની મોન્ટેસરી પદ્ધતિ

2.8 કિન્ડર ગાર્ટન પદ્ધતિ (ફ્રોબેલ)

2.8.1 ફ્રોબેલની બક્ષિસ

2.8.2 બક્ષિસોનું સ્વરુપ

2.9 બાળકમાં રસ (રુચિ) તેમજ સર્જનાત્મકતાનો વિકાસ અને માપન

2.9.1 રસ

2.9.2 રસના પ્રકાર અને ક્ષેત્રો

2.9.3 સર્જનાત્મકતાની સંકલ્પના

2.9.4 સર્જનાત્મકતાનો વિકાસ

2.10 પ્રાયોગિક કાર્ય

2.11 સંદર્ભ સૂચિ

# એકમ–2 બાળકનો મનોશારીરિક વિકાસ અને પૂર્વપ્રાથમિક શિક્ષણ

## 2.1 પ્રસ્તાવના

કોઈપણ બાળક માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણએ શિક્ષણની ઈમારતનો પાયો છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ તબક્કે બાળકમાં મૂળભૂત પાયાના કૌશલ્યો સિદ્ધ થવા અતિ આવશ્યક છે. પૂર્વ પ્રાથમિક ક્ષેત્રે બાળ શિક્ષણશાસ્ત્રી એવા ગીજૂભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, તારબેન મોડકનું અનેરું પ્રદાન છે. પ્રસ્તુત એકમમાં બાળકોના મનોશારીરિક વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગેની બાબતોની ચર્ચા કરવામાં આવી છે.

## 2.2 ઉદ્દેશો

- પ્રશિક્ષણાર્થીઓ....
- પૂર્વપ્રાથમિક શિક્ષણની ઐતહાસિક ભૂમિકા સમજે.
- પૂર્વ પ્રાથમિક શિક્ષણની સંકલ્પના, જરુરિયાત, મહત્વ અને ધ્યેયો સમજે.
- પૂર્વ પ્રાથમિક શિક્ષણ દરમિયાન થતા બાળકોના સમગ્ર અને વિશિષ્ટ મનોવિકાસ વિશે સમજ પ્રાપ્ત કરે.
- શૈક્ષણિક કાર્યમાં સમાવિષ્ટ એવી માનસિક પ્રક્રિયાઓ વિશે સમજ મેળવે તથા તેને દ્રઢ બનાવતા અનુભવો મેળવે.
- પંચ જ્ઞાનેન્દ્રિયોના વિકાસ માટેની મોન્ટેસરી પદ્ધતિના સિદ્ધાંતોનો અભ્યાસ કરે.
- ફ્રોબેલની બાળશિક્ષણ માટેની કિન્ડરગાર્ડન પદ્ધતિથી માહિતગાર થાય.
- બાળકના રસ(રુચિ) અને તેની સર્જનાત્મકતાને ઓળખે તથા તેનું માપન કરે.

## 2.3 પૂર્વ પ્રાથમિક શિક્ષણની ઐતહાસિક ભૂમિકા

પ્રાચીનકાળથી આપણે ત્યાં શિક્ષણની વ્યવસ્થા ગોઠવાયેલી છે. કાળક્રમે તેના કેન્દ્રસ્થાન ફરતા રહ્યા છે. ઋષિ પરંપરામાં ધર્મ કે ગુરુકેન્દ્રી શિક્ષણ હતું. તો મધ્યયુગમાં તે શિક્ષક કેન્દ્રી હતું. અંગ્રેજ યુગમાં આ શિક્ષણ કારકુની કામ પૂરતું મર્યાદિત થયું અને આજે શિક્ષણ માહિતી કેન્દ્રી વધુ બન્યું છે. શિક્ષણ આજે પાંચ મુખ્ય તબક્કામાં વહેંચાયેલું છે.) ૧) પૂર્વપ્રાથમિક શિક્ષણ (બાળ કેળવણી) (૨) પ્રાથમિક શિક્ષણ (૩) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ(૪) માધ્યમિક શિક્ષણ (૫) ઉચ્ચશિક્ષણ. પ્રસ્તુત એકમ પૂર્વપ્રાથમિક શિક્ષણ એટલે કે બાળ કેળવણીના ક્ષેત્ર પર વિશેષત: કેન્દ્રિત છે. તેની ઐતહાસિક ભૂમિકા તપાસીએ તો ઋષિકાળમાં લવ અને કુશની કેળવણી ઋષિ વાલ્મિકીના આશ્રમમાં થયાની નોંધ છે તો અભિમન્યુએ ગર્ભાવસ્થા દરમિયાન ભગવાન શ્રી કૃષ્ણ પાસે યુદ્ધ કૌશલ્ય વિદ્યા પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ મહાભારતમાં છે.

પશ્ચિમના દેશોમાં પારંપરિક (Conventional) શિક્ષણ પદ્ધતિને વધુ વ્યવહારુ, સુસંગત અને બિન પારંપરિક કેવી રીતે બનાવી શકાય એ દિશામાં સક્રિય કાર્ય કરનાર જહોન લોક હતાં. તેઓ માહિતીલક્ષી શિક્ષણ કરતાં જીવન ઘડતર કે સદગુણોના વિકાસ પર વિશેષ ભાર મુકતા હતા. ત્યારબાદ આ જ પ્રવાહમાં

રુસોએ તેના સમયની કેળવણીમાં અગત્યના ફેરફારો થઇ શકે તેવા ક્રાંતિકારી વિચારો રજૂ કર્યા. આથી જ રુસોને નૂતન કેળવણીના પિતા ગણવામાં આવે છે. તેમના મતે કુદરત જ સાચો સાચો શિક્ષક છે. કુદરતના ખોળે જ બાળકની ઇન્દ્રિયો અને બુદ્ધિને ખીલવા દેવી જોઇએ. તેમણે કુદરત તરફ પાછા વળોનું સૂત્ર પણ આપ્યું. રુસો વ્યક્તિ સ્વાતંત્ર્યના હિમાયતી હતા.

ત્યારબાદ પેસ્ટોલોજીએ બાળકની સાહજિક વૃત્તિઓ પર વિશેષ ભાર આપ્યો. બાળકને મુક્ત રીતે ખીલવા દેવાથી તેની સાહજિક વૃત્તિઓ બહાર આવે છે. પેસ્ટોલોજીએ ક્રિયા દ્વારા શિક્ષણનો ખ્યાલ આપ્યો ક્રિયાશીલતા વિનાની ખીલેલી બુદ્ધિ જીવન વ્યવહારમાં સફળતા આપતી નથી.

પેસ્ટોલોજી બાદ નિસર્ગવાદી બાળ કેળવણીકાર ફ્રેડરિક ફ્રોબેલનું નામ ખૂબ જાણીતું છે. તેઓ 'ક્રિડા અને રમત' ને બાળ વિકાસનું માધ્યમ માને છે. રમત દ્વારા કુદરતી વિકાસની તેઓની માન્યતા પ્રચલિત થઇ. તેઓએ આપેલ કિન્ડર ગાર્ટન પદ્ધતિ પણ ખૂબ પ્રચલિત બની. ફ્રોબેલ બાદ ઇટાલિના વતની એવા મેડમ મોન્ટેસરીએ બાળ કેળવણીના ક્ષેત્રે ઉત્તમ કાર્ય કર્યું. તેઓ બાળકોને પૂર્ણ સ્વતંત્રતા આપવાના હિમાયતી હતા. સ્વાતંત્ર્ય, સ્વાધીનતા અને સ્વયંસ્ફુરણા એ તેમની શિક્ષણ પદ્ધતિના મુખ્ય સિદ્ધાંતો હતા. પોતાના આ સિદ્ધાંતોને વ્યવહારમાં લાવવા માટે તેમણે વૈજ્ઞાનિક સાધનોની એક ચોક્કસ પદ્ધતિ વિકસાવી જે મોન્ટેસરી પદ્ધતિ તરીકે પ્રચલિત બની.

ગાંધીજીએ આપણા દેશના વાતાવરણને ધ્યાનમાં રાખીને કેળવણીની યોજના આપી જે બુનિયાદી શિક્ષણ તરીકે ઓળખાય છે. તેમાંથી બાલવાડીની યોજના આકાર પામી. આ યોજના દ્વારા ગામડા સુધી બાળ કેળવણીનો વ્યાપ વધ્યો. તેમાં શ્રીમતિ શાંતાબેન નારુલકર, વેડછીના વડલા તરીકે પ્રખ્યાત જુગતરામભાઇ દવે અને મહારાષ્ટ્રમાં બોરડી અને કોસબાડમાં તારાબેન મોડકે અદ્ભૂત કાર્ય કર્યું.

ભારતમાં બાળ શિક્ષણની ઇમારત તૈયાર કરવામાં ગિજુભાઇ બધેકાનું સ્થાન એક પાયાના કેળવણીકાર તરીકેનું છે. મોન્ટેસરી પદ્ધતિ વિશે લોકો હજુ અજાણ હતા. પરંતુ આ પદ્ધતિની ઊંડી અસર ગિજુભાઇ પર પડી. તેમણે મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિનું પૂર્ણત: ભારતીય–કરણ કરી તેને ભારતીય વાતાવરણમાં પ્રસ્થાપિત કરી, જેણે બાળ કેળવણીના ક્ષેત્રે શાંત અને સંપૂર્ણ ક્રાંતિ સર્જી .બાળકને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ હોઇ શકે છે, બાળકને મારશો નહીં, બાળકને બીવડાવશો નહીં, બાળકને લાલચ આપશો નહીં જેવા સૂત્રો સાથે શિક્ષણમાં શિક્ષાનો બહિષ્કાર અને પારંપરિક બાળ કેળવણીને ઉજાગર કરનાર ગિજુભાઇએ ગુજરાતમાં અસંખ્ય બાલમંદિરોની સ્થાપના કરી .'બાલદેવો ભવ:' ની વિભાવનાને મૂર્તિમંત કરનાર ગિજુભાઇને 'મૂછાળી મા'નું બિરુદ પણ અપાયું. મહાત્મા ગાંધીએ પણ તેમના બાળ કેળવણીના કાર્યને બિરદાવ્યું છે. ખૂબ જ ટૂંકા ગાળાના કાર્યમાં તેમણે પુષ્કળ બાળ સાહિત્યનું સર્જન કર્યું આથી તેઓ 'બાળ સાહિત્યના બ્રહ્મા' તરીકે પણ પ્રખ્યાત થયા.

**પ્રગતિ ચકાસો :**

- **શિક્ષણ કયા પાંચ તબક્કામાં વહેચાયેલું છે ?**
- **રુસોના બાળ કેળવણી વિષયક વિચારોની ચર્ચા કરો.**
- **ટૂંકનોંધ લખો – ગિજુભાઇ બધેકાનું બાળકેળવણીમાં પ્રદાન.**

## 2.4 પૂર્વપ્રાથમિક શિક્ષણની સંકલ્પના

'બાળકને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે' એ ક્રાંતિકારી વિચારે બાળકો તરફની મોટાની દ્રષ્ટિ અને વલણમાં જબરા ફેરફારો કર્યા. બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વના આ વિચારબીજને દુનિયાના કેળવણીકારો અને મનોવિજ્ઞાનીઓએ ઉછેર્યું. ઉત્તમ મનુષ્યના ઘડતરનો પાયો અહીં નંખાય છે. સ્વસ્થ સમાજના નિર્માણની શરુઆત બાળ કેળવણીથી જ થાય છે. બાળકનું વ્યક્તિત્વ મોટાભાગે 0-6 વર્ષની વયે નિર્માણ પામે છે, જે તેના કેળવણી અને અનુભવોને આધારે આગળ ઘડાતું હોય છે. ગિજુભાઈ કહે છે કે 'બે પાંદડે આવેલો છોડ કે જેમાં હજી ફળ ફુલ નથી આવ્યાં તે દરેક પળે ફળફૂલ માટે પણ જીવતો અને પોષણ મેળવતો હોય છે તે રીતે માણસની ભવિષ્યની સિદ્ધિઓનો પાયો બાળપણમાં નંખાતો હોય છે. આમ, તેને પોષવાનું કાર્ય પણ બાળપણથી શરુ થઈ જાય છે.'

પ્રસ્તુત એકમમાં પૂર્વપ્રાથમિક શિક્ષણના કેટલાક પ્રાથમિક ખ્યાલો, પદ્ધતિઓ અને કેટલાક બાળકેળવણીકારોના વિચારોની ચર્ચા કરવામાં આવી છે.

### 2.4.1 પૂર્વપ્રાથમિક શિક્ષણનો અર્થ

ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરાયેલ પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગેની શિક્ષણનીતિ અનુસાર પૂર્વપ્રાથમિક શિક્ષણ એટલે પ્રાથમિક શિક્ષણ પહેલા આપવાનું શિક્ષણ. સામાન્યતઃ તે 3 થી 6 વર્ષના બાળકોને અનૌપચારિક રીતે અપાતું શિક્ષણ છે. આ શિક્ષણ મહદ્અંશે મોન્ટેસરી પદ્ધતિથી આપવાનું સ્વીકારવામાં આવેલ છે. બાલમંદિર, બાલવાડી, આંગણવાડી કે નર્સરી શાળામાં અપાતું શિક્ષણ એ પૂર્વપ્રાથમિક શિક્ષણ છે. એક અર્થમાં તે પ્રાથમિક શાળાના શિક્ષણ માટે બાળકને તૈયાર કરતો કાર્યક્રમ (School Readiness Programme) છે. બાળકની જીજ્ઞાસાવૃત્તિ અને ગ્રહણશક્તિ આ સમયગાળામાં ખૂબ તીવ્ર હોય છે. આ ગાળામાં જો તેની પદ્ધતિસરની કેળવણી થાય તો આગળની શિક્ષણ પ્રક્રિયા વધુ સરળ અને સહજ બને છે.

બાળકની જિજ્ઞાસાવૃત્તિ, ગ્રહણશક્તિ અને સર્જનશક્તિને આનંદપૂર્ણ રીતે પોષી તેના સર્વાંગી વિકાસનો પાયો નાખવાનું પદ્ધતિસરનું કાર્ય એટલે પૂર્વપ્રાથમિક શિક્ષણ કે બાળકેળવણી એવું કહી શકાય.

### 2.4.2 પૂર્વપ્રાથમિક શિક્ષણના ધ્યેયો

પૂર્વપ્રાથમિક શિક્ષણના ધ્યેયોની વિચારણા કરતી વખતે સામાન્ય રીતે શિક્ષણશાસ્ત્રીઓ આ અંગે શું મંતવ્ય ધરાવે છે તે જાણવું જરુરી ગણાય. ગિજુભાઈ, મેડમ મોન્ટેસરી, ગાંધીજી, ડૉ. ઝાકિર હુસેન, જુગતરામભાઈ દવે અને કોઠારી કમિશન (1966) દ્વારા પૂર્વપ્રાથમિક શિક્ષણના ધ્યેયો સુચવાયેલ છે. આ તમામે સૂચવેલ ધ્યેયોમાં ઘણીખરી સામ્યતા જોવા મળે છે. આથી સંકલિત સ્વરુપે પૂર્વપ્રાથમિક શિક્ષણના ધ્યેયો નીચે મુજબ ગણાવી શકાય.

- બાળકો સ્વાવલંબી અને સ્વાધીન બને.
- બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ કરવો.
- ઈન્દ્રિય શિક્ષણ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ કરવો.
- બાળકોમાં મુક્ત અભિવ્યક્તિની ખિલવણી કરવી.

- સંગીત, રમત, વાર્તા, નાટક, પ્રવાસ દ્વારા શિક્ષણ આપવું.
- બાળકમાં આરોગ્યપ્રદ ટેવો વિકસાવવી.
- બાળકની કલાદ્રષ્ટિને પ્રોત્સાહન આપવું.
- વાતાવરણ સાથે જોડાયેલ બુદ્ધિયુક્ત જિજ્ઞાસાવૃત્તિને પ્રોત્સાહન આપવું.
- બાળકોમાં યોગ્ય સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા જીવન વ્યવહારનો વિકાસ કરવો.
- બાળકમાં રહેલી ક્રિયાશીલવૃત્તિને સંતોષવી.

### 2.4.3 પૂર્વપ્રાથમિક શિક્ષણની વિશિષ્ટતાઓ

આ કક્ષાએ ખૂબ નાના બાળકો સાથે કામ કરવાનું છે. માટે ઔપચારિક શિક્ષણની ભૂમિકા અહીં ઓછી છે. અહીં શિક્ષણ બાળકેન્દ્રી છે, પ્રવૃત્તિલક્ષી અને આનંદપ્રદ છે. અહીં બાળકના સૂક્ષ્મ અવલોકનનું ખૂબ મહત્વ છે. અવલોકનના આધારે બાળકના રસ, રુચિ, તેની વિશિષ્ટ શક્તિઓ, તેની મુશ્કેલીઓને જાણી તે અનુસાર શિક્ષણકાર્ય ગોઠવાય છે. શિક્ષકની ભૂમિકા અહીં માર્ગદર્શકની રહે છે. બાળકને શીખવવાની ટેવવાળા શિક્ષકો અહીં સફળ થતા નથી. પ્રવૃત્તિ દ્વારા સ્વાનુભવે બાળક પોતાની ગતિથી શીખે તેનું મહત્વ છે. સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમ એ ખ્યાલ હવે અપ્રસ્તુત છે.

સંગીત, રમત અને વાર્તા બાળશિક્ષણમાં સફળતા માટેના બ્રહ્માસ્ત્રો છે. તેના દ્વારા બાળકમાં અભિવ્યક્તિનો વિકાસ થાય છે, આરોગ્ય સુધરે છે તથા સ્થિરતા પણ આવે છે. તેમજ બાળકને આનંદ પણ પ્રાપ્ત થાય છે. અહીં બાળકના આરોગ્યની કાળજી પણ લેવાય છે તે માટે અંગ સ્વચ્છતાની પ્રવૃત્તિઓ, પાણી પીવાની રીત, નાસ્તાની યોગ્ય રીત, રમત, વ્યાયામ દ્વારા આરોગ્યપ્રદ ટેવનો વિકાસ કરવામાં આવે છે.

આધુનિક પૂર્વપ્રાથમિક શિક્ષણમાં બાળકોને કામ કરવા માટે સ્વતંત્રતા આપવામાં આવે છે. બાળક સ્વયંસ્ફૂર્તિથી પોતાના રસ અનુસાર કાર્ય કરી શકે તેવા વાતાવરણનું નિર્માણ કરવું અહીં ખૂબ જરુરી છે. ઇનામ, હરિફાઇ કે શિક્ષાને અહીં કોઇ સ્થાન હોઇ શકે નહી. પૂર્વપ્રાથમિક શિક્ષણનો આ ગાળો ઔપચારિક શિક્ષણનો નથી માટે લેખનકાર્ય, પાઠ્યપુસ્તકો, દફ્તર કે અન્ય બોજારુપ બાબતોને પણ કોઇ સ્થાન નથી. પરંતુ પ્રબોધક સાધનો પ્રાકૃતિક વાતાવરણ, સ્વતંત્રતા, સ્વયંસ્ફૂર્તિ, સ્વાવલંબન અને સ્વયંશિક્ષણ જેવા સિદ્ધાંતોના અમલીકરણ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસનો ખ્યાલ પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં રાખવામાં આવે છે.

### 2.4.4 પૂર્વપ્રાથમિક શિક્ષણનું મહત્વ

"કોઇપણ પ્રજાનું નસીબ તેના બાળકોની પીઠ પર સવારી કરે છે. દુનિયાના વિકાસની અને જગતના સુખની ચાવી બાળકોના હૃદયમાં છુપાઇ રહી છે. બાળકનો વિકાસ કરો, તેના આત્માને ઉન્નત કરો તો જ સુખી દુનિયાનું સર્જન થશે. બાળકના સાચા વિકાસ વિના કેળવણીનો મર્મ એકે નથી."

બાબા સાહેબ ખેરના આ વિધાનો બાળકેળવણીની મહત્તા સ્પષ્ટ કરે છે. કેળવણીનો મુખ્ય ઉદ્દેશ ઉત્તમ મનુષ્યના ઘડતરનો છે અને તેનો પાયો ૦ થી 6 વર્ષની તેની કેળવણી દ્વારા નખાય છે. બાળકના મનોશારીરિક વિકાસની શરુઆત પણ આ ગાળામાં થાય છે. શરુઆતથી જ જો પદ્ધતિસરની કેળવણી બાળકને મળે તો પ્રજ્ઞાવાન અને સાથે વિવિધ કૌશલ્ય ધરાવતા મનુષ્યનું ઘડતર થઇ શકશે. આવા મનુષ્યો

દ્વારા જ સુખી સમાજનું નિર્માણ કરી શકાશે. એ અર્થમાં કહી શકાય કે સુખી દુનિયાના સર્જનની ગુરુચાવી સાચી બાળકેળવણી છે. એટલે જ ગિજુભાઇ, મેડમ મોન્ટેસરી, રુસો, ફ્રોબેલ, તારાબેન, જુગતરામભાઇ જેવા ભેખધારીઓએ આ ક્ષેત્રે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. સમાજમાં સાચા બાળ શિક્ષણનું એક વાતાવરણ ઊભું કરવાની ખૂબ જરુરિયાત છે. સમાજમાં દરેક કક્ષાએથી આ દિશામાં વધુ વેગવાન કાર્ય થશે તો જ બાલ દેવો ભવ: ની ભાવના સાર્વત્રિક બનશે. તો જ શિક્ષણ જગતમાં સાચી ક્રાંતિ થશે અને પાયાની કેળવણી વધુ પ્રાણવાન બનશે.

**પ્રગતિ ચકાસો :**

- **પૂર્વપ્રાથમિક શિક્ષણ એટલે શું ? ટૂંકમાં સમજાવો.**
- **પૂર્વપ્રાથમિક શિક્ષણના મુખ્ય ધ્યેયો કયા કયા છે ?**
- **પૂર્વપ્રાથમિક શિક્ષણની વિશેષતાઓ વર્ણવો ?**
- **પૂર્વપ્રાથમિક શિક્ષણનું મહત્વ સ્પષ્ટ કરો ?**

## 2.5 બાલ્યાવસ્થા તેમજ પ્રિ. સ્કુલ બાળકોમાં સમગ્ર અને વિશિષ્ટ મનોવિકાસ

### 2.5.1 બાલ્યાવસ્થા:

બાળકના પ્રથમ છ વર્ષ શીખવા માટે ખૂબ જ અગત્યના છે. તે સમયે બાળકની ગ્રહણશીલતા ખૂબ જ વધારે હોય છે. આ સમય તે એક સાથે અનેક વસ્તુઓ શીખતું હોય છે. બાલ્યાવસ્થા જીવન ઘડતર અને સુટેવો માટે પાયારુપ ગણાય.

શિશુના જન્મથી તેની ત્રણ વર્ષની વય સુધીનો આ કાળ ઘડતરનો કાળ છે. એ સમય દરમિયાન શિશુ પોતાનું તત્કાલીન અને પોતાના સમગ્ર જીવનનું ઘડતર કરે છે. એના માનસપટ પર પડતા તમામ સંસ્કારોને એ ઝીલે છે. માતા કંઇ કામ કરતાં કરતાં ગાતી હોય, ભાઇ બહેન રમતાં હોય, ટોડલે બેસી પાંખ ફફડાવતી ચકલી ચીં ચીં કરતી હોય, વાસણ ખખડતાં હોય, આવા બધા દ્રશ્ય–શ્રાવ્ય સંસ્કારો શિશુમન સદા ઝીલતું રહે છે. શિશુના માનસિક ઘડતરનો આ બધો કાચોમાલ છે. એનું મન કારખાનું પણ છે અને એ કારખાનાની નીપજ પણ છે.

બાળકની બધી શક્તિઓનો પાયો ત્રણ વર્ષ સુધીના કાળમાં બંધાય છે. આ ત્રણ વર્ષ દરમ્યાન શિશુએ સાધેલી પ્રગતિના આલેખની બરાબરી બીજી કોઇ વયે થતી પ્રગતિ કરી શકે તેમ નથી. પર્યાવરણની સહાયથી શિશુમન જાણે કે પોતાનું સર્જન કરે છે. આ બધું કરવા માટે એ અનુકરણની, હલનચલનની, તુલનાની અને વિસર્જનની અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે.

ત્રણ વર્ષ પછી બાળક પ્રવૃત્તિ કરવા ચાહે છે તેનામાં સભાનતા આવી હોય છે અને પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં પસંદગી–નાપસંદગી આવતી થાય છે. 0 થી 3 વર્ષના ગાળામાં એણે જે પ્રાપ્ત કર્યું છે તેને તે સુદ્રઢ કરે છે અને એ રીતે આત્મસાત કરી પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરે છે.

6 વર્ષ સુધીના આ ગાળાને મોન્ટેસરી 'સંવેદનાનો કાળ' કહે છે. સંવેદનાનો સાદો અર્થ મનમાં કશુંક અનુભવવું એમ કહી શકાય. વય વધવાની સાથે સંવેદના ક્ષેત્ર વિસ્તરતું જાય છે. આ સંવેદનાઓ બાળકના વિકાસના માર્ગદર્શક સ્તંભો છે તેથી બાળકની તમામ પ્રવૃત્તિઓમાં જેટલી નિયમિતતા અને વ્યવસ્થિતતા તેટલી બાળકના વિકાસમાં તે સઘળી સહાયભૂત થવાની.

આ સમય દરમિયાન ઈન્દ્રિયાનુભૂતિની તીવ્ર ઝંખના બાળકમાં હોય છે. એની બધી ઈન્દ્રિયો એકદમ સતેજ હોય છે અને ફોટોગ્રાફીની નેગેટીવ ફિલ્મ પ્રકાશના ઝાંખામાં ઝાંખા કિરણને ઝડપી લે છે તેમ આ ગાળા દરમિયાન બાળક દરેક ઈન્દ્રિય દ્વારા થતા રસ, રુપ, ગંધ, શબ્દ, સ્પર્શનાં બધા જ અનુભવો સતત ઝીલતું, સંઘરતું રહે છે.

આ સાથે ભાષા વિકાસ માટેનો પણ આ ખૂબ જ અગત્યનો ગાળો છે. ભાષા માટેની આ વયની તીવ્ર સંવેદના, ક્ષુધા, વાણીનું શ્રવણ, શ્રુતિ દ્વારા ગ્રહણ કરેલા સંસ્કારોનું સંગ્રહણ, શબ્દોનું ધ્વનિઓમાં પૃથક્કરણ અને પદાર્થો સાથે સંયોજન કરી અર્થ નિષ્પત્તિ સાધવી, રુઢિપ્રયોગને સહજ રીતે આત્મસાત કરવા, શબ્દભંડોળની વૃદ્ધિ કરતાં જવું અને બોલચાલ, લયલ્હેકા અપનાવવા, આ બધું બાળક આ ગાળા દરમિયાન કરે છે. માનવ શિશુની આ વયે એને પ્રાપ્ત થયેલી ભાષા ગ્રહણ શક્તિ અદ્વિતીય છે. ઈશ્વરે એ શક્તિ માનવમાં ન મૂકી હોય તો માનવ સંસ્કૃતિ વિકસી જ ન હોત.

આ સમય દરમ્યાન બાળક સમાજભિમુખ બને છે. સમાજિક્તાની સંવેદના જાગૃત થતાં એ બીજા રમાડે તે પરિસ્થિતિમાંથી બહાર નીકળી પોતે બીજા સાથે રમવાં, બીજા સાથે પોતાને આવડે એવું કામ કરવા અને બીજા સાથે લડવા પણ તૈયાર થઈ જાય છે 'મનુષ્ય સામાજિક પ્રાણી છે' એ વ્યાખ્યાના મૂળમાંની સામાજિક ભાવનાની જાગૃતિ અને ખિલવણી આ સંવેદનાકાળ દરમિયાન થાય છે. સામાજિક રીતભાતનો અને બૌદ્ધિક વિકાસનો આ પાયાનો કાળ છે.

### 2.5.2 પ્રિ–સ્કૂલ બાળકોમાં સમગ્ર અને વિશિષ્ટ મનોવિકાસ

પ્રારંભિક બાલ્યાવસ્થાથી પ્રાથમિક શાળાના વર્ષો (2 વર્ષ થી 7 વર્ષ)ની આ અવસ્થાને પિયાજે પૂર્વ ક્રિયાત્મક અવસ્થા તરીકે ઓળખાવે છે.

આ અવસ્થાના વિકાસનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે.

- આ અવસ્થામાં તેનો ભાષા વિકાસ ઝડપી હોય છે. બે વર્ષની ઉંમર સુધીમાં માંડ બસ્સો શબ્દોનું ભંડોળ ધરાવનાર બાળક આ અવસ્થા પુરી કરે ત્યાં સુધીમાં તેની માતૃભાષાના 5000 શબ્દોથી પણ વધુ શબ્દોનું ભંડોળ ધરાવતું થઈ જાય છે.
- અહંકેન્દ્રિતા એ આ અવસ્થાનું બીજું લક્ષણ છે. તે એવું માને છે કે પોતે જે વિચારે છે, એ જ બધા વિચારે છે, એટલે કે પોતે જે વિચારે છે તે સાચું જ છે. આથી પોતે ખોટું વિચારે છે તેવું માનવા તૈયાર નથી. પરિણામે તે બીજાના વિચારોને સ્વીકારી શકતું નથી. વિચારોનું આ અહંકેન્દ્રીપણું જ્યારે સમવયસ્કોના સંપર્કમાં આવે છે અને તેમના વિચારો સાથે પોતાના વિચારોનો સંઘર્ષ અનુભવે છે ત્યારે ધીમે–ધીમે દૂર થાય છે.
- આ અવસ્થામાં તેના વિચારો તાર્કિક બન્યા હોતા નથી. માત્ર 'પ્રત્યક્ષીકરણ' પર તેના નિર્ણયો આધારિત હોય છે.

- કુતૂહલવૃત્તિ વધુ હોય છે આથી સતત પ્રશ્નો પૂછ્યા કરે.
- 2 થી 5 વર્ષ દરમિયાન બાળક આપેલ વસ્તુઓને જુદા–જુદા વર્ગોમાં વર્ગીકૃત કરવા માટે ચોક્કસ નિયમ કે ગુણધર્મ સાતત્ય પૂર્ણ રીતે ઉપયોગમાં લેવામાં નિષ્ફળ જાય છે. 5 થી 7 વર્ષ દરમિયાન બાળક ચોક્કસ ગુણધર્મો નક્કી કરીને વસ્તુઓનું વર્ગીકરણ કરી શકે છે. વર્ગીકરણના એકથી વધુ લક્ષણો હોય ત્યારે શ્રેણીબદ્ધ વર્ગીકરણ કરી શકે છે.
- 2 થી 5 વર્ષની ઉંમરનું બાળક વસ્તુઓને તેની લંબાઇના આધારે ક્રમમાં ગોઠવી શકતું નથી. પરંતુ 5 થી 7 વર્ષનું બાળક આવી ગોઠવણી કરી શકે છે.
- આ અવસ્થાએ બાળકના વિચારો એકમાર્ગીય અને મર્યાદિત માહિતી પર કેન્દ્રિત હોય છે.
- આ અવસ્થાએ બાળકમાં સાતત્ય,પરિવર્તનીયતા કે વિકેન્દ્રિતાના ખ્યાલો વિકસ્યા હોતા નથી, છતા તે મહત્વની બૌદ્ધિક ક્ષમતાઓ ધરાવે છે.

**શિક્ષકોએ બાળકોના શિક્ષણ માટે નીચે મુજબની કાળજી લેવી જોઇએ.**

- બાળકો સાથે ધીરજ અને પ્રેમથી કામ લેવું જોઇએ.
- શક્ય હોય ત્યાં મૂર્ત અને દ્રશ્ય સાધનોનો ઉપયોગ કરો.
- વિદ્યાર્થીઓ તેની આસપાસના વિશ્વ અંગે અન્યના દ્રષ્ટિબિંદુથી જોવામાં સાતત્ય દર્શાવે તેવી અપેક્ષા ન રાખો.
- વાચન–અર્થગ્રહણ જેવા સંકુલ કૌશલ્યોના અધ્યાપન માટે આધારરુપ સરળ કૌશલ્યોનો ઉપયોગ કરો.
- ભાષા વિકાસ માટે વૈવિધ્યપૂર્ણ અનુભવો આપો.
- પ્રાણી સંગ્રહાલય, બગીચાઓની મુલાકાત કરાવો.
- વર્ગમાં વાર્તા કહેનારને બોલાવો
- બાળકો જે કરે છે, સાંભળે છે, જુએ છે, સ્પર્શ કરે છે, સ્વાદ લે છે, તેને વર્ણવવા શબ્દો આપો.

**પ્રગતિ ચકાસો**

- **પૂર્વક્રિયાત્મક અવસ્થાના મુખ્ય લક્ષણો જણાવો.**
- **પૂર્વ ક્રિયાત્મક અવસ્થા દરમ્યાન બાળકોના શિક્ષણ માટે કઇ–કઇ કાળજી લેશો ?**
- **જન્મથી ત્રણ વર્ષના ગાળાને ઘડતરનો ગાળો શા માટે કહ્યો છે ?**

## 2.6 માનસિક શક્તિઓના વિકાસ માટેના શૈક્ષણિક અનુભવો:

### 2.6.1 માનસિક પ્રક્રિયાની સંકલ્પના

માણસ માહિતીનો પ્રક્રિયક છે, અર્થાત્ માણસના મગજમાં જે માહિતી આવે છે તેના પર તે પ્રક્રિયા કે તેનું સંસ્કરણ કરે છે. આ સંસ્કરણની નીપજ એ વ્યક્તિનું વર્તન છે. એટલે કે આ સંસ્કરણ વર્તનરુપે વ્યક્ત થાય છે. આ પ્રકરણમાં માનવ મગજમાં થતી માનસિક પ્રક્રિયાઓ વિશે વાત કરવામાં આવી છે.

માનસિક પ્રક્રિયાના ખ્યાલને સ્પષ્ટ કરવા માટે સૌપ્રથમ તેની કેટલીક વ્યાખ્યાઓ જોઇએ.

ગ્લોવર અને બૃનિંગના મતે, "બાળકના મગજમાં થતી પ્રવૃત્તિઓ એ માનસિક પ્રક્રિયા છે. મગજના કાર્યો જેવા કે, સ્મૃતિ, બોધ, વિચાર, વાચન, લેખન, સ્વજાગૃતિ, સમસ્યા ઉકેલ અને સર્જનાત્મકતામાં સહાય કરતી તમામ પ્રક્રિયામાં સમાવેશ થાય છે."

માનસિક પ્રક્રિયાની વિદ્વાનોએ આપેલ વ્યાખ્યાઓના આધારે માનસિક પ્રક્રિયાઓની લાક્ષણિકતાઓ આ પ્રમાણે તારવી શકાય.

- તે મગજની અંદર ચાલતી આંતરિક પ્રક્રિયાઓ છે.
- માનસિક પ્રક્રિયા શરુ થવા માટે કોઇ ચોક્કસ સમસ્યારુપ હેતુ જરુરી છે.
- માનસિક પ્રક્રિયા દરમિયાન ભાષા, સંકેતો, ખ્યાલ વગેરેનો આધાર લેવામાં આવે છે.
- અધ્યેતા માનસિક પ્રક્રિયાઓનો ઉપયોગ કરી નવા વિષય વસ્તુને વધુ સારી રીતે સમજી શકે છે.
- વિવિધ શૈક્ષણિક અનુભવો દ્વારા અધ્યેતામાં માનસિક શક્તિઓનો વિકાસ કરી શકાય છે.

### 2.6.2 વિવિધ માનસિક શક્તિઓ

વિદ્વાનોએ ઘણા પ્રકારની માનસિક શક્તિઓની તારવણી કરી છે જેમાં સ્મૃતિ, તર્ક, અમૂર્તિકરણ, સમસ્યા ઉકેલ, સર્જનાત્મકતા જેવી અગત્યની માનસિક પ્રક્રિયાઓ છે. તે પૈકી આપણે હવે સ્મૃતિ અને તર્ક વિશે વિગતે ચર્ચા કરીશું.

### સ્મૃતિ :

" સ્મૃતિ એટલે જાણેલું છે તેનું જાગ્રત અવસ્થામાં પુનરાવહન કરવું. "

" ભૂતકાળમાં થઇ ગયેલા અનુભવોને અર્થયુક્ત રીતે વર્તમાનમાં પુનઃજાગૃત કરવાની પ્રક્રિયાને સ્મૃતિ કહે છે. "

ભૂતકાળમાં બનેલી કોઇ ઘટના, મળેલી કોઇ વ્યક્તિ, કંઇ વાંચેલુ સાહિત્ય વગેરેની છાપ મગજમાં સ્મૃતિ સ્વરુપે અંકિત થઇ જાય છે અને ફરી તે ઘટનાનું પુનરાવર્તન થાય કે જરુરિયાત ઉભી થાય છે ત્યારે તે ફરી મૂળ સ્વરુપે યાદ આવે છે કે પુનઃપ્રાપ્તિ થાય છે. જે સ્મૃતિ નામની માનસિક પ્રક્રિયાને આભારી છે.

વર્ગખંડમાં કોઇપણ વિષય વસ્તુને શીખવવાની શરુઆત કરતી વખતે શિક્ષક વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ચકાસે છે અને તે સંદર્ભમાં જ વર્ગ સમક્ષ પ્રશ્નો મુકે છે, વિદ્યાર્થીઓ સ્મૃતિ શક્તિને આધારે શિક્ષકે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપે છે. જેમ કે ગુણાકારની પ્રક્રિયા શીખવતા પહેલાં શિક્ષક સરવાળા વિશેનું પૂર્વજ્ઞાન ચકાસે છે, વાચન પ્રક્રિયા શરુ કરતાં પહેલા મૂળાક્ષરોની સમજ ચકાસે છે. આ ઉપરાંત નવા મુદ્દા સાથે અગાઉના મુદ્દાનું અનુસંધાન જોડવા માટે શિક્ષક વર્ગમાં પ્રથમ શીખી ગયેલ મુદ્દાના પુનરાવર્તન સ્વરુપે વિદ્યાર્થીઓની સ્મૃતિની ચકાસણી કરે છે, આ સાથે વિદ્યાર્થીઓની સ્મૃતિમાં વધારો પણ થાય છે.

નાના બાળકોમાં સંવેદન સ્મૃતિના કાર્યો દ્વારા સ્મૃતિ વિકાસ થતો હોય છે. જેમ કે વિવિધ અવાજો સંભળાવીને તે શેનો અવાજ છે તે કહેવું, ઇન્દ્રિય શિક્ષણના સાધનો દ્વારા રંગ, આકાર, પરિમાણ, સ્વાદ, ગંધ, સ્પર્શના અનુભવો દ્વારા વિવિધ જ્ઞાનેન્દ્રિયો દ્વારા તેની સ્મૃતિ વધુ તેજ બનાવી શકાય છે.

**તર્ક :**

તર્ક પણ એક માનસિક પ્રક્રિયા છે. તેના દ્વારા વ્યક્તિ કોઈપણ ઘટના કે બાબત પર વિચાર કરે છે. સંપૂર્ણ વિચાર કર્યા બાદ તે તર્કના આધારે ચર્ચા કરી શકે છે, દલીલ કરી શકે છે, સામાન્યીકરણ કે અલગીકરણ કરી શકે છે.

'તર્ક કોઈ સમસ્યા ઉકેલવા માટે દલીલ આધારિત જવાબરુપે પ્રગટ થાય છે.'

તર્ક એ ધ્યેયલક્ષી બૌદ્ધિક પ્રક્રિયા છે. તેમાં અનુમાનોનો સમાવેશ થાય છે. તેમાં નિર્ણય તારવવાની પ્રક્રિયા થાય છે, તેમાં મગજમાં સંગ્રહાયેલી માહિતીનો ઉપયોગ પણ થાય છે.

## 2.7 જ્ઞાનેન્દ્રિયોના વિકાસ માટેની મોન્ટેસરી પદ્ધતિ

જગત વિશેનું બધું જ્ઞાન આપણે જ્ઞાનેન્દ્રિયો મારફત મેળવીએ છીએ. જે અવયવથી આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ તેને જ્ઞાનેન્દ્રિયો કહે છે. જેમ કે અવાજ વિશેનું જ્ઞાન કર્ણેન્દ્રિય દ્વારા મળે છે. શરીરમાં મુખ્ય પાંચ જ્ઞાનેન્દ્રિયોછે.

- શબ્દ /અવાજનું જ્ઞાન (Auditory sense) આપનારી ઈન્દ્રિય :કાન
- સ્પર્શનું જ્ઞાન આપનારી ઈન્દ્રિય (Tactile sense) : ત્વચા
- દર્શનની ઈન્દ્રિય (Visual sense) : આંખ
- ગંધની ઈન્દ્રિય (Olfactory sense) : નાક
- સ્વાદ–રસની ઈન્દ્રિય (Sense of taste) : જીભ

આ પંચેન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્તિ થાય છે. નાનપણથી જ વિવિધ અનુભવો દ્વારા તેનો વિકાસ કરવાથી બુદ્ધિનો વિકાસ સારો થાય છે. મેડમ મોન્ટેસરીનું દ્રઢપણે માનવું છે કે બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ ઈન્દ્રિયોના વિકાસ પરજ અવલંબે છે. માણસના સર્વાંગ સુંદર વિકાસ માટે ઈન્દ્રિય વિકાસની પરિપૂર્ણતા આવશ્યક છે. માટે જ મોન્ટેસરી પદ્ધતિમાં ઈન્દ્રિય શિક્ષણ પર ખૂબ ભાર મૂકવામાં આવેલો છે. હવે આ મોન્ટેસરી પદ્ધતિ વિશે આપણે વિગતે અભ્યાસ કરીશું.

મોન્ટેસરી પદ્ધતિમાં મુખ્યત્વે ત્રણ તત્વોની ચર્ચા કરવામાં આવી છે.

**સ્વાધીનતા :**

સાવ નાનું બાળક ખોરાક અને અન્ય ક્રિયામાં તેની માતા કે અન્ય પર આધારિત હોય છે. ધીમે–ધીમે તે જાતે ખાતું થાય છે, જાતે ચાલતાં–દોડતાં શીખે છે અને તે સ્વાધીનતા તરફ ગતિ કરે છે. છ વર્ષે બાળક પોતાના મોટાભાગના કાર્યો જાતે કરી શકે તેટલું સ્વાધીન તેને બનાવવું જોઈએ. આ માટે તેને પ્રવૃત્તિ આપવી, તેને વધુ પડતા બંધનોથી મુક્ત કરવું જોઈએ. જેમ બિનજરુરી કાળજી વધુ લેવામાં આવે તેમ સ્વાધીનતા ઘટે છે અને શક્તિ મર્યાદિત થાય છે. આપણે બાળકોને પોતાની મેળે ચાલતા, દોડતા, દાદરો ચડતા–ઉતરતા, કપડાં પહેરતા–કાઢતા, નાહતા, ચોખ્ખું બોલતા, પોતાની જરુરિયાતો સ્પષ્ટ રીતે જાહેર કરતાં શીખવવામાં મદદ કરવી જોઈએ નહી. 3 થી 6 વર્ષની ઉંમરમાં સ્વાધીનતાની કેળવણી આપવી આવશ્યક છે.

**નિયમન :**

આજે કેળવણીના ક્ષેત્રે નિયમન માટે ખૂબ પ્રયત્નો થાય છે. પરંતુ નિયમન જેમાંથી ઊભું થઇ શકે છે તેવી સ્વંસ્કૂરિત ક્રિયા–શક્તિનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરવા દેવામાં આવતી નથી. તોફાનના નામે તેને ગુંગળાવી દેવામાં આવે છે. નિયમન એટલે સ્વાર્પણ જયારે બાળકને ગમતી પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતા મળે છે ત્યારે નિયમન આપોઆપ વિકસતું જોવા મળે છે. આપણે નિયમન ખાતર બાળકોને પ્રવૃત્તિ આપીએ તેના કરતાં પોતાની પસંદગીની પ્રવૃત્તિ કરી બાળક જાતે નિયમન મેળવે તે સાચો સિદ્ધાંત છે તેમ મોન્ટેસરી માનતા હતા.

**સ્વતંત્રતા :**

વિકસતા બાળકને સ્વાતંત્ર્ય મળવું ખૂબ જરુરી છે. સ્વતંત્રતા એટલે પોતાના રસની પ્રવૃત્તિઓ કરવા બાળક મુક્ત હોય. પોતાનું તંત્ર બાળક જાતે જ ચલાવે. તેના પર કોઇ બંધન લાદવામાં ન આવે અને વિકસિત બનવાની પૂરી તક આપવામાં આવે. બાળકનો કુદરતી સ્વભાવ જ સ્વતંત્ર થવાનો હોય છે. એટલે જ તે જાતે ખાવા, ચાલવા અને દોડવા પ્રયત્ન કરે છે. સ્વતંત્રતા આપવાથી જ બાળકની વિશિષ્ટ શક્તિઓ, તેને પડતી મુશ્કેલીઓ, તેના રસ, રુચિ વગેરે જાણી શકાય છે અને તે અનુસાર વિકાસનો માર્ગ કંડારી શકાય છે. શિક્ષણમાં જો ખરું સ્વતંત્ર્ય આવે તો શિક્ષા, ઇનામ, હરિફાઇની પ્રથાનો પણ અંત આવે અને બાળક સ્વયંસ્ફૂરણાથી સ્વતંત્ર પ્રવૃત્તિ કરતું સ્વાધીનતાને માર્ગે જાય છે અને આપોઆપ સાચું નિયમન પણ પ્રગટે છે.

મેડમ મોન્ટેસરીએ ઇન્દ્રિય શિક્ષણ માટે કેટલાક સાધનોનો ઉપયોગ કર્યો હતો. આ સાધનોની વિશેષતા નીચે પ્રમાણે છે.

- સાધનો આકર્ષક છે.
- સાધનો મજબૂત અને ટકાઉ છે.
- સાધનો સ્વયંભૂલ સુધારક છે.
- સાધનો ક્રિયાત્મક છે.
- સાધનોમાં ક્રમે–ક્રમે સહેલા તરફથી અઘરા તરફ જવાય છે.
- સાધનોમાં એકાકીકરણનું તત્વ સચવાય છે. (એક સાઘન વડે એક સમયે એક જ ઈન્દ્રિયનું શિક્ષણ એટલે એકાકીકરણ)
- બાળકો સહેલાઇથી હેરફેર કરી શકે તેવા સાધનો છે.
- આ સાધનો પ્રબોધક છે (માનસિક વિકાસને પ્રેરનારા)

**ઇન્દ્રિય શિક્ષણના સાધનો :**

- દર્શેન્દ્રિયના સાધનો : દર્શેન્દ્રિયમા ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.
- પરિમાણ: દટ્ટાપેટી નં. 0, 1, 2, 3, 4
- ગુલાબી મિનારો, પહોળીસીડી, લાંબી સીડી, ટોપકા વગરની દટ્ટાપેટી
- રંગ : મૂળ રંગની તક્તી, મિશ્રરંગની તક્તી, છાયારંગની તક્તી
- આકાર : ભૌમિતિક આકૃતિની પેટી

- રચના પેટી – 1, 2, 3, 4
- સ્પર્શેન્દ્રિયના સાધનો :
- સ્પર્શના પાટિયા – 1, 2, 3, 4 સ્પર્શની તક્તી, સ્પર્શના રુમાલ, વજનની તક્તી, ચલસ્પર્શ, શીતોષ્ણ પારખવાનું સાધન
- કર્ણેન્દ્રિયનું સાધન : અવાજની ડબ્બી
- ધ્રાણેન્દ્રિયનું સાધન : ગંધની ડબ્બી અથવા પોટલી.
- સ્વાદેન્દ્રિયનું સાધન: ગળ્યો, ખાટો, ખારો, તૂરો, કડવો એ પાંચ મુખ્ય સ્વાદ માટેનું સાધન

આમ મોન્ટેસરી પદ્ધતિ એ બાળકેળવણીનું એક શાસ્ત્ર છે. તેમાં સિદ્ધાંતો અને તે અનુસાર સાધનો પણ છે. સાધનના ઉપયોગની ચોક્કસ રીત પણ છે. આજે પણ તે પ્રસ્તુત છે. અલબત્ત તેનો સિદ્ધાંત વિચાર અને સાધન ઉપયોગ માટે તાલીમ લેવી આવશ્યક છે .બાળકોના શારીરિક અને માનસિક વિકાસને પ્રેરતી આ એક ઉત્તમ પદ્ધતિ જગવિખ્યાત છે.

**પ્રગતિ ચકાસો :**

- **બાળ શિક્ષણમાં જ્ઞાનેન્દ્રિયોના વિકાસનું શું મહત્વ છે ?**
- **'સ્વતંત્રતા વિના બાળવિકાસ શક્ય નથી' – વિધાન સમજાવો.**
- **મોન્ટેસરી પદ્ધતિના સાધનોની વિશેષતા લખો.**
- **પાંચ જ્ઞાનેન્દ્રિયોની કેળવણી માટેના મોન્ટેસરીના સાધનોની યાદી બનાવો.**

## 2.8 કિન્ડર ગાર્ટન પદ્ધતિ (ફ્રોબેલ)

ફ્રોબેલની શિક્ષણ પદ્ધતિનો મુખ્ય સિદ્ધાંત સર્જનાત્મક સ્વયંપ્રવૃત્તિ દ્ધારા બાળકનો સર્વાંગી વિકાસ છે. બાળકોની પ્રવૃત્તિ દેખીતી રીતે હેતુરહિત હોવા છતાં પ્રવૃત્તિ થતાં બાળકનું તંત્ર ગતિશીલ બને છે અને ઉપયોગમાં આવે છે અને ઉપયોગીતા નિરંતરતામાં રહેવાથી તેનો વિકાસ થાય છે. પ્રવૃત્તિઓ દ્ધારા તેની સફળતા, નિષ્ફળતા, તેની શક્તિ–અશક્તિઓનું તેને ભાન થાય છે. પ્રવૃત્તિઓ આપ મેળે થઇ શકતી નથી પરંતુ પ્રવૃત્તિઓની દોરવણી મન દ્ધારા થતી હોવાથી તેનો માનસિક વિકાસ પણ થાય છે અને એમ કરતાં પોતાની પ્રવૃત્તિઓ ઉપર પોતાનો અંકુશ સ્થાપિત થતો જાય છે.

સ્વયં પ્રવૃત્તિ દ્ધારા એક રીતે બાળક પોતાનું ઘડતર કરે છે. જ્ઞાન શક્તિ મેળવે છે, આત્મસાત કરે છે અને આવી રીતે સ્વયંપ્રવૃત્તિ દ્ધારા આત્મસાત કરેલું જ્ઞાન સર્જનાત્મક પ્રવૃત્તિઓના પરિણામ ઉપરથી જે જ્ઞાન, શિક્ષણ સંપાદન કરેલા છે તેનું કંઈક આપણને દર્શન થાય છે. વિકાસનું દર્શન જેમ આપણામાં આનંદ ઉત્સાહ પ્રગટાવે તેમ બાળકમાં પણ તે આનંદ પ્રગટાવે છે અને શ્રદ્ધા વિશ્વાસ જન્માવે છે ને તેમ થતાં તેનું વ્યક્તિત્વ વધુ સાકાર બને છે.

### 2.8.1 ફ્રોબેલની બક્ષિસ

ફ્રોબેલના શૈક્ષણિક સાધનોને ફ્રોબેલની બક્ષિસ કહે છે ખરેખર આ શૈક્ષણિક સાધનો બાળકો માટે એક અમૂલ્ય ભેટ (બક્ષિસ) સમાન જ છે. કિન્ડર ગાર્ટન (K.G.) શાળા જગત સમક્ષ મૂકી ફ્રોબેલ ખરા અર્થમાં બાળકોના સર્વાંગી વિકાસ માટેનો માર્ગ ખોલી આપ્યો.

### 2.8.2 બક્ષિસોનું સ્વરુપ

1) ઉનના રંગીન છ દડા : આમાં ઉનના રંગીન છ દડાઓ છે અને તેમાં ત્રણ મૂળ રંગના છે અને બીજા ત્રણ મૂળ રંગના મિશ્રણમાંથી બનતા રંગોના છે.
2) ગોળ ઘન અને નળાકારની પેટી : જેમાં એક ગોળ, એક ઘન અને એક નળાકાર ઘન હોય છે. આ રમતમાં તેને જે દર્શન થાય છે, તે ઉપરથી ગોળ અસ્થિર છે અને ઘન સ્થિર છે એવું જ્ઞાન થાય છે.
3) મોટા ઘન અને તેના ભાગ : એક મોટા ઘનના આઠ સરખા ભાગો કરેલા છે. આમાં સમગ્ર અને અંશના સંબંધનો અને તેમની સાથેના પરસ્પર સંબંધનો બાળકને ખ્યાલ આવે છે.

આ ઉપરાંત 4) મોટા ઘન અને તેના લંબચોરસ ભાગ, 5) મોટા ઘન તથા ધનાકાર અને ત્રિકોણાકાર ભાગ 6) મોટા ઘન અને તેના લંબચોરસ ભાગ 7) ક્ષેત્રાકારની પેટી 8) સળીની પેટી 9) વર્તુળ અને અર્ધવર્તુળાકાર રંગીન પેટી.

બહારથી રમત દેખાતી આ પ્રવૃત્તિ દ્વારા બાળકો પોતાના આંતરમનનું દર્શન કરાવે. આ બક્ષીસો દ્વારા બાળકો જુદી–જુદી ભૌમિતિક રચનાઓ તૈયાર કરે અને જે જ્ઞાન બાળકોને મળતું તે ઉદ્યોગોની પ્રવૃત્તિઓ દ્વારા વ્યવહારમાં ઉતરતું.

### 2.8.3 ફ્રોબલની હસ્તઉદ્યોગની પ્રવૃત્તિઓ

માટીકામ, ઘડીકામ, કાતરકામ, રંગકામ, સાદડી ગૂંથવી, સિવણકામ, મીણની રચનાઓ, ચિત્રકામ આમ ફ્રોબેલે ગીતો, વાર્તાઓ, પ્રવૃત્તિઓ આપીને બાળકના જીવનને આનંદ ઉત્સાહથી ભર્યું.

પ્રગતિ ચકાસો :

- ફ્રોબેલની શિક્ષણ પદ્ધતિના મુખ્ય ફલિતાર્થ જણાવો.
- ફ્રોબેલની બક્ષિસોનું સ્વરુપ જણાવો.

## 2.9 બાળકમાં રસ (રુચિ) તેમજ સર્જનાત્મકતાનો વિકાસ અને માપન

### 2.9.1 રસ

બાળકને જેમાં રસ પડ્યો હોય તે કાર્ય કરવા બાળક પ્રેરાય છે. બાળક રસ દ્વારા જ જ્ઞાન સંપાદન કરે છે. જો શિક્ષક બાળકની કેળવણીમાં, રમવામાં કે ઈત્તર પ્રવૃત્તિમાં રસ કેળવી શકે તો બાળકને પ્રવૃત્તિ કરવા માટે દબાણ કરવું પડતું નથી. બાળક પ્રવૃત્તિ કરવા માટે આપમેળે જ પ્રેરાય છે. બાળકને રસ ઉત્પન્ન થાય તો તેને માટે તે પ્રયત્નો પણ આદરે છે અને કાર્ય પૂર્ણ કરવાનો આત્મસંતોષ પણ અનુભવે છે. આથી શિક્ષકે, મા બાપે અને કેળવણીકારોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે બાળક કેન્દ્રમાં છે નહિ કે વિષય. વિષય શીખવતી વખતે વિષયને રસમય બનાવવાં કરતાં, તે વિષય પ્રત્યે રુચિ ઉત્પન્ન કરવી જરુરી છે.

**રસની સંકલ્પના:**

ક્રો અને ક્રોના મતે “રસ એ એક એવી પ્રેરક શક્તિ છે, જે આપણને કોઇ વ્યક્તિ, વસ્તુ કે ક્રિયા પ્રત્યે ધ્યાન આપવાની ફરજ પાડે છે”

ગાર્ડનર મર્ફી પણ જણાવે છે કે, “વ્યક્તિના કોઇ વસ્તુ પ્રત્યેના ધ્યાન સાથે સંકળાયેલું વલણ છે, જેને લીધે વ્યક્તિ અમુક પદાર્થો પ્રત્યે સહેલાઇથી અને મુક્તપણે ધ્યાન આપે છે.”

રસ એટલે શું ? રસ બાળકની વર્તણૂંક અને વિકાસમાં શું ભાગ ભજવે ? બાળકના વિવિધ રસ કયા હોય છે ? અને તેને કેવી રીતે વિકસાવી શકાય ? એવા અનેક પ્રશ્નો મા–બાપ અને શિક્ષકને મૂંઝવતા હોય છે. તે માટે બાળકના રસની ખાસિયતો જાણવી જરુરી છે.

- બાળકને વિવિધ પ્રવૃત્તિઓમાં રસ હોય છે. ઘણી વખત તેમને એકબીજાથી તદ્દન ભિન્ન એવા અનુભવો લેવા ગમે છે.
- ઘણી વખત નજીવી ચીજોમાં પણ બાળકને રસ પડે છે અને તેમાંથી આત્મસંતોષ મેળવે છે.
- બાળકને કાર્યની કે રમતની પસંદગી આપવામાં આવે તો પોતાનો મિત્રો જે કરતો હોય તે કરવા પ્રેરાય છે.
- બાળક ઘણી વખત કાર્યનું સતત પુનરાવર્તન કરતો હોય છે કારણ કે તેને તેમાં રસ પડે છે આને કારણે તે આ કાર્યનો નિષ્ણાત બનતો જાય છે.
- રસવાળા કાર્યથી તેમાં સાંપડતી સફળતા તેને આનંદ આપે છે અને તે આનંદની લાગણી તેને વધુ પ્રયત્ન કરવા પ્રેરે છે.
- બાળકોનો રસ એક ધારો રહેતો નથી શરુઆતમાં સંગીત કે ચિત્રકલાનો શોખ મોટા થઇ કોઇ બીજી પ્રવૃત્તિ તરફ વળે છે

**2.9.2 રસના પ્રકાર અને ક્ષેત્રો**

રસના પ્રકાર નીચે મુજબ છે.

**1) નૈસર્ગિક રસ અથવા સ્વાભાવિક રસ :**

કોઇપણ વિષયમાં પડતા આપોઆપ રસને નૈસર્ગિક રસ કે સ્વભાવિક રસ કહે છે .ઘરની વ્યક્તિઓના રસ, શાળાના શિક્ષકના રસ તરફ બાળક દોરવાય છે અને આપોઆપ રસ લેતો થાય છે . આમાં પ્રયત્ન કરવા પડતા નથી. આ રસ કુદરતી રીતે જ નિષ્પન્ન થાય છે.

**2) ઉપાર્જિત રસ કે કેળવાયલો રસ :**

કોઇ ધ્યેયની પ્રાપ્તિ માટે તે વિષયમાં રસ કેળવવો એટલે કેળવાયેલો રસ. આમાં રસ અને ધ્યાનને હેતુ બનાવી સાધ્ય કરવા પડે છે. દા.ત. ડૉક્ટર બનવા માનવ અંગો અને પ્રાણીઓના અંગો તરફ ધ્યાન આપવું. આમ પ્રયત્નપૂર્વક રસ પેદા કરવામાં આવે છે.

**પૂર્વ પ્રાથમિક કક્ષાના બાળકોના રસના ક્ષેત્રો :**

પૂર્વ પ્રાથમિક કક્ષાના બાળકોના રસ વિવિધતા સભર હોય છે. બાળક આજે એક વસ્તુ પસંદ કરીને ખૂબ રસ લે છે અને રસ પૂરો થતા તરત જ છોડી દે છે. બાળક સજીવ–નિર્જીવ, મૂર્ત–અમૂર્ત એવી બધી જ વસ્તુઓમાં રસ લે છે, પ્રિ–સ્કૂલના બાળકો નીચેની પ્રવૃત્તિમાં વિશેષ રસ લેતા જોવા મળે છે.

**માટી :** બાળકોને માટીમાં રમવામાં અનેરો આનંદ મળે છે. માટીમાં બાળકના હાથ આપોઆપ ક્રિયા કરવા લાગે છે. બાળક જેનો ધ્યાનનો વિસ્તાર 5 થી 7 મિનિટનો જ છે. તે માટીમાં એકાદ કલાક પણ સહજતાથી વિતાવી દે છે. માટીના ઢગલાં કરવાં, ભીની માટીમાં આંગળી કે સળી વડે લીટા કરવા, માટીના રમકડાં બનાવવા, માટીમાં જુદી જુદી છાપ ઉપસાવવી આ તેના રસની પ્રવૃત્તિ છે.

**પાણી :** પાણીમાં છબછબ કરતાં બાળકને જોવું એ અનેરો લ્હાવો છે પાણી બાળકને ખૂબ પ્રિય છે. ન્હાવા માટે અકરાતું બાળક પાણીની રમતો માટે તૈયાર જ હોય છે. શીશીમાં પાણી ભરવું, રંગીન પાણી બનાવવું, અમસ્તુ–અમસ્તુ પાણી ઢોળવું, પાણીમાં મોઢું જોવું આવી પ્રવૃત્તિઓમાં બાળક આનંદથી વિતાવે છે.

**રેતી :** રેતીમાં ગલોટિયા ખાતું બાળક એ રજૂ કરે છે કે મને રેતીમાં ખાડા કરવા, શીશામાં રેતી ભરવી આ બધી પ્રવૃત્તિઓ ગમે છે. અહીં બાળકની તલ્લીનતા યોગી જેવી જોવા મળે છે.

**રમકડાં :** જાતજાતના અને ભાતભાતના રમકડાંથી બાળક હંમેશા તલ્લીનતાથી રમે છે .રમકડાં, એ બાળકના પ્રથમ દોસ્ત છે. રમકડાં બાળકને નુકશાન ન કરે અને બાળકની માનસિકતા નકારાત્મક રીતે ન ઘડે તેની કાળજી અવશ્ય રાખવી જોઇએ.

**ક્રિડાંગણ :** બાળકને ક્રિડાંગણ ખૂબ વ્હાલું છે. બાળક હિંચકા, લપસણી, જંગલજીમ, ઉચક–નીચક જેવા સાધનોથી ખુબ રસિકતાથી જોડાયેલા રહે છે.

**સંગીત :** હાલરડાં, જોડકણા, બાલગીતો, અભિનય ગીતો, સંગીતના વાદ્યો પ્રત્યેનું આકર્ષણ વગેરે બાળકના ખૂબ જ રસના વિષયો છે. ભાગ્યેજ કોઇક બાળકો હશે, જેમને સંગીતનું આકર્ષણ નહિ હોય.

આ ઉપરાંત બાળ રમતો, બાળવાર્તા, સર્જનાત્મક પ્રવૃત્તિઓ વગેરે પણ બાળકના રસના વિષયો છે.

**રસ કેળવવો કેવી રીતે ?**

- બાળકના રસ અને રુચિ અનુરુપ વાતાવરણનું નિર્માણ કરવું.
- બાળકના રસના વિષયના પુનરાવર્તનને આવકારવું.
- બાળકના વ્યક્તિગત રસને પ્રોત્સાહન આપવું.
- બાળક જે વિષયથી દૂર હોય અથવા નિરસતા બતાવતું હોય ત્યાં અપરોક્ષ રીતે બાળકને અભિમુખ કરવું.

**પ્રગતિ ચકાસો :**

- **રસની સંકલ્પના સ્પષ્ટ કરો.**
- **રસના પ્રકારો જણાવો**
- **પૂર્વ પ્રાથમિક કક્ષાના બાળકોના રસના ક્ષેત્રો જણાવો**
- **પૂર્વ પ્રાથમિક કક્ષાના બાળકોનો રસ કેળવવા શું કરશો?**

### 2.9.3 સર્જનાત્મકતાની સંકલ્પના

સર્જનાત્મકતાની સંકલ્પના સીધી રીતે આપી શકાય તેમ નથી, છતાં સર્જનાત્મકતા વિશે કેળવણીકારોએ લખવાનો પ્રયત્ન કર્યો છે. જો કે સર્જનાત્મકતા વિશે કેળવણીકારોના મત ભિન્ન હોવા છતાં નીચેના ઘટકો સાથે બધા એકમત છે.

- કલ્પના : કોઈ બાબત કે પરિસ્થિતિ વિશે વિચારવું
- મૌલિકતા : નવા અને અસામાન્ય વિચારો જન્માવવા
- ઉત્પાદન ક્ષમતા : વૈવિધ્યપૂર્ણ જુદા જુદા વિચારો આપવા
- સમસ્યા ઉકેલ : જ્ઞાન અને કલ્પનાનો આપેલી પરિસ્થિતિમાં ઉપયોગ કરવો.

દરેક બાળક સર્જનાત્મક શક્તિ ધરાવતું જ હોય છે અને તે સર્જનાત્મકતાને રજૂ કરવા માટે સક્ષમ પણ હોય છે. દરેક બાળકની સર્જનશક્તિ તેના વિકાસના વ્યક્તિગત તબક્કા પ્રમાણે હોય છે. દરેક બાળકની સર્જનાત્મકતાને મૂલવવાં કરતાં તેની સર્જનાત્મકતાની પ્રક્રિયા તરફ ધ્યાન આપવું જોઇએ.

માનવી પોતાના કામમાંથી ફુરસદ મેળવે ત્યારે, કલા જન્મે છે એવો એક મત છે. આને ફુરસદનો ઉપયોગ કહી શકાય, સદ્ઉપયોગ નહિ. જુના જમાનામાં ઘંટીએ દળવાનું કામ થતું તેની સાથે પ્રભાતિયાં ગવાતાં, ખાંડણિયામાં ધાન્ય ખંડાતા અને ખાયણાં ગવાતા, પાપડ વણાતા અને ગીત ગવાતાં, આ બધા ગીતોનો રાગ, તાલનો મેળ એ તે પ્રવૃત્તિ સાથે બંધ બેસતો, કલા જીવનથી વિખુટા પડી ન હતી.

કુંભારના માટલાંના ઘાટ તથા તેમનાં પરનાં ચિત્રો, ગાર લીંપાતા ઉતારાતી ઓકળીઓ, વાસણો પરની કોતરણીઓ, હસ્તલિખિત પુસ્તકમાંના ચિત્રો આ બધું બતાવે છે કે કલા જીવનના પ્રત્યેક વ્યવહાર સાથે વણાઇ ગઇ હતી.

### 2.9.4 સર્જનાત્મકતાનો વિકાસ

**બાલમંદિરમાં કલાપ્રવૃત્તિ:**

આપણા જીવન વ્યવહાર સાથે જેટલી વણી શકાય તેટલી કલાને વણી લેવાની કોશિશ તો આપણે કરવી જ જોઇએ. બાલમંદિરમાંની દરેક પ્રવૃત્તિ બાળક સફાઇથી, સુઘડતાથી, યોગ્ય રીતે અને પ્રસન્નતાથી કરે એ એણે કલામય રીતે કર્યું છે તે આપણે સ્વીકારવું જોઇએ. સુઘડતા, વ્યવસ્થિત અને ચોક્સાઇપૂર્વક કામ થાય તો ઘણું સારું પણ કામ ગમે તે હોય તેમાં પ્રાણ રેડીને એકચિત્તે, સાવધાનીપૂર્વક અને પ્રેમપૂર્વક કરાય ત્યારે તેમાં કલા પ્રગટે.

સર્જનાત્મકતાના વિકાસ બાબતે શિક્ષકે નીચે મુજબની કાળજી લેવી જોઇએ.

- ખંડમાં સારા જાણીતાં ચિત્રકારના ચિત્રો લગાવવા જોઇએ.
- શિવાજી કે વિવેકાનંદ જેવા સર્વસામાન્ય મહાપુરુષોના ચિત્રો લગાવવા જોઇએ.
- સારા કુદરતી દ્રશ્યોના ચિત્રો ટીંગાડી, એવી ફ્રેમ વસાવવી કે જેથી ચિત્રો આપણે સરળતાથી બદલી શકીએ.
- ચિત્રોની માફક સારી શિલ્પકૃતિને સ્થાન આપી શકાય.
- ધ્યાનસ્થ બુદ્ધ કે ચેતક પર બેહેલા રાણા પ્રતાપ જેવી પ્રતિમા પસંદ કરી શકાય.
- વીરતા, બલિદાન, ત્યાગ, કરુણા, વાત્સલ્ય વગેરે ભાવો દર્શાવતી કલાકૃતિઓ પસંદ કરવી.

- વૈરાગ્ય, દીનતા એવા ભાવો જગાવે તેવી કૃતિઓ રજૂ કરવી હિતાવહ નથી.
- બાલગીતો પ્રત્યે રુચિ કેળવવી જોઇએ.

**જાણવા જેવું (માત્ર માહિતી હેતુ)**

**સર્જનશીલતાના વિકાસ માટે નીચેની પ્રવૃત્તિ કરાવી શકાય**

- રંગીન ચોકથી જમીન પર ચિત્રો દોરવા.
- ચિત્રમાં રંગ પૂરવા.
- રંગીન ચિત્રોના આલ્બમ બનાવવા.
- દોરીકામ
- વર્તમાનપત્રોમાંથી વિવિધ ટોપી બનાવવી.
- કાતરકામ
- સ્પ્રે વર્ક કરવું
- માટીકામ
- આસોપાલવ/આંબાના પાનના તોરણ બનાવવા.
- ફૂલહાર બનાવવા.
- ભીંડા/બટાટાથી છાપકામ કરવું.
- બારીકકામ
- બાંધણી બાંધવી.
- 'સા' સ્વરની સાધના કરવી.
- તાલી, ચપટી, ખંજરી, મંજીરા વડે તાલ શીખવવા.
- અભિનય ગીતો કરાવવા.
- સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું.
- વિવિધ વાદ્યોનો અવાજ સંભળાવવો.

**પ્રગતિ ચકાસો**

- **સર્જનાત્મકતાની સંકલ્પના સ્પષ્ટ કરો.**
- **એક શિક્ષક તરીકે સર્જનાત્મકતા વિકસાવવા શું શું કરશો?**

## 2.10 પ્રાયોગિક કાર્ય

- પૂર્વ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રના કેળવણીકારોનો પરિચય કરાવવો – રુસો, પેસ્ટોલોજી, ફ્રોબેલ, મેકમિલન બહેનો, મેડમ મોન્ટેસરી, ગિજુભાઇ બધેકા, તારાબેન મોડક, જુગતરામભાઇ દવે.
- કિન્ટર ગાર્ટન (કે.જી.) મોન્ટેસરી અને નર્સરી શાળા અંગેની સમજ કેળવાય તે માટે સંબંધિત લેખો/પુસ્તકો વંચાવવા.
- બાળકો સંબંધી અવલોકન નોંધ તૈયાર કરાવવી (જેમાં બાળકના સમગ્ર વિકાસનો આલેખ ઉતારી શકાય)
- ચિત્રપોથી તૈયાર કરવી.
- સર્જનાત્મક પ્રવૃત્તિ માટે એક બુક તૈયાર કરાવવી. જેમાં હસ્તઉદ્યોગના નમૂનાઓ તૈયાર કરાવવા.
- બાળકની કલાદ્દષ્ટિ વિકસે તેવા કાર્યક્રમોનું આયોજન કરાવવું.
- બાળકોમાં આરોગ્યપ્રદ ટેવો વિકસે તેવા કાર્યક્રમો કરવા.
- પૂર્વ પ્રાથમિક કક્ષાના બાળકોના વાલીઓ સાથે સંગોષ્ઠી યોજવી.

- એક બાળકનો વ્યક્તિ અભ્યાસ કરાવવો.
- પૂર્વ પ્રાથમિક કક્ષાના જીવનવ્યવહાર, ભાષા, ગણિતના શૈક્ષણિક ઉપકરણોનું નિર્માણ કરાવવું.
- માનસિક વિકાસને પ્રેરનારા સાધનો બનાવવા.
- પૂર્વ પ્રાથમિક કક્ષાના બાળકો માટે વિવિધ પ્રદર્શનો યોજવા જેવા કે, શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન, વાસણ પ્રદર્શન, ફળ/ફૂલ/શાકભાજી પ્રદર્શન, ઢીંગલી પ્રદર્શન, કપડાં(ઋતુ અનુસાર) પ્રદર્શન, સંગીતના વાદ્યોનું પ્રદર્શન, સુથારી/લુહારી કામના ઓજારોનું પ્રદર્શન.

## 2.11 સંદર્ભ સૂચિ


- દુષ્યંત પંડ્યા (1998), બાલવિકાસ : મોન્ટેસરી પદ્ધતિ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ.
- ડૉ. નનુભાઇ એસ. દોંગા (2012), અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, નિજ્ઞન સાયકો સેન્ટર રાજકોટ.
- સાધનપોથી, નૂતન બાલ શિક્ષણસંઘ, ભાવનગર.
- આનંદરાવ લિંગાયત, (1957) બાળમાનસ, મહાજન પબ્લિશિંગ હાઉસ, ગાંધીરોડ, અમદાવાદ.
- મુળશંકર મો. ભટ્ટ, ઘરમાં બાલમંદિર, નૂતન બાલ શિક્ષણ સંઘ, ભાવનગર.
- દમુબેન મોદી / ઉષા પટેલ, બાલમંદિર એટલે, નૂતન બાલ શિક્ષણ સંઘ, ભાવનગર.
- બધેકા ગિજુભાઈ, મોન્ટેસરી પદ્ધતિ, નૂતન બાળ શિક્ષણ સંઘ, ભાવનગર.
- આનંદરાવ લિંગાયત, પૂર્વ પ્રાથમિક કેળવણી.
- વૈદ્ય સુ, પૂર્વપ્રાથમિક કેળવણીનું દર્શન.
- મૈચાણી જે, ગુજરાતમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ, સંકલ્પના અને વિકાસ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
- પટેલ, 'આદિત્ય કિરણ' જુલાઇ ૨૦૧૩

# એકમ- 3 મનોસામાજિક વિકાસ અને સામાજિકીકરણ

3.1 પ્રસ્તાવના

3.2 ઉદ્દેશો (Objectives)

3.3 મનોસામાજિક વિકાસ (એરિક્સનનાં સિદ્ધાંતો)

3.3.1 વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ (જન્મથી 12-18 માસ)

3.3.2 સ્વાયત્તતા વિરુદ્ધ શરમ (18 માસથી 3 વર્ષ)

3.3.3 પહેલ કરવી વિરુદ્ધ અપરાધભાવ (3 વર્ષથી 6 વર્ષ)

3.3.4 પરિશ્રમ વિરુદ્ધ લઘુતા (6 વર્ષથી 12 વર્ષ)

3.3.5 ઓળખ વિરુદ્ધ ભૂમિકા – મૂંઝવણ (તરુણાવસ્થા – 12 થી 18 વર્ષ)

3.3.6 ગાઢ સંબંધ વિરુદ્ધ વિખૂટાપણું (પૂર્વ પુખ્તાવસ્થા)

3.3.7 સર્જકતા વિરુદ્ધ સ્થગિતતા – સ્વકેન્દ્રિતતા (મધ્ય પુખ્તાવસ્થા)

3.3.8 પરિપૂર્ણતા વિરુદ્ધ નિરાશા (ઉત્તર – પુખ્તાવસ્થા)

3.4 મનોસામાજિક વિકાસ (એરિક્સનનાં સિદ્ધાંત)ના શૈક્ષણિક ફલિતાર્થો

3.5 સામાજિકતાનો વિકાસ

3.5.1 સામાજિકતાના વિકાસને અસર કરતાં પરિબળો

3.5.2 સામાજિકતાના વિકાસનો શિક્ષણમાં વિનિયોગની અગત્યતા અને તેને નિયંત્રિત કરવાની ક્ષમતાનો વિકાસ (શૈક્ષણિક ફલિતાર્થ)

3.5.3 સામાજિકીકરણની સંકલ્પના

3.5.4 બાળકના સામાજિકીકરણના સંદર્ભો– પરિબળો

3.5.5 સામાજિકીકરણમાં સામાજિક–આર્થિક સાંસ્કૃતિક ભિન્નતાં

3.6 સારાંશ

3.7 પ્રાયોગિક કાર્ય – ક્ષેત્રીય કાર્ય

3.8 સંદર્ભ સૂચિ

# એકમ-3 મનોસામાજિક વિકાસ અને સામાજિકીકરણ

## 3.1 પ્રસ્તાવના

કોઈપણ વિકાસમાં શિક્ષણ હંમેશા કેન્દ્રસ્થાને રહ્યું છે અને રહેશે. અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષકનું અધ્યાપન ત્યારે જ અસરકારક બને છે જ્યારે તે પોતાના વિદ્યાર્થીઓને બરાબર ઓળખતાં હોય. અધ્યાપનના આરંભે વિદ્યાર્થીઓનાં લક્ષણો અને તેમના પૂર્વજ્ઞાનથી શિક્ષક માહિતગાર હોય તે શિક્ષણની સફળતા માટે જરુરી છે. શિક્ષણ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું કામ ગણાય છે. વળી, જેમનામાં પરિવર્તન લાવવાનું છે તેમને પૂરેપૂરાં ઓળખ્યા–જાણ્યા વગર પરિવર્તન લાવવાનું મુશ્કેલ છે. આ સંદર્ભમાં શિક્ષણ રંગોની મેળવણી કરીને નવો રંગ બનાવવા જેવું કામ છે. અધ્યાપન જાણે શિક્ષકનાં હાથમાં રહેલો એક રંગ છે, અને વિદ્યાર્થીઓનાં લક્ષણો – પૂર્વજ્ઞાન એ બીજો રંગ છે. શિક્ષક બંને રંગોને જાણતા હોય તો જ અપેક્ષિત પરિવર્તનરુપી નવો રંગ બનાવી શકે છે. શિક્ષક પાસે ભણવા આવનાર વિદ્યાર્થીઓમાં કયા કયા તફાવતો મહત્વના છે? વિદ્યાર્થીઓમાં મહદ્ અંશે કેવા કેવા લક્ષણો જોવા મળે છે? આવા પ્રશ્નોના ઉત્તરો વિકાસલક્ષી મનોવિજ્ઞાન દ્વારા મળી શકે. વિકાસલક્ષી મનોવિજ્ઞાનમાં મનુષ્યના વિકાસનાં વિવિધ સિદ્ધાંતો છે. આ પ્રકરણમાં આપણે મનોસામાજિક વિકાસ અને સામાજિકીકરણ વિશે સમજ કેળવીશું.

## 3.2 ઉદ્દેશો (Objectives)

પ્રશિક્ષણાર્થીઓ...

3.2.1 મનોસામાજિક વિકાસની સમજ કેળવે.

3.2.2 મનોસામાજિક વિકાસને અસર કરતાં પરિબળો વિશે જાણે.

3.2.3 સામાજિકીકરણની સંકલ્પના સમજે.

3.2.4 સામાજિકીકરણને અસર કરતાં પરિબળો વિશે જાણે.

3.2.5 સામાજિકીકરણ પર અસર કરતાં પરિબળોનો પ્રયોગાત્મક અભ્યાસ કરતાં શીખે.

3.2.6 સામાજિકીકરણના સંદર્ભે બાળકોમાં જોવા મળતી ભિન્નતાનો પ્રયોગાત્મક અભ્યાસ કરતાં શીખે.

3.2.7 સામાજિકીકરણની ફલશ્રુતિ સંદર્ભે રચનાત્મક કાર્યક્રમોનું આયોજન, અમલીકરણ અને મૂલ્યાંકન કરતાં શીખે.

## 3.3 મનોસામાજિક વિકાસ (એરિક્સનનાં સિદ્ધાંતો)

મનોવૈજ્ઞાનિકોએ મનુષ્યના વિકાસની પ્રક્રિયાને વિભિન્ન અવસ્થાઓ, તબક્કાઓ કે સોપાનોમાં વહેંચીને તેને સમજાવતા સિદ્ધાંતો આપ્યા છે. આવા સિદ્ધાંતોને વિકાસની અવસ્થાઓનાં સિદ્ધાંતો

કહેવાય છે. એરિક્સનનો સિદ્ધાંત મનુષ્યના વ્યક્તિત્વનાં વિકાસની વિવિધ અવસ્થાઓ સમજાવે છે. તે વ્યક્તિના મનોવૈજ્ઞાનિક–સામાજિક વિકાસની સમજૂતી આપે છે.

એરિક્સન જણાવે છે કે દરેક અવસ્થાએ વ્યક્તિ વિકાસાત્મક કટોકટી–કાળનો સામનો કરે છે. આ દરેક કટોકટી કાળ દરમિયાન હકારાત્મક વિકલ્પ અને મૂળગત રીતે બિનસ્વાસ્થ્યપ્રદ વિકલ્પ વચ્ચે સંઘર્ષ ઉદભવે છે. વ્યક્તિ કઈ રીતે આ કટોકટી કાળની ઉકેલે છે. તે પ્રમાણે તેની અસર વ્યક્તિની સ્વપ્રતિમા ઉપર અને સમાજ પ્રત્યેના દ્રષ્ટિબિંદુ પર થાય છે. આ અસર કાયમ માટેની હોય છે. એરિક્સનના મતે મનોસામાજિક વિકાસની અવસ્થાઓ આ પ્રમાણે છે.

- વિશ્વાસ – અવિશ્વાસ (Trust – Mistrust)
- સ્વાયત્તતા – શરમ (Autonomy – Shame doubt)
- પહેલ કરવી – અપરાધભાવ (Initiative – Guilt)
- પરિશ્રમ – લઘુતા ( Industry – Interiority)
- ઓળખ – ભૂમિકા – મૂંઝવણ (Identity – Confusion)
- ગાઢસંબંધ – વિખૂટાપણું (Intimacy – Isolation)
- સર્જકતા – સ્થગિતતા (Generativity – Stagnation)
- પરિપૂર્ણતા – નિરાશા (Ego integrity – Despair)

આ બધી અવસ્થાઓનો ટૂંકમાં પરિચય મેળવીએ.

### 3.3.1 વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ (જન્મથી 12–18 માસ)

શિશુ પ્રથમ વર્ષ દરમિયાન ખોરાક, કપડા પહેરવા, બહાર જવું વગેરે બાબતમાં બીજા પર આધારિત હોય છે. માતા–પિતા તેને ઝુલાવે છે તેની સાથે વાતો કરે છે, રમે છે. આ આંતરક્રિયા તેના આગળના જીવનના વલણોને નક્કી કરે છે. જો શિશુની શારીરિક અને સાંવેગિક જરુરિયાતો સંતોષાય, તો તે પોતાના પર્યાવરણ પર વિશ્વાસ મૂકતા શીખે છે. જો ન સંતોષાય તો તેની આસપાસના લોકો અને વસ્તુઓ ઉપર અવિશ્વાસ ઉભો થાય છે અને ભયભીત બને છે.

### 3.3.2 સ્વાયત્તતા વિરુદ્ધ શરમ (18 માસથી 3 વર્ષ)

બીજા અને ત્રીજા વર્ષ દરમિયાન જયારે બાળક ચાલતા, બોલતા શીખે છે અને પોતાની જાતે કામ કરે છે ત્યારે માતા પિતા તરફથી મળતું પ્રોત્સાહન અને શિસ્ત પાલનના આગ્રહમાં સાતત્ય બાળકમાં સ્વાયત્તતા અને સ્વતંત્રતા વિકસાવવામાં મદદ કરે છે. પરંતુ જયારે માતા પિતા વધુ પડતું રક્ષણ આપનારા, શિસ્ત પાલનના આગ્રહમાં અસાતત્ય દર્શાવનારા કે ઓછી સ્વીકૃતિ આપનારા હોય ત્યારે બાળક શંકાશીલ બને છે અને પોતાના માટે શરમ અનુભવે છે.

### 3.3.3 પહેલ કરવી વિરુદ્ધ અપરાધભાવ (3 વર્ષથી 6 વર્ષ)

આ સમયગાળામાં બાળક અજાણી જગ્યા શોધવી, નવા લોકોને જાણવા, રખડવું વગેરે માટે તૈયાર થઈ જાય છે. મા–બાપ તરફથી આ શોધને પ્રોત્સાહન આપવામાં આવે તો તેનામાં પહેલ કરવાની વૃત્તિ વિકાસ પામે છે, પરંતુ માતા–પિતા તેને તેમાં અવરોધ કરે તો બાળક જયારે–જયારે સ્વતંત્ર કામ કરવાના પ્રયત્ન કરે ત્યારે ત્યારે અપરાધભાવ અનુભવે છે.

### 3.3.4 પરિશ્રમ વિરુદ્ધ લઘુતા (6 વર્ષથી 12 વર્ષ)

બાળકો 6થી 12વર્ષ સુધીમાં પોતાની જાતે વસ્તુઓ કે ઘટનાઓ સાથે કામ કરતાં શીખી જાય છે. જો તેને પ્રોત્સાહન મળે તો બાળકમાં પરિશ્રમની કે ઉદ્યમની ભાવના વિકસે છે. સમસ્યા ઉકેલવામાં અને કાર્યપૂર્ણ કરવામાં આનંદ અનુભવે છે. બુદ્ધિપૂર્ણ ઉદ્દીપકો શોધે છે. જો તેમ ન થાય તો લઘુતાગ્રંથી, નિષ્ફળતા અને બિનકાર્યક્ષમતા વિકસે છે.

### 3.3.5 ઓળખ વિરુદ્ધ ભૂમિકા – મૂંઝવણ (તરુણાવસ્થા – 12 થી 18 વર્ષ)

12થી 18 વર્ષના સમયગાળામાં જાતિય પરિપક્વતા પ્રાપ્ત કરે છે અને તરુણ પોતાની જાતને ઓળખવાનો પ્રયત્ન કરે છે. તેણે પૂર્વે કરેલા અનુભવોની અહંની ઓળખ માટે સુગ્રથિત કરવા પડે છે. જો તે પોતાની એક ઓળખમાં તમામ ભૂમિકાઓની સુગ્રથિત ન કરી શકે તો પોતે ભજવવાની ભિન્ન ભૂમિકાઓ વચ્ચે ગૂંચવણ અનુભવે છે.

### 3.3.6 ગાઢ સંબંધ વિરુદ્ધ વિખૂટાપણું (પૂર્વ પુખ્તાવસ્થા)

જો વ્યક્તિ નજીકના સંબંધની લાગણી પ્રાપ્ત કરી શકે તો અન્ય વ્યક્તિઓ સાથે નજીકના સંબંધો કેળવી શકે અને બીજા સાથે વિનિયોગ કરી શકે. જો તેમાં નિષ્ફળતા મળે તો વ્યક્તિ એકલતાવાદી બને છે. પોતાનું કોઈ નથી કે જેના પર તે આધાર રાખી શકે, તેવી ભાવના વિકસે છે.

### 3.3.7 સર્જકતા વિરુદ્ધ સ્થગિતતા – સ્વકેન્દ્રિતતા (મધ્ય પુખ્તાવસ્થા)

મધ્યવયે વ્યક્તિને સમાજ પ્રત્યેનું દ્રષ્ટિબિંદુ સ્થિર થયું હોય છે. અન્ય માટેની પોતાની જવાબદારી સ્વીકારનાર ઉત્પાદક અને સુખી બને છે. તેમાં નિષ્ફળ જનાર સ્વકેન્દ્રિત બને છે.

### 3.3.8 પરિપૂર્ણતા વિરુદ્ધ નિરાશા (ઉત્તર – પુખ્તાવસ્થા)

વ્યક્તિનું જીવન જો સંતોષપ્રદ હોય અને પોતાની તથા અન્ય સાથે એકાત્મકતાની લાગણી પ્રાપ્ત કરી હોય તો તેની વૃદ્ધાવસ્થા આનંદપૂર્ણ પસાર થાય, પરંતુ જો તે અનુભવે કે તેનું જીવન નિષ્ફળતાઓથી ભરેલું છે તો નિરાશા અનુભવે છે.

શિક્ષકો બાળકોમાં પરિશ્રમનું વલણ કેળવવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખે તો આ ઉંમરના બાળકોમાં મનોસામાજિક વિકાસ હકારાત્મક દિશામાં જોવા મળે છે.

બાળકોને વાસ્તવિક ધ્યેય નક્કી કરવાની અને તે દિશામાં કામ કરવાની તક આપો. દા.ત. નાના સ્વાધ્યાયોથી શરુ કરો. ત્યારબાદ લાંબા સ્વાધ્યાયો આપો. પ્રગતિ ચકાસવા માટેના મુદ્દાઓ, માપદંડો નક્કી કરી તેમના વિકાસનું અવલોકન કરો. વિદ્યાર્થીઓને વાસ્તવિક–યોગ્ય ધ્યેયો નક્કી કરતાં શીખવો. ધ્યેય લખી નાખો અને વિદ્યાર્થીઓને તેમનાં ધ્યેયની દિશામાં પ્રગતિની નોંધ રાખવાનું કહો.

વિદ્યાર્થીઓને તેઓની સ્વતંત્ર જવાબદારીઓને દર્શાવવાની તક આપો. દા.ત. સાહિત્ય એકઠું કરવું અને વિતરિત કરવું. કમ્પ્યુટર લેબની સંભાળ રાખવી, વિદ્યાર્થીઓના અન્ય શિક્ષકો દ્વારા અપાયેલ ગૃહકાર્યને ગ્રેડ આપવા. પરત આવેલા ફોર્મનો રેકર્ડ રાખવો વગેરે જેવા કાર્યો સોંપવા.

હતોત્સાહ થતાં વિદ્યાર્થીઓને મદદ કરો. દા.ત. વ્યક્તિગત ચાર્ટસનો ઉપયોગ કરો. જે વિદ્યાર્થીનાં વિકાસને દર્શાવે. દા.ત. આગળના કાર્યના નમૂના સાચવો જેથી તેઓ પોતાના વિકાસને જોઈ શકે. ખૂબ જ સુધારો પામેલા, ખૂબ જ મદદરુપ, ખૂબ જ સખત કાર્ય કરનારાઓ માટે એવોર્ડ રાખો. શિક્ષક દ્વારા લેવાયેલ આ પ્રકારનાં પગલાંઓ ઉત્તર બાલ્યાવસ્થામાં રહેલાં બાળકોનાં યોગ્ય મનોસામાજિક વિકાસમાં મદદરુપ થઈ શકે છે .

## 3.4 મનોસામાજિક વિકાસ (એરિક્સનનાં સિદ્ધાંત) ના શૈક્ષણિક ફલિતાર્થો

વર્ગશિક્ષણ દરમિયાન શાળામાં શિક્ષક વિદ્યાર્થીઓનાં સંપર્કમાં આવે છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ ઉપર શિક્ષકનું વર્તન અને વિદ્યાર્થી સાથે શિક્ષકનો સંબંધ અસર કરે છે. આમ, શિક્ષક વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસમાં યોગ્ય ફાળો આપી શકે છે તે માટે એરિક્સનના સિદ્ધાંતમાંથી મળેલાં જ્ઞાનનો સમજપૂર્વક ઉપયોગ કરી શકે. એરિક્સનના સિદ્ધાંતનાં શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણે છે.

એરિક્સનના વ્યક્તિત્વ વિકાસના મનોસામાજિક સિદ્ધાંત અનુસાર વ્યક્તિત્વ વિકાસની જુદી જુદી અવસ્થાઓમાં કટોકટીઓ ઉકેલવાની હોય છે. તેથી શિક્ષકે વિદ્યાર્થીઓની વિભિન્ન અવસ્થાઓમાં તેમની સાથે વિવેકપૂર્વક વિભિન્ન પ્રકારનું વર્તન અને સંબંધ દાખવવા જોઈએ.

પૂર્વ પ્રાથમિક શાળાનાં શિક્ષકે બાળકમાં સ્વાયત્તતાની ભાવનાના વિકાસ માટે તેને મુક્ત રમત ગમત માટેની પુષ્કળ તક આપવી જોઈએ અને બાળક જુદી જુદી બાબતો અજમાવે, ચકાસે, પ્રયોગ કરે તેને પ્રોત્સાહન આપવું જોઈએ. બાળક શંકા ન અનુભવે તે માટે માર્ગદર્શન પણ આપવું અને તેનાં અસ્વીકાર્ય વર્તન માટે તે શરમ અનુભવે તેવી પરિસ્થિતિ પણ ટાળવી. બાળકો સિદ્ધિનો અનુભવ કરે અને ઉત્સાહથી અપ્રતીતિકર પ્રશ્નો પૂછે ત્યારે તેઓને અપરાધભાવનો અનુભવ ન થાય તે જોવું જોઈએ.

પ્રાથમિક શાળાનાં બાળકો સમક્ષ એવા કાર્યો રજૂ કરવાં જોઈએ કે જે કાર્યો તેઓ સફળતાપૂર્વક કરી શકે. આના પરિણામે વિદ્યાર્થીઓ ઉદ્યોગ કે ઉદ્યમનો અનુભવ કરી શકે. વિદ્યાર્થીઓ પોતાની સફળતા

વિશે જાણે તે મહત્વનું છે. શિક્ષકોએ તુલનાને બદલે સહકારને પ્રોત્સાહન આપવું જોઈએ. વિદ્યાર્થીઓ પોતાની જ સિદ્ધિઓની સ્પર્ધા કરે તે જોવું. આમ કરવાથી લઘુતાનો અનુભવ ટાળી શકાય. ઈર્ષા અનુભવતા વિદ્યાર્થી પોતાના વર્તન વિશે સંતોષ અનુભવે તેમાં સહાય કરવી જોઈએ. આમ, એરિક્સનના સિદ્ધાંતોનો સમજપૂર્વકથી અભ્યાસ કરવાથી અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા વધુ અસરકારક બનાવી શકાય છે.

**પ્રગતિ ચકાસોઃ–**

- **એરિક્સનના મતે વ્યક્તિના મનોસામાજિક વિકાસની અવસ્થાઓ જણાવો.**
- **'મનોસામાજિક વિકાસની અવસ્થાઓનો અભ્યાસ દરેક શિક્ષકે કરવો જરુરી છે.' આ વિધાન સમજાવો.**
- **મનોસામાજિક અવસ્થાઓનો શૈક્ષણિક ફલિતાર્થ સમજાવો.**

## 3.5 સામાજિકતાનો વિકાસ

માનવ એ સામાજિક પ્રાણી છે. વ્યક્તિ એક નિરાધાર દશામાં જન્મ લઇ, સમાજમાં સુરક્ષા મેળવી, ક્રમશઃ સમાજની અંગભૂત બને છે અને જીવનભર સમાજમાં રહીને જીવનના વિવિધ વ્યવહારો કરે છે. આથી વ્યક્તિના સામાજિક થવાની પ્રક્રિયા વ્યક્તિ તેમજ સમાજના અસ્તિત્વ માટે મહત્વની ઘટના છે.

**સંકલ્પનાઃ–**

સામાજિક થવું એટલે પોતાની જ જાતમાં ખોવાઈ રહેવાને બદલે અન્ય સાથે ભળવું. ભળી શકવામાં પોતાની કંઈ અધૂરપ હોય તો તે દૂર કરવી, જે પરિસ્થિતિ તેને ભળવા ન દેતી હોય તે પરિસ્થિતિ દૂર કરવી, સાથોસાથ પોતાનાં સામાજિક કર્તવ્યો જાણી તેમનાં પાલન માટે જાગૃત રહેવું.

ડ્રિવરે સામાજિકતાની સંકલ્પના આ રીતે સમજાવી છે, "વ્યક્તિ પોતાનાં સામાજિક વાતાવરણને અનુરુપ બની તેની સાથે અનુકૂલન સાધે તેનો અર્થ સામાજિકતાનો વિકાસ."

ફ્રાંસિસ પાવર્સના મત મુજબ, "સામાજિક કર્તવ્યને ખ્યાલમાં રાખીને વ્યક્તિનાં કાર્યો દ્વારા ઉત્તરોત્તર સામાજિક પરિસ્થિતિને અનુરુપ વ્યવસ્થિત ચારિત્ર્યનિર્માણ એ જ સામાજિકતાનો વિકાસ છે."

સૉરેન્સન જણાવે છે કે, "સામાજિકતાના વિકાસનો અર્થ છે પોતાની અને બીજાની ઉન્નતિ માટેનાં સામર્થ્યનો વિકાસ સાધવો."

આમ, સામાજિકતાનો વિકાસ એ વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે અથવા વ્યક્તિ–વ્યક્તિસમૂહ વચ્ચેની પારસ્પરિક આંતરક્રિયાના પરિણામ સ્વરુપે વ્યક્તિમાં અન્ય વ્યક્તિ સાથે વ્યવહાર તરેહ અંગે આવેલી જાગૃતિ છે. આ જાગૃતિને આધારે વ્યક્તિ અન્ય વ્યક્તિ કે વ્યક્તિસમૂહ સાથે કેવી રીતે વર્તવું તેનો નિર્ણય

લે છે. બાળકના જન્મથી શરુ કરીને તે પુખ્ત નાગરિક બને છે ત્યાં સુધીમાં તેનાં સામાજિકતાનાં વિકાસને અનેક પરિબળો અસર કરે છે.

દા.ત. પરિવાર, સ્વાસ્થ્ય અને શરીર બંધારણ, માનસિક વિકાસ, સાંવેગિક વિકાસ, વ્યક્તિત્વ, વાતાવરણ, શાળા, મિત્ર મંડળ અને સમાજ વગેરે.

### 3.5.1 સામાજિકતાના વિકાસને અસર કરતાં પરિબળો

**શારીરિક સ્વાસ્થ્યઃ–**

તંદુરસ્ત શરીર ધરાવનાર વ્યક્તિ પોતાના પ્રસન્ન વ્યવહારને લીધે બીજાને અપનાવવામાં અને જીતવામાં સફળ રહે છે. જ્યારે અસ્વસ્થ અને અસક્ષમ વ્યક્તિ બીજા સાથે ભળી શકતી નથી.

**માનસિક શક્તિઃ–**

ઉચ્ચ માનસિક શક્તિ ધરાવતી વ્યક્તિઓ વધુ સામાજિક હોય છે. તેમનામાં નેતૃત્વ શક્તિ હોય છે. તેઓ બુદ્ધિપૂર્વક અનુકૂલન સાધી શકે છે. લાંબાગાળા સુધી સંપર્ક સંબંધો યાદ રાખી શકે છે. તેથી તેમના સામાજિક સંપર્કો વિશાળ હોય છે. માનસિક અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ કેટલીક વખત સામાજિક સંબંધો ટાળતી હોય છે.

**સાંવેગિક સ્થિતિઃ–**

ક્રો અને ક્રો ના મતે સાંવેગિક અને સામાજિક વિકાસ સમાંતર હોય છે. એટલે કે અનિચ્છનીય સંવેગો ધરાવનારથી સમાજમાં કોઈ આકર્ષિત થતું નથી, જ્યારે પ્રેમાળ વ્યવહાર કરતી વિનોદી વ્યક્તિ ઘણાંની પ્રેરણાદાયક અને મનગમતી બની રહે છે.

**વ્યક્તિત્વઃ–**

અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવનારી વ્યક્તિ પોતાનામાં જ રત રહ્યાં કરતી હોય છે. જ્યારે બર્હિમુખી વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ બીજાને સમજવામાં રસ લેતી હોય છે. સ્વભાવિક રીતે જ બીજા પ્રકારનું વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિનો સામાજિકતાનો વિકાસ ઝડપી થાય છે.

**પરિવારઃ–**

બાળક સામાજિક સંબંધોની બાબતમાં વડીલોને અનુસરતું હોય છે. તેઓ જેની પ્રશંસા કરે તેને તે અપનાવે છે. પરિવારમાં બાળકો વચ્ચે રાખવામાં આવતો ભેદભાવ પણ બાળકનાં મનમાં અસામાજિક ભાવના પેદા કરે છે. પરિવારની આર્થિક સ્થિતિ પણ બાળકનાં મનમાં સામાજિકતાના વિકાસને અસર કરે છે. નબળી આર્થિક સ્થિતિવાળા પરિવારને માટે ઉચ્ચ કક્ષાનાં સામાજિક સંપર્કો સુલભ હોતાં નથી.

**મિત્રમંડળઃ–**

શિશુ અવસ્થાનાં ઉત્તરાર્ધથી ટોળીમાં ભળતું થયેલું બાળક અનાયાસે સામાજિક અનુકૂલન સાધવાનાં નિયમો જાણી લે છે.

**શાળાઃ–**

શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે. શાળાનો લોકશાહી વ્યવહાર બાળકમાં પોતાનામાં શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. જેથી તે આગળ આવે છે અને મૈત્રી સંબંધો વિકસાવે છે.

**રમતગમતઃ–**

સામાજિક વિકાસમાં સહિષ્ણુતા એ મહત્વનો ગુણ છે. આ ગુણ રમતનાં મેદાનમાં સહજ રીતે વિકસે છે. વ્યવહારમાં પણ મેદાની ખેલાડી પોથીપંડિત કરતાં વધુ સામાજિક મળે છે.

**અન્ય માધ્યમોઃ–**

રેડિયો, ટી.વી., ચલચિત્રો અને વર્તમાનપત્રો જેવાં માધ્યમો પરોક્ષ રીતે બાળકની સામાજિકતા વિકસાવે છે.

### 3.5.2 સામાજિકતાના વિકાસનો શિક્ષણમાં વિનિયોગની અગત્યતા અને તેને નિયંત્રિત કરવાની ક્ષમતાનો વિકાસ (શૈક્ષણિક ફલિતાર્થ)

સામાજિકતાના વિકાસનો શિક્ષણમાં વિનિયોગની અગત્યતા અને તેને નિયંત્રિત કરવાની ક્ષમતાઓનો વિકાસ કરવા માટે શાળામાં નીચેના જેવા કાર્યક્રમોનું આયોજન કરી શકાય.

- બાળકના શારીરિક સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક ખોરાકની વ્યવસ્થા કરવા માટે શાળા એ સમાજની ભાગીદારીમાં સ્વાસ્થ્ય અંગેનું સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક જ્ઞાન, બાળક તથા વાલીને આપવા માટેના રચનાત્મક કાર્યક્રમ કરવા જોઇએ, નાસ્તા– બનાવવા માટેની તાલીમ, વાનગી મેળા વગેરેનું આયોજન કરવું.
- શાળામાં પ્રવાસ, મનોરંજન કાર્યક્રમ, શ્રમ, સફાઈ, સુશોભન, સમૂહ પ્રાર્થના, ઉત્સવોની ઉજવણી– તેના મહાત્મયને અનુરુપ કાર્યક્રમો યોજવા.
- પરિસંવાદ, ચર્ચાસભા, સમવાય, જૂથ–અભ્યાસ, પ્રકલ્પ જેવી પદ્ધતિઓ, પ્રયુક્તિઓનો વર્ગમાં ઉપયોગ કરવો.
- શાળામાં ભાષા, ગણિત, ઈતિહાસ, વિજ્ઞાન, બાગાયત વગેરે વિષયોના અલગ મંડળો પણ સમાન રુચિ ધરાવતાં બાળકોનું જૂથ રચી આપે છે.
- નાગરિકશાસ્ત્ર જેવા વિષયો સૈદ્ધાંતિક ન બની રહેતાં શક્ય હોય ત્યાં સુધી સમાજનાં સીધા સંપર્ક દ્વારા શીખવવામાં આવવા જોઈએ. જેથી બાળકને પોતાના સામાજિક કર્તવ્યનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે.
- સામાજિકતા–મિતિ )Sociogram)નો ઉપયોગ કરીને અલગ રહેતા બાળકને અલગ તારવી, તેના સામાજિકતાના વિકાસ માટે શાળાએ સભાન પ્રયાસો કરવા જોઈએ. વાલી સંપર્ક કરવો. તેને જવાબદારીવાળા, નેતાગીરીના કામો સોંપવા.
- બાળકને માનભેર–બોલાવવા. તેની પ્રશંસા કરવી.

- શાળામાં મંત્રીમંડળની રચના કરી કાયાન્વિત કરવું.
- પ્રત્યક્ષ–પરોક્ષ રીતે મૈત્રી બંધાવવા પ્રોત્સાહિત કરવા, પ્રવાસ, પ્રર્યટન, પ્રોજેક્ટ કાર્ય સોંપવા,
- એન.સી.સી., એન.એસ.એસ., ગ્રામ શિબિર, સંસ્કાર શિબિર, ટ્રેકીંગ વગેરે જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.
- શિક્ષકોએ બાળકો સાથે અનૌપચારિક સંબંધો વિકસાવવા જેથી બાળકો પોતાની ગમતી મુશ્કેલીની વાત કહેતા થાય.
- અસામાજિક વર્તન કરતાં બાળકોને સાંભળી સહાનુભૂતિભર્યા વ્યવહારથી તેનું ઊર્ધ્વીકરણ કરવું.
- વિકલાંગ બાળકો અને મંદબુદ્ધિના બાળકોનો અહં ન ઘવાય તે રીતે તેમનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓ તરફ બીજાનું ધ્યાન દોરી સામાન્ય બાળકોને તેની સાથે મૈત્રી બાંધવા પ્રોત્સાહન આપવું. તે પ્રકારની ફિલ્મો, નાટક બતાવવા.
- બાળકની સામાજિકતાનું ફલક વિશ્વ કક્ષાનું બને તે માટે વિશ્વ અને રાષ્ટ્ર કક્ષાની વ્યક્તિઓ અને ઘટનાઓનો પરિચય બાળકોને કરાવવો.
- વર્તમાન પત્રો, રેડિયો, દૂરદર્શનમાં આવતાં કાર્યક્રમો અને ચલચિત્રોની પસંદગી કરી બાળકોને એ બાબતે માર્ગદર્શન આપવું.
- કુદરતી અને માનવસર્જિત આપત્તિ વખતે જેમ કે અછત, પુર પ્રકોપ, ધરતી કંપ, કોમી હુલ્લડો વખતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમાં સહાયરુપ થવા માટેનાં કાર્યક્રમ યોજવાં.

**પ્રગતિ ચકાસોઃ–**

- **‘સામાજિકતાનો વિકાસ એ માનસિક વિકાસ, સાંવેગિક વિકાસ, ચેષ્ટા વિકાસ, શારીરિક વિકાસની અભિવ્યક્તિ માટેનું પ્લેટ ફોર્મ છે.’ આ વિધાન એક શિક્ષક તરીકે સમજાવો.**
- **સામાજિકતાના વિકાસ માટે શાળામાં કેવા–કયા કાર્યક્રમોનું આયોજન કરશો?**

### 3.5.3 સામાજિકીકરણની સંકલ્પના

માનવી સમાજમાં જન્મે છે પરંતુ એ સામાજિકતા જે સમાજમાં જન્મ્યું અને ઉછર્યું હોય તેના વાતાવરણમાંથી પ્રાપ્ત કરે છે. તેની રીતભાત, ભાષા, પહેરવેશ અને આચાર વિચાર પર આ વાતાવરણનો પ્રભાવ રહે છે. આ રીતે જન્મથી લઈને પ્રથમ છ વર્ષ સુધીનો ગાળો બાળકનાં વિકાસ માટે અગત્યનો છે. આ સમયે બાળક મહત્તમ સમય સુધી ઘરમાં જ રહે છે. આથી ઘરનાં વાતાવરણમાંથી સમાજ, ધર્મ, દેશ, આડોશી પાડોશી, પરંપરાઓ, માન્યતાઓ વિશેનું સામાન્ય જ્ઞાન મેળવે છે. માતાપિતા તથા કુટુંબના અન્ય સભ્યો પાસેથી આ બધું જ્ઞાન તેને પ્રાપ્ત થાય છે. વળી, એના વાણી–વ્યવહાર અને વર્તન એનાં સમાજના સ્વીકારાયેલાં ધોરણોને અનુરુપ થાય એ એનાં મા–બાપ જુએ છે. બાળકનાં શારીરિક પરિવર્તનોને વિકાસની સાથે સાથે એનું માનસિક ઘડતર પણ થતું જાય છે. આ સંસ્કારગ્રહણની ક્રિયાને

મનોવિજ્ઞાનની પરિભાષામાં સમાજદીક્ષા અથવા સામાજિકીકરણ કહેવામાં આવે છે. આથી દરેક કુટુંબનાં સંસ્કાર પ્રમાણે બાળક નમસ્તે, જયશ્રીકૃષ્ણ, જય સ્વામીનારાયણ, Good morning કે આદાબ અર્જ બોલતું હોય છે. વળી, સારી–નરસી ટેવોનાં બીજ પણ આ ગાળામાં વવાય છે. એના વ્યક્તિગત, સામાજિક અને ધાર્મિક મૂલ્યો ઘડાય છે અને પોતાના તેમજ અન્ય સમાજ વિશેના અભિપ્રાયો પણ આ ગાળામાં આકાર લે છે. આ દ્રષ્ટિએ સામાજિકીકરણની પ્રક્રિયાનું બાળકના વિકાસમાં ઘણું મહત્વ રહેલું છે. સમગ્ર જીવનકાળ દરમિયાન આ પ્રક્રિયા ચાલે છે. જે દ્વારા તે સમાજ માન્ય વર્તન કરવાની નવી નવી રીતો શીખે છે. આપણે જેને સામાજિક સંસ્કારો તરીકે ઓળખાવીએ છીએ તે સામાજિકીકરણનું પરિણામ છે. સામાજીકરણ એ આંતરક્રિયા પ્રક્રિયા છે અને તે દ્વારા બાળક જૂથની અપેક્ષાઓ અનુસાર વર્તન કરતાં શીખે છે. વ્યક્તિ પુખ્ત બને છે ત્યારે જૂથ, સંગઠન કે સમાજમાં અમુક સ્થાન પ્રાપ્ત કરે છે. તે સ્થાનની અપેક્ષાઓ મુજબનું વર્તન એ સામાજિકીકરણ છે. શરુઆતનાં ત્રણ વર્ષો અને તે પછીના વર્ષોમાં ઘરની અપેક્ષાઓ મુજબ, ત્યાર પછી બાલમંદિર કે નર્સરીમાં શિક્ષકો અને સમવયસ્કોના વિશાળ જગતમાં સામાજિકતા શીખે છે. તે પાંચ વર્ષની વયે પ્રાથમિક શાળામાં પ્રવેશે ત્યારે વ્યાપક અનુભવો મેળવે છે. વિવિધ સામાજિક ધોરણો શીખે છે. શિક્ષણ પૂરું થયા પછી પોતાના વ્યાવસાયિક ક્ષેત્રમાં આ પરિસ્થિતિને અનુકૂળ વર્તન તે શીખે છે. આમ, સામાજિકીકરણ પ્રક્રિયામાં સામાજિક શિક્ષણ સમાયેલું છે.

સામાજિકીકરણની મનોવૈજ્ઞાનિકોએ આપેલી કેટલીક વ્યાખ્યાઓ પરથી સામાજિકીકરણની સંકલ્પના વધારે સ્પષ્ટ થાય છે.

"સામાજિકીકરણ એટલે પ્રાકૃતિક દશામાં રહેલાં નિઃસહાય જીવ (નવજાત શિશુ) માનવ સમાજનાં જવાબદાર અને સમર્થ સભ્ય તરીકે રુપાંતર કરવાની પ્રક્રિયા." **–બેરન અને બાયર્ન**

"સામાજિકીકરણ એટલે સમાજના મૂલ્યોને શીખવાની, વિચારવાની અને ક્રિયા કરવાની સાચી અને યોગ્ય રીતોને શીખવાની ક્રિયા." **–ઓગબર્ન અને નીમકોફ**

આ તમામ વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે, વ્યક્તિ સામાજિકીકરણ દ્વારા સામાજિક પરંપરાઓ, નીતિનિયમો, મૂલ્યો કે ધોરણો શીખે છે. સામાજિકીકરણ દ્વારા તે સામાજિક કે સાંસ્કૃતિક જૂથનો સ્વીકૃત સભ્ય બને છે. વળી, જો નાનપણમાં ઘરનું, શેરીનું વાતાવરણ નકારાત્મક હોય તો સામાજિક કે સાંસ્કૃતિક રીતે અસ્વીકૃત સભ્ય પણ બની શકે છે. સમયની સાથે સામાજિક મૂલ્યોમાં પરિવર્તનો આવતાં હોય છે. ઝડપથી બદલાતાં મૂલ્યોને, ધોરણોને આત્મસાત કરીને સામાજિકીકરણની પ્રક્રિયા કોઈપણ વ્યક્તિના જીવનમાં જીવનભર ચાલતી રહે છે. શિક્ષક, માતાપિતા આ બાબતની ગંભીરતા સમજીને બાળકનાં ઉછેરમાં, તેની સાથેના વાણી–વ્યવહાર–વર્તનમાં ધ્યાન આપે તો બાળક ઉત્તમ રીતે સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા ઘડાય છે અને સમાજને એક જવાબદાર, સંવેદનશીલ, સ્વસ્થ નાગરિક મળે છે. આવા અનેક સ્વસ્થ નાગરિકો ધરાવતો સભ્ય સમાજ નિર્માણમાં સામાજિકીકરણની પ્રક્રિયાનું ઘણું મહત્વ રહેલું છે.

### 3.5.4 બાળકના સામાજિકીકરણને અસર કરતાં પરિબળો

શિક્ષણ વ્યક્તિમાં તેના સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન કરે છે અને તેનું પેઢી દર પેઢી સંક્રમણ કરે છે .સમાજે શિક્ષણના કાર્યોને પાર પાડતી ઔપચારિક અને અનૌપચારિક સંસ્થાઓ રચી છે જેમાંથી આપણે ઘર અથવા કુટુંબ, શાળા, સમાજ અથવા સમુદાય અને સમૂહ માધ્યમોનો ક્રમશઃ પરિચય મેળવીશું.

**કુટુંબ**

ઘર એ પ્રારંભિક અનૌપચારિક શૈક્ષણિક સંસ્થા છે અને માતા બાળકની પ્રથમ શિક્ષિકા છે. પાંચથી છ વર્ષ સુધી બાળક માતા–પિતા અને સગા સંબંધીઓ પાસે રહે છે. શિશુ અવસ્થા કે બાલ્યાવસ્થા એ એવો સમયગાળો છે કે જેમાં બાળક ઉપર વધુમાં વધુ છાપ પડે છે. જો બાળકને અનુકૂળ સામાજિક અને મનોવૈજ્ઞાનિક વાતાવરણ પૂરું પાડવામાં આવે તો બાળકના વર્તનને અપેક્ષિત સ્વરુપ અને દિશામાં આકાર આપી શકાય. બાળકને કુટુંબમાં નકારાત્મક વલણના સંસ્કાર મળે તો શાળા–શિક્ષણ દરમિયાન એ અસરમાંથી મુક્ત કરવાનું કપરું બને છે. બાળકનો ઉછેર પૂરતી સંભાળ તથા ધ્યાન સાથે પ્રેમાળ અને મુક્ત વાતાવરણમાં થયો હોય તો પાછળથી તેવું બાળક તંદુરસ્ત વિકાસ સાધી શકે છે. આથી ઘર કે કુટુંબ બાળકના વ્યક્તિત્વના બૌદ્ધિક, સામાજિક, સાંવેગિક અને નૈતિક પાયા નાંખવાની ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે.

બાળકના સામાજિક વ્યક્તિ તરીકેના વિકાસ માટે ઘરનાં મહત્વનાં કાર્યો જેવા કે (1) સામાજિકીકરણ (2) સંસ્કારીકરણ (3) ધાર્મિક આસ્થાનો પ્રચાર (4) નૈતિક અધ્યયન અને (5) પરિવારમાં સ્થાન વગેરે ગણાવી શકાય. ઘર નૈતિક શિક્ષણનું અગત્યનું કેન્દ્ર છે.

**સમવયસ્ક જૂથ**

સમવયસ્કોની ટોળીમાં કે જૂથમાં સક્રિય રીતે ભાગ લેવાથી બાળકો અન્ય વ્યક્તિને સમજતાં શીખે છે. સંદેશાવ્યવહાર કરવાની કુશળતા પ્રાપ્ત કરે છે. પરસ્પર સહકારની ભાવના, અન્યોની ટીકા ટિપ્પણ પ્રત્યે સહિષ્ણુ બનવું, વિવેકબુદ્ધિ, સામાજિક મનોવલણ, સામજિક સંવેદનશીલતા વગેરે બાબતો સમવયસ્ક જૂથોમાં વિકાસ પામે છે. સામાજિકીકરણનું ધ્યેય આખરે એક સ્વતંત્ર અને જવાબદારીના ભાનવાળા નાગરિક સમાજને આપવાનું છે. આથી સમવયસ્ક જૂથ દ્વારા બાળકમાં સારા સંસ્કારો આવે તે અંગે જાગૃતિપૂર્વકની સંભાળ તેમજ નિરીક્ષણ મા–બાપ તેમજ શિક્ષકોએ રાખવી જરુરી છે.

**શાળા**

'જે એક નિશાળ ખોલે છે તે એક જેલ બંધ કરે છે.' - વિક્ટર હ્યુગો

વિક્ટર હ્યુગોનું વિખ્યાત વિધાન શાળાનું મહત્વ પૂરવાર કરવા પર્યાપ્ત છે. શાળા શિક્ષણની ઔપચારિક સંસ્થા છે. શાળા શિક્ષણનું શાસ્ત્રીય માધ્યમ છે. ઘરમાં બાળકોના ઘડતરનો પાયો પૂરવામાં આવે છે, તેના પર ઈમારત કરવાનું કામ શાળા કરે છે. ઘરમાં જે સુટેવો, ભાવના, વલણો કેળવાય છે. તેનું દઢીકરણ કરવાનું કામ શાળા કરે છે. આમ, ઘરમાં સંસ્કારોના શિક્ષણની શરુઆત થાય છે તેને વધુ ગતિશીલ બનાવવાનું કામ શાળા કરે છે. શાળા એ ઘરની પૂરક સંસ્થા છે. ઘર દ્વારા અપાતું શિક્ષણ અનેક બાબતોમાં અપૂરતું સાબિત થવા લાગ્યું. જેથી શાળા નામની સંસ્થા અસ્તિત્વમાં આવી.

વિજ્ઞાન અને ટેકનોલૉજીનો વિકાસ થયો અને ઔદ્યોગિક ક્રાંતિ આવી પછી આમૂલ પરિવર્તન આવ્યું, જ્ઞાનનો વિસ્ફોટ થયો, જ્ઞાનની અનેક નવી શાખાઓ અસ્તિત્વમાં આવી. આ પરિસ્થિતિને પહોંચી વળવાનું કામ શાળાના શિરે આવ્યું. સામાજિક અને સાંસ્કૃતિક વારસાના સંક્રમણમાં શાળાનું કાર્ય બહુ મહત્વ ધરાવે છે. ડ્યૂઈના મંતવ્ય અનુસાર શાળા સંસ્કારોના સંચરણ દ્વારા અપક્વ બાળકોને કેળવવાનું મહત્વનું સાધન છે.

સામાન્યતઃ શાળા દ્વારા નીચે મુજબના હેતુઓ સિદ્ધ કરી શકાય :

- સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન અને સંક્રમણ
- નૈતિક, સામાજિક અને વાસ્તવિક મૂલ્યોનું જતન
- ચારિત્ર્ય વિકાસ
- નાગરિકતાનું શિક્ષણ
- નેતૃત્વની તાલીમ
- વ્યક્તિત્વ

**સમાજ સમુદાય**

વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી કુટુંબથી શરુ કરી વિભિન્ન પ્રકારનાં જૂથો સાથે જોડાણ ધરાવતી હોય છે .જેને સમાજ કે સમુદાય કહી શકાય .શિક્ષણનાં સંદર્ભમાં અનૌપચારિક સંસ્થા છે .જોસેફ હાર્ટ સામાજિક જૂથને પાયાનું શૈક્ષણિક સાધન ગણે છે .તેના મતે સામાજિક જૂથની પસંદગીમાં વ્યક્તિને ઘણી સ્વતંત્રતા મળે છે, તેથી તેની વ્યક્તિ પરની અસર વ્યક્તિની ઈચ્છિત અસર હોય છે.

વ્યક્તિનો સાંવેગિક વિકાસ તેના સામાજિક જૂથ કે સમુદાય પર ઘણો આધાર રાખે છે .તેના વલણો અને ટેવો ઘડવામાં તે મહત્વની ભૂમિકા ભજવે છે .સામાજિક અને સાંસ્કૃતિક વારસાનો અને મૂલ્યોનો પરિચય સભ્યોને તેમનું સામાજિક જૂથ કરાવે છે .તેનું સંવર્ધન અને સંક્રમણ તેના દ્વારા થાય છે .વ્યક્તિને ચોક્કસ પ્રકારના ચારિત્ર્યનું શિક્ષણ તેના જૂથ દ્વારા થાય છે .સમાજ અને સમુદાય વ્યક્તિના સામાજિકીકરણમાં કઈ રીતે મદદરુપ નીવડી શકે તેના મુદ્દાઓ જો વિચારીએ, તો નીચેના મુદ્દાઓ મળી શકે:

**સામાજિક અને સાંસ્કૃતિક વારસાનો પરિચય**

- વલણ અને ટેવોનું ઘડતર

- ચારિત્ર્યનું શિક્ષણ
- વ્યક્તિત્વ વિકાસ
- વાસ્તવિક દર્શન
- સામાજિક સમસ્યાઓ અંગે શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણ.

**ભાષા**

ભાષા એ સામાજિકીકરણનું સમાજમાં રહેલું અનિવાર્ય પરિબળ છે. ભાષા સામાજિક આંતરક્રિયાને સરળ બનાવે છે. ભાષા સામાજિક આંતરક્રિયાનું પ્રતિકાત્મક વિસ્તરણ કરી આપે છે. આથી જ પ્રાચીનકાળના કે વર્તમાનના નીતિના ઉપદેશો, યોગાસનો, જ્ઞાનવિજ્ઞાન, સદવહેવાર વગેરેનું શિક્ષણ માનવ માટે શક્ય બન્યું છે. વળી, ભાષા માણસને ભૂતકાળના જ્ઞાનનો લાભ આપી અને ભાવિની શક્યતાનું જ્ઞાન આપી તેનું ઉર્ધ્વ રીતનું સામાજિકીકરણ શક્ય બનાવે છે.

### 3.5.5 સામાજિકીકરણમાં સામાજિક–આર્થિક સાંસ્કૃતિક ભિન્નતાં

બાહ્ય રીતે સમાન સામાજિક વાતાવરણમાં સામાજિકીકરણ પામતી વ્યક્તિઓમાં પણ ભિન્નતા રહે જ છે. દરેક વ્યક્તિનું મનોશારીરિક બંધારણ – જૈવિક વારસો અન્યોની અપેક્ષાએ અલગ તરી આવે છે. આથી દરેક વ્યક્તિ સમાજમાંથી વિભિન્ન અસરો ગ્રહણ કરે છે. તેથી વ્યક્તિગત ભિન્નતા પાંગરે છે. વળી કોઈ બે વ્યક્તિના ભૂતકાળના અનુભવો સમાન નથી હોતા. કોઈ ગામડાનો, કોઈ શહેરનો, કોઈ ગરીબાઈમાં, કોઈ શ્રીમંતાઈમાં કે મધ્યમવર્ગમાં ઉછેર પામ્યો હોય, કોઈ અનાથાલયમાં, કોઈ માતા પિતાથી અલગ, કોઈ ઘોડિયા ઘરમાં ઉછરીને મોટા થયા હોય છે, કોઈ સમાજનું નિરુપણ કરતી નવલકથાઓ વાંચીને પ્રભાવિત થયેલ હોય. આમ, વ્યક્તિઓનો ભૂતકાલીન અનુભવ જુદો જુદો હોય છે. આના કારણે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક રીતે સમાજનાં જુદા જુદા વાતાવરણને ઓઢ્યું હોય છે કે તેમને તેમ કરવા ફરજ પાડી હોય છે. એટલે વાતાવરણની ભિન્નતાને લીધે કુદરતી રીતે જ તેમનું સામાજિકીકરણ જુંદુ થાય છે. દરેક બાળકના જૈવિક બંધારણ અને ભૂતકાલીન અનુભવો જુદા હોવાથી તેઓ વર્તમાન સમાન સામાજિક વાતાવરણનું પ્રત્યક્ષીકરણ જુદી જુદી રીતે કરે છે, એટલે કે તેમનું મનોવૈજ્ઞાનિક વાતાવરણ કે તેમનો જીવન અવકાશ જુદા હોય છે. આથી પણ એક જ સામાજિક વાતાવરણમાં ઉછરતી વ્યક્તિઓનું સામાજિકીકરણ ભિન્ન વ્યક્તિઓ રુપે થાય છે. આમ, સામાજિકીકરણમાં ઘણી મથામણ–સંઘર્ષ રહેલાં છે. બાળકનું વર્તન સામાજિક અપેક્ષાઓ સાથે બંધબેસતું કરવા માટે ઘણો પુરુષાર્થ કરવો પડે છે. નિયમિત હાજરી, નિયમિત ગૃહકાર્ય, વર્ગમાં શાંતિ, શાળાની સામાજિક અપેક્ષાઓ, ધોરણો પ્રમાણે વિદ્યાર્થીને 'પલોટવા' મથતા મા–બાપ શિક્ષકોએ અનેક પ્રકારનાં પ્રતિકારો સામે લડવું પડે છે.

વળી, બે અલગ સંસ્કૃતિમાં ઉછરેલાં બાળકોનું સામાજિકીકરણ પણ ભિન્નતા ધરાવે છે. ચોક્કસ સમાજ જૂથ અમુક વર્તનો અને ગુણોને પ્રાધાન્ય આપી એના સભ્યોમાં વિકસાવે છે અને અમુક ચોક્કસ વર્તનો અને ગુણોને વિકસવા નથી દેતા .માનવ વ્યક્તિત્વને સમાજ ઘડે છે. અથવા તો માનવ એ સામાજિક ઘડતરનું પરિણામ છે. આમ સમાજ અને સંસ્કૃતિ માનવ ઘડે છે.

વળી, રુથ બેનિડિક્ટ નામના મનોવૈજ્ઞાનિકે ઝાની ડોબુચન અને ક્વાકીટ ઉલટ જાતિની સંસ્કૃતિઓ અને જાતિના માનવોના સ્વભાવનો અભ્યાસ કર્યો, તો માર્ગરેટ મીડે ન્યુગિની પ્રદેશની આરપેશ, મુન્ડુગોમર અને ચામ્બુલી નામની આદિવાસી જાતિઓનો અભ્યાસ કર્યો. આ સમાજલક્ષી મનોવૈજ્ઞાનિકોને માનવના ઘડતરમાં સમાજ અને સંસ્કૃતિનું મહત્વ સમજાયું. મીડ તેના અભ્યાસના આધારે જણાવે છે કે, સ્ત્રીઓ અને પુરુષોના સ્વભાવ, લક્ષણો તેમજ જીવનકાર્યો જન્મજાત છે, એવી આપણી માન્યતા ભૂલ ભરેલી છે તે તો સમાજ અને સંસ્કૃતિ ઘડે છે અને તેથી તે સંસ્કૃતિ–સંસ્કૃતિએ ભિન્નતા ધરાવે છે. જ્યારે રુથ બેનિડિક્ટ તારવે છે કે, બાળકના જન્મ સાથે જ એના અનુભવો અને તેનું વર્તન જન્મજાત યા કૌટુંબીક સંસ્કૃતિના રંગે રંગાય છે. તેની કૌટુંમ્બિક સંસ્કૃતિની ટેવો તેની ટેવો બને છે એ સંસ્કૃતિની માન્યતાઓ તેની માન્યતાઓ બને છે. એ સંસ્કૃતિ જેને અસંભવિત ગણે તેને તે પણ અસંભવિત ગણી લે છે. આમ, આ બંને નૃવંશશાસ્ત્રીઓનો અભ્યાસ એ બતાવે છે કે જુદા જુદા સમાજની સંસ્કૃતિ જુદી જુદી હોવાથી તેમનું સામાજિકીકરણ તદનુસાર જુદું હોવાથી તેમાં જુદા જુદા માનવો ઘડાય છે. આમ, સામાજિકીકરણ બાબતે સામાજિક રીતે, આર્થિક રીતે અને સાંસ્કૃતિક રીતે ભિન્નતા જોવા મળે છે. આ બાબતે પણ ઘણાં સંશોધનો થયાં છે.

- એવરોનનો જંગલી બાળ વિક્ટર.
- બંગાળની વરુબાળા અમલા અને કમલા.
- મધ્યપ્રદેશના ભાભરા તરફના ગીચ જંગલનો શિયાળ બાળ તનસુખ.

આ ત્રણ કથાઓ દ્વારા પૂરવાર થયેલ છે કે,

- માનવબાળ પ્રાણી સમાજના વાતાવરણમાં જીવી શકે છે, અને મોટું થઈ શકે છે, ઉછરી શકે છે.
- માનવબાળ પ્રાણી સમાજમાં પ્રાણી જેવા જ વર્તનો શીખી લે છે.
- બાળકના માનવ તરીકેના વિકાસમાં શરુઆતનાં સામાજિકીકરણનું મહત્વ છે અને તેમાં ભિન્નતા રહેલી છે.

**ફલશ્રુતિઃ–**

આમ, મોટાભાગની સમાજ વ્યવસ્થામાં બાળક મા–બાપ પાસેથી બિનઔપચારિક રીતે સમાજદીક્ષા મેળવે છે. પાંચ વર્ષની ઉંમર પછી શાળાએ જતું થાય એટલે શિક્ષકો પાસેથી તે સમાજની રીતિનીતિ પ્રમાણે ઔપચારિક રીતે સામાજિકીકરણની દીક્ષા પામે છે. ઉપરાંત, દરેક સમાજની આગવી એવી એકરુપતા હોય છે એને સામાન્યતઃ વ્યક્તિ તાબે થાય છે અને તાબે ન થાય તો એની સામે બળવો કરે છે. સામાજિકીકરણની પ્રક્રિયામાં આચાર–વિચારની સામ્યતા અને એકરુપતાની આવશ્યકતા રહેલી છે. વળી, શીખવાની ક્રિયા અને સામાજિકીકરણને ખૂબ ગાઢ સંબંધ હોવાથી સામાજિકીકરણની પ્રથામાં પરિવર્તન કરવામાં આવે છે. દા.ત. નાના બાળકને જ્ઞાતિ વ્યવસ્થાની ઉત્પત્તિ અને જડતા વિશે શિક્ષણ આપીને એમ કહીએ કે કોઈપણ જાતના ભેદભાવ પાયા વગરના છે તો એ વિચારોની અસર કાયમ રહે

ખરી? આપણા સમાજમાં અનેક કોમો વચ્ચે જે પૂર્વગ્રહ જોવા મળે છે તે પણ સામાજિકીકરણની પ્રક્રિયામાં અવરોધરૂપ બને છે.

સામાજિકીકરણને સમજી બાળકનું સામાજિકીકરણ રચનાત્મક દિશામાં વિકસાવી સમાજમાં શાંતિ સૈનિકોરુપી માનવોનું ઘડતર કરી શકાય છે, શિક્ષક તરીકે આટલું કરીએ તો?

- કુટુંબનું વાતાવરણ સંવાદિતાભર્યું, સમજણપૂર્વકની શિસ્તવાળું હોવું જોઈએ તેવું બાળકના માતા–પિતાને માર્ગદર્શન આપવું.
- બાળકની તુલના અન્ય સાથે ન કરતાં તેને પોતાની ગતિએ વિકસવા દેવું.
- પુષ્કળ સર્જન પ્રવૃત્તિઓ આપવી.
- સમાધાનવૃત્તિ કેળવાય તે માટેની રમતો, જૂથ પ્રવૃત્તિ આપવી.
- શિક્ષા તો કયારેય ન જ કરવી. પ્રશંસા–કદર કરવી.
- સામાજિકીકરણનું ધ્યેય સમાજને સ્વતંત્ર, સ્વાવલંબી અને જવાબદાર નાગરિક આપવાનું છે. આથી, બાળકને તેની શારીરિક–માનસિક યોગ્યતા અનુસાર સ્વતંત્રતા બક્ષવી. વળી, સામાજિકીકરણની પ્રક્રિયામાં બાળકને સ્વતંત્ર બનાવવા બિનજરુરી ઉતાવળ ન કરવી.
- આમ કરવાથી બાળકને પૂરતા રક્ષણના અભાવે તે ગુના તરફ આકર્ષાય છે. જયારે વધુ પડતી આળપંપાળથી બાળક સ્વાર્થી, જીદ્દી અને બીજાના ભોગે સગવડ ભોગવવાનું શીખે છે.
- બાળકનું જીવન વિશેનું દ્દષ્ટિબિંદુ જવાબદારીભર્યુ બને, પરિપક્વ બને તે દિશામાં પ્રયત્ન કરવા,
- સામૂહિક પ્રવૃત્તિઓ યોજીને એકસાથે કામ કરતાં શીખવવું.
- સામાજિકીકરણ બાળકના જીવનને ઘડે છે. વળી, બાળક અનુકરણથી શીખે છે. આથી માબાપ–વાલીઓએ આચારણથી શીખવવાનું વલણ વિકસાવવું, પોતાના વાણી–વ્યવહાર–વર્તન–ટેવો–અનુકરણીય બનાવવા.

કોઈપણ સમાજને પોતાના બાળકો ગુનાહિત વલણવાળા બને તે ન પરવડે. આપણે જો સારા પ્રમાણિક નાગરિક બનાવવા હોય તો એનું સામાજિકીકરણ સંતોષકારક રીતે થવું જરુરી છે. બાળકો સમાજોપયોગી નીવડે એમ આપણે ઈચ્છતા હોઈએ તો બાળકનું મિત્રવર્તુળ સારું હોવું જોઈએ. માતા–પિતા ખૂબ જ જાગૃત હોવાં જોઈએ. આપણે ત્યાં સમાજના જે કાંઈ પ્રશ્નો છે તેની પાછળ આવા કારણો રહેલા છે. ગંદકી, અસ્વચ્છતા, જયાં–ત્યાં કચરો ફેંકવો, ચોરી કરવી, ઈર્ષા કરવી, મારામારી કરવી, બીજાનું ઝૂંટવી લેવું, આતંકવાદ, ભ્રષ્ટાચાર, ગુનાખોરી, નકસલવાદ તમામના મૂળ બાલ્યાવસ્થામાં માબાપ તથા શિક્ષકો દ્વારા ન રાખવામાં આવેલી કાળજી છે. સમાજ સુધારકો, બાલ્યશિક્ષણશાસ્ત્રીઓ , શિક્ષકો આ દિશામાં જાગૃત રહી તે પ્રયત્ન કરે તો શોષણવિહીન ,'સૌના–ભલામાં આપણું ભલું' એવું માનનારો–સમજનારો સમાજ નિર્માણ થશે જ એમાં શંકાને સ્થાન નથી. વિશ્વશાંતિની ગુરુચાવી બાળકના સકારાત્મક–રચનાત્મક સામાજિકીકરણ કરવામાં સમાયેલી છે. આ અર્થમાં માબાપ,

બાલમંદિરના શિક્ષકો અને પ્રાથમિક શાળાના શિક્ષકો એ શાંતિ સૈનિકો બનવાની જવાબદારી નિભાવવાની છે!

પ્રગતિ ચકાસો.

- સામાજિકીકરણની સંકલ્પના સમજાવો.
- સામાજિકીકરણના સંદર્ભોની ચર્ચા કરો.
- 'સામાજિકીકરણમાં જોવા મળતી ભિન્નતા' નોંધ તૈયાર કરો.

## 3.6 સારાંશ

એરિક્સનના સિદ્ધાંત અનુસાર વ્યક્તિ શિશુ અવસ્થાથી શરુ કરી વૃદ્ધાવસ્થા સુધીમાં જીવનની આઠ અવસ્થાઓમાંથી પસાર થાય છે. આ વિકાસ દરમિયાન આવતા કટોકટીના યોગ્ય ઉકેલના કારણે વ્યક્તિને પ્રબળ વૈયક્તિક અને સામાજિક ક્ષમતા પ્રાપ્ત થાય છે. જે ભવિષ્યમાં આવનાર કટોકટીને ઉકેલવાનો પ્રબળ આધાર બને છે. પ્રથમ બે અવસ્થાઓ દરમિયાન શિશુમાં અવિશ્વાસ સામે વિશ્વાસ અને શરમ કે શંકાને સ્થાને સ્વાયતત્તાની લાગણીનો વિકાસ થવો જોઈએ. પૂર્વ–બાલ્યાવસ્થા અપરાધભાવ દૂર કરી પહેલ કરવાની ભાવના વિકસાવવા પર કેન્દ્રીત હોવી જોઈએ. ઉત્તર બાલ્યાવસ્થા દરમિયાન ચોથી અવસ્થાએ પરિશ્રમ ભાવના વિકસવી જોઈએ અને લઘુતાની ભાવના દૂર થવી જોઈએ. પાંચમી અવસ્થામાં તરુણ–ઓળખ વિરુદ્ધ મૂંઝવણમાંથી જાગૃત રીતે પોતાની ઓળખને દ્રઢ કરે છે. છેલ્લી ત્રણ અવસ્થામાં વ્યક્તિ ગાઢ સંબંધ સર્જનાત્મકતા અને પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે છે.

સામાજિકતાના વિકાસમાં પોતાની અને બીજાની ઉન્નતિ માટેના સામર્થ્યનો વિકાસ સમાયેલો છે.

સામાજિકતાના વિકાસને અસર કરતાં પરિબળો પરિવાર, સ્વાસ્થ્ય, શરીર બંધારણ, માનસિક વિકાસ, સાંવેગિક વિકાસ, વ્યક્તિત્વ, વાતાવરણ, શાળા, મિત્રમંડળ અને સમાજ વગેરે અસરકર્તા છે.

શિશુઅવસ્થામાં અને કિશોરાવસ્થામાં સામાજિકતાનો વિકાસ ઓળખીને શિક્ષકે તેનો શિક્ષણમાં વિનિયોગ કરવો જરુરી છે.

બિનસામાજિક શિશુ સમાજ, ભાષા અને તેના જૈવિક બંધારણમાં રહેલી મન મગજરુપી વિશિષ્ટતાને લીધે સામાજિક વ્યવહાર, નીતિ ,જ્ઞાન વગેરે શીખી સામાજિકીકરણ પ્રાપ્ત કરે છે.

સામાજિકીકરણની પ્રક્રિયાએ ભાતીગળ પ્રક્રિયા છે. અનેક સંસ્થાઓનો એમાં ફાળો રહેલો છે. તે આજીવન ચાલતી ક્રિયા છે. કારણ વય વૃદ્ધિ સાથે ભૂમિકાઓ બદલાતાં માણસે નવા વર્તનો શીખ્યા જ કરવા પડે છે. સામાજિકીકરણ વ્યક્તિની અદ્વિતીયતાનો લોપ કરતું નથી. કારણ કે, દરેક વ્યક્તિના

મનોશારીરિક બંધારણ, ભૂતકાલીન અનુભવો અને મનોવૈજ્ઞાનિક વાતાવરણ ભિન્ન હોય છે. સામાજિકીકરણમાં વ્યક્તિ અને સમાજ વચ્ચે સંઘર્ષ રહેલો છે જ અને તે વ્યક્તિ આંતરીકરણ કરે ત્યારે અથવા સમાજ ધોરણ બદલે ત્યારે રહેતો નથી.

## 3.7 પ્રાયોગિક કાર્ય – ક્ષેત્રીય કાર્ય

**(ઈન્ટર્નશિપ દરમ્યાન નીચેના કાર્યક્રમો અચૂક કરી જુઓ.)**

- એરિક્સનનો ફોટોગ્રાફ ઈન્ટરનેટ પરથી મેળવી. તેનો પરિચય લખીને ચાર્ટસ તૈયાર કરો. વર્ગખંડમાં મૂકો.
- એક ચાર્ટસમાં એરિક્સનના સિદ્ધાંતો લખો. તેમાં દરેક અવસ્થાના ચિત્રો પણ મૂકો.
- બાળકમાં સામાજિકતાનો વિકાસ કરી શકાય તે માટેના વર્ષ દરમિયાન યોજી શકાય તેવા કાર્યક્રમોની યાદી તૈયાર કરો. જે–તે ઉત્સવની ઉજવણીમાં પણ બાળકોની સામાજિકતા કયાં કઈ રીતે વિકસી તેની એક ચાર્ટ બનાવી અવલોકનની નોંધ કરો. (ઈન્ટર્નશીપ દરમિયાન એક જ શાળામાં ચાર સેમેસ્ટર દરમિયાનની સઘન– સાતત્યપૂર્ણ ચાર્ટ તૈયાર કરો.)
- ઈન્ટર્નશીપ દરમિયાન બાળકોની કેસસ્ટડી આયોજનપૂર્વક કરો. કેસસ્ટડી કરવા માટેની માર્ગદર્શિકા તૈયાર કરો.
- અનાથાશ્રમમાં ઉછરતાં પાંચ બાળકો અને પરિવારમાં ઉછરતાં પાંચ બાળકોના વ્યક્તિ અભ્યાસ આયોજન પૂર્વક તૈયાર કરો.
- તાલીમ દરમિયાન સામાજિકીકરણની સંકલ્પના સ્પષ્ટ થાય તે માટે મંત્રીમંડળનું આયોજન કરો. દર વર્ષે મંત્રીમંડળની પુનઃરચના કરવી જેથી દરેકને વિવિધ મંત્રીની જવાબદારી અદા કરવાની તક પ્રાપ્ત થાય.
- વાલીમિલનનું આયોજન કરવું.
- સામાજિકીકરણથી વંચિત બાળકોના અભ્યાસ માટે થયેલ અભ્યાસોના દ્રષ્ટાંતો એકઠા કરી હસ્તલિખિત અંક તૈયાર કરો. (સંદર્ભ – સમાજલક્ષી મનોવિજ્ઞાન ડૉ. ચંદ્રકાન્ત પટેલ. યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ. અમદાવાદ. પૃ.92 થી 99

## 3.8 સંદર્ભ સાહિત્ય


- ડૉ. ચંદ્રકાન્ત ભોગાયતા, અધ્યાપન પ્રયોજિત મનોવિજ્ઞાન, પાર્શ્વ પબ્લિકેશનઃ અમદાવાદ.
- ડૉ. નનુભાઈ દોંગા, શિક્ષણનું મનોવિજ્ઞાન, નિશ્કિન સાયકો સેન્ટર, રાજકોટ.
- પટેલ, દવે, અંધારિયા, પટેલ, પરમાર, અધ્યેતા સ્વરુપ અને વિકાસ, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.
- ડૉ. હર્ષિદા પંડિત, બાળમાનસને ઓળખીએ, બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ.
- ડૉ. ચંદ્રકાન્ત પ્રભુભાઈ પટેલ, સમાજલક્ષી મનોવિજ્ઞાન, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

# એકમ – 4 સાંવેગિક વિકાસ અને ભાષાવિકાસ


4.1 પ્રસ્તાવના

4.2 ઉદ્દેશો

4.3 વિકાસના વિવિધ તબક્કા સબંધિત બાળકોનો ભાષાવિકાસ

4.4 સંવેગ એટલે શું?

4.5 સાંવેગિક વિકાસ અને ભાષાવિકાસ વચ્ચેનો સંબંધ

4.5.1 બાળકનો ભાષાકીય વિકાસ

4.5.2 ભાષાવિકાસ અને સાંવેગિક વિકાસ વચ્ચેનો સંબંધ

4.5.3 ભાષાવિકાસ પર અસર કરતાં પરિબળો

4.6 સાંવેગિક વિકાસ અને તેને નિયંત્રણ કરવાની ક્ષમતા

4.6.1 ભય

4.6.2 ઈર્ષ્યા

4.6.3 ગુસ્સો

4.6.4 અન્ય ઉપાયો

4.7 વ્યક્તિત્વનો વિકાસ

4.7.1 વ્યક્તિત્વનો અર્થ

4.7.2 શિશુ અવસ્થાનું વ્યક્તિત્વ

4.7.3 શાળાની ઉંમર પૂર્વેનું વ્યક્તિત્વ (3 થી 6 વર્ષની વય)

4.7.4 પ્રાથમિક શાળા સમય દરમિયાનનું વ્યક્તિત્વ

4.7.5 પ્રારંભિક કુમારાવસ્થાનું વ્યક્તિત્વ

4.8 વ્યક્તિત્વ માપન

4.8.1 ઓળખયાદી [Checklist] :

4.8.2 બદામી રચિત વિદ્યાર્થી સમસ્યા સંશોધનિકા

4.8.3 બેલ અનુકૂલન સંશોધનિકા

4.8.4 વાક્યપૂર્તિ કસોટી

4.8.5 સામાજિકતામિતિ

4.9 વ્યક્તિત્વ પર અસર કરતાં પરિબળો

4.9.1 શરીર બંધારણના પરિબળો

4.9.2 બુદ્ધિમત્તા

4.9.3 આવેગશીલતા

4.9.4 વિશેષ શક્તિઓ

4.9.5 પરિસ્થિતિજન્ય પરિબળો

4.10 સારાંશ

4.11 સ્વાધ્યાય

4.12 સંદર્ભ સૂચિ

# એકમ – 4 સાંવેગિક વિકાસ અને ભાષાવિકાસ

## 4.1 પ્રસ્તાવના

સંવેગ અંગ્રેજી શબ્દ Emotionના પર્યાય તરીકે વપરાય છે. તેનો અર્થ ક્ષુબ્ધ કરવું કે ઊથલપાથલ કરવી. સંવેગ એ શરીરતંત્ર સાથે ગાઢ રીતે સંકળાયેલી જટિલ પ્રક્રિયા છે. સંવેગથી કેટલીક આંતરિક – શારીરિક પ્રક્રિયાઓ ઝડપી બને છે. સંવેગો એ કુદરતી અનુભૂતિ છે. કોઈપણ વ્યકિતને સંવેગના અનુભવથી વંચિત રાખી શકાય નહીં.

સાંવેગિક વિકાસ અન્ય વિકાસ સાથે ગાઢ રીતે સંકળાયેલો હોઈ તેની વિકાસ તરાહ જાણવાથી બાળક સાથેના વ્યવહારમાં મદદરુપ બને છે.

સંવેગને શારીરિક સ્વાસ્થ્ય સાથે નિકટનો સંબંધ છે. શાળાનું ભાવાવરણ અને શિક્ષકનો પ્રેમાળ વ્યવહાર બાળકમાં શિક્ષણ પ્રત્યેનો રસ ઉત્પન્ન કરે છે. બાળકનો સાંવેગિક વિકાસ અને ભાષા વચ્ચે અનેરો સંબંધ છે. બાળક ઉંમર વધવાની સાથે વાતાવરણ પર કાબુ મેળવે છે. સમાજના અને કુદરતના સંસર્ગમાં રહીને ભાષા શીખે છે. ભાષા વિકાસનો મુખ્ય આધાર આસપાસનું વાતાવરણ અને રોજબરોજ બનતી ઘટનાઓ છે. વિકાસના વિવિધ તબક્કે બાળકનો ભાષાવિકાસ થાય છે. પ્રસ્તુત એકમ બાળકના સાંવેગિક વિકાસ સાથે ભાષાવિકાસ કઈ રીતે જોડાયેલ છે એ અંગે ચર્ચા કરવામાં આવી છે.

## 4.2 ઉદ્દેશો

પ્રશિક્ષણાર્થીઓ...

- બાળકના ભાષાવિકાસના વિવિધ તબક્કા વિશે જાણે.
- સંવેગ એટલે શું? ની સમજ કેળવે.
- સાંવેગિક વિકાસ અને ભાષાવિકાસ વચ્ચેનો સંબંધ સમજે.
- સાંવેગિક વિકાસ અને તેને નિયંત્રિત કરવાની ક્ષમતાના વિકાસ અંગે જાણે.
- વ્યક્તિત્વના વિકાસ અને માપન અંગે જાણે.
- વ્યક્તિત્વ પર અસર કરતાં પરિબળો વિશે સમજે.

## 4.3 વિકાસના વિવિધ તબક્કા સબંધિત બાળકોનો ભાષાવિકાસ

જે માધ્યમ દ્વારા માણસો પરસ્પર વિચારોનું વહન કરે છે અને ઈચ્છાઓ અને લાગણીઓની અભિવ્યક્તિ કરે છે તેને ભાષા કહે છે.

માતાને જોઈ બાળક હસે છે, એને જોઈ પોતાના હાથ ઊંચા કરે છે અને માતા તેને ન તેડે તો તે રડવા માંડે છે. આ વર્તન દ્વારા બાળક કંઈને કંઈ કહેવા માંગે છે અથવા કોઈ ભાવ વ્યક્ત કરવા માંગે છે.

આ શારીરિક અથવા ચહેરાના હાવભાવોનો ભાષામાં જ સમાવેશ થાય છે. બાળકની શરુઆતની ભાષા હાવભાવોથી બનેલી હોય છે.

બાળકમાં ભાષાનો વિકાસ કેવી રીતે થાય છે તે બાળમનોવિજ્ઞાનનો બહુ મહત્વનો વિષય બન્યો છે, કારણકે બાળકની બોલવાની, વાંચવાની અને લખવાની શક્તિ એની શારીરિક પરિપક્વતા, એની લાગણીઓ, એની સામાજિક પ્રતિક્રિયા અને એના માનસિક વિચારો ઉપર પ્રકાશ પાડે છે.

ભાષાનો વિકાસ સામાન્ય રીતે નીચે પ્રમાણે જોવા મળે છે.

1. સ્વાભાવિક રીતે મોમાંથી નીકળતા ઉદગારો અને ચહેરાના અથવા શરીરના બીજા અંગોના હાવભાવ.
2. એક શબ્દનો ઉચ્ચાર, દા.ત. કાકા, દાદા, મામા વગેરે......
3. એક શબ્દનો વાક્યના અર્થમાં ઉપયોગ. દા.ત. ચા એટલે મને ચા આપ.
4. અનેક શબ્દનું બનેલું વાક્ય દા.ત. મને આપો ભૂ...
5. મનનો વિચાર વ્યક્ત કરવા માટે શબ્દોની યોગ્ય રચના કરી બનાવેલું વાક્ય. દા.ત. મારે પાણી પીવું છે, મને ભૂખ લાગી છે...
6. ભાષા ઉપર પ્રભુત્વ.

## 4.4 સંવેગ એટલે શું?

'સંવેગ એ આત્યાંતિક ક્રિયાશીલતાની અવસ્થા છે.' -લીન્ડસે

અર્થાત સંવેગની સ્થિતિમાં આપણી ચેતના ક્રિયાશીલતાની પરાકાષ્ઠાએ પહોંચે છે.

'સંવેગ એટલે સમગ્ર ચેતાતંત્રની ક્ષુબ્ધ અવસ્થા' -વુડવર્થ

સંવેગ એ શરીરતંત્ર સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. ઉપરાંત સંવેગો સાથે વિવિધ પાસાઓ સંકળાયેલા છે.

**ઉદ્દીપન :** સંવેગનો અનુભવ કોઈને કોઈ પ્રકારના ઉદ્દીપકની રજૂઆત પછી જ થાય છે. દા.ત. કોઈ વ્યક્તિ સ્વજનનો અકસ્માત થતા જુએ તો તેનામાં દુઃખનો સંવેગ ઉત્પન્ન થાય છે.

**બાહ્ય શારીરિક ફેરફારો અને હાવભાવ :** સંવેગ અનુભવનાર વ્યક્તિ તેની અભિવ્યક્તિ નરી આંખે જોઈ શકાય તેવા વર્તનો વડે વ્યક્ત કરે છે. સુખનો આવેગ અનુભવનાર વ્યક્તિના ચહેરા પર પ્રસન્નતા દેખાય છે.

**સંવેગનો સભાન અનુભવ :** 'આજનો દિવસ કંટાળાજનક રહ્યો.' 'આજે બહુ મજા પડી', 'ચા મસ્ત હતી' વગેરે કથનો દ્વારા વ્યક્તિ પોતાને થયેલા સંવેગ સભાન અનુભવની જ અભિવ્યક્તિ કરે છે.

**વિવિધ પ્રકારના સંવેગો :** ભય, ગુસ્સો, પ્રેમ, ઈર્ષા અને ચિંતા જેવા વિવિધ પ્રકારના સંવેગોનો અનુભવ બાળકને, વ્યક્તિને થતો હોય છે.

**ભય :** દા.ત. અંધારામાં બાળકને ભય લાગે, ઘરમાં એકલા રહેવાનો ભય લાગે, અજાણી વ્યક્તિનો ભય લાગે, પરીક્ષાનો ભય લાગે.

**ગુસ્સો :** બાળકને તેની જીદ ના સંતોષાય તો ગુસ્સો આવે. માતાપિતા લડે તો ગુસ્સો આવે. દરેક બાળક ગુસ્સાનો સંવેગ અલગ–અલગ રીતે વ્યક્ત કરતો હોય છે.

**પ્રેમ :** સામાન્ય રીતે જે બાળકને માતાપિતા કે અન્ય તરફથી પ્રેમ મળે છે તે અન્યને પ્રેમ કરી શકે છે. બાળકને જેના પ્રત્યે પ્રેમ હોય તે વ્યક્તિ સાથે રહેવા માટે સતત પ્રેરિત રહે છે. તે તેના સ્નેહપાત્રની વાત તન્મય થઈને સાંભળે છે. તેની હાજરીમાં સતત સ્મિત કરતું રહે છે.

**ચિંતા :** ચિંતા આંતરિક સંઘર્ષમાંથી ઉત્પન્ન થાય છે. સામાન્ય રીતે વ્યક્તિ જયારે ગુસ્સામાં હોય પરંતુ હુમલો કરતાં ડરે છે ત્યારે આંતરિક સંઘર્ષ ઉત્પન્ન થાય છે. ઉ.દા. તરીકે જયારે વ્યક્તિ લોકપ્રિય બનવા ઈચ્છતી હોય પરંતુ લોકપ્રિય બનવા માટે જે કંઈ કરવું પડે તેની સામે તેની તૈયારી ના હોય તો આ પરિસ્થિતિ તેનામાં ચિંતાનો સંવેગ ઉત્પન્ન કરે છે.

બાળકમાં અલગ અલગ પરિસ્થિતિ ચિંતા જન્માવે છે. દા.ત. બાળકને પોતાનું રમકડું ખોવાઈ જવાની ચિંતા સતાવે છે.

પ્રખ્યાત મનોવિશ્લેષક ફ્રોઈડના મત પ્રમાણે તરત જન્મેલા બાળકોમાં સુખ અને દુઃખના સંવેગો હોય છે. વર્તનવાદી વોટસનના મત પ્રમાણે બાળકમાં ડર, ગુસ્સો અને પ્રેમ આ ત્રણ આવેગોના શારીરિક લક્ષણો જોવા મળે છે.

બાળકોની સંવેગની અભિવ્યક્તિમાં ખૂબ વિવિધતા હોય છે. ઉંમર પ્રમાણે અભિવ્યક્તિમાં ફરક હોય છે.

દા.ત. 1 વર્ષનું બાળક ગુસ્સામાં માતાને બચકું ભરશે.

5 વર્ષનું બાળક મમ્મી મને નથી ગમતી એમ કહેશે.

10 વર્ષનું બાળક કેવળ નિષેધાત્મક વલણ ધારણ કરી પોતાનો ગુસ્સો પ્રગટ કરશે.

દરેક આવેગની અભિવ્યક્તિમાં પણ ઘણી વિવિધતા હોય છે. દા.ત. બાળક ગુસ્સાની અભિવ્યક્તિમાં લાત મારવી, પગ પછાડવા, ભોંય ઉપર શરીર પટકી દેવું, ભવા ચઢાવવા, હાથમાંથી વસ્તુ ફેંકી દેવી, મારવું, રડવું, ચીસ પાડવી વગેરે ....

માતાપિતા તરફથી મળતી હૂંફ અને પ્રેમ બાળકના સાંવેગિક વિકાસને અસર કરે છે. જે બાળકને માતાપિતાનો પ્રેમ મળતો નથી તેઓ સાંવેગિક રીતે અપરિપક્વ વર્તનો કરે છે. તેઓ પોતાની જાતને અનિચ્છિત અને ત્યજાયેલ માને છે.

માતાપિતા તરફથી બે બાળકો સાથેના વ્યવહારમાં સમતુલા ન જળવાય તો ભાંડુઓમાં ઈર્ષાની લાગણી ઉત્પન્ન થાય છે. જો બાળકનો સ્વીકાર થાય તો તે આનંદિત, મૈત્રીપૂર્ણ અને સહકારયુક્ત વર્તનો કરે છે. જો તેની અવગણના કરવામાં આવે તો તે નાખુશ, આક્રમક અને સંવેદનહીન બને છે.

કોઈપણ સંવેગનો અતિરેક નુકસાનકારક છે. બાળકના ઉછેરમાં માતાપિતા તેમજ શિક્ષકે બાળકમાં સંવેગ પ્રદર્શન અને સંવેગ નિયંત્રણની ટેવો કેળવવી જોઈએ.

# 4.5 સાંવેગિક વિકાસ અને ભાષાવિકાસ વચ્ચેનો સંબંધ

મનુષ્યનો જીવનકાળ શૈશવ, બાલ્યાવસ્થા, કિશોરવસ્થા, અને પુખ્તતા જેવા તબક્કામાં વિભાજિત છે. જે ઉંમર આધારિત છે. ઉંમર વધવા સાથે બાળકનો તમામ ક્ષેત્રે ક્રમબદ્ધ  વિકાસ થતો રહે છે.

પહેલો શારીરિક વિકાસ એટલે કે શરીરના અંગોની કૌશલ્યપૂર્ણ કામગીરીનો વિકાસ. બાળક પહેલા બેસે, પછી ઊભું થાય અને પછી ચાલવા લાગે, આ તેના વિકાસના ક્રમબદ્ધ  પગથિયાં છે.

જ્ઞાનાત્મક વિકાસ એટલે કે મગજના વિવિધ કાર્યોનો વિકાસ જેવા કે બુદ્ધિ, ચાતુર્ય વગેરે...

સામાજિક વિકાસ એટલે કે સમાજની અપેક્ષા મુજબ વર્તન કરીને એકબીજા સાથે સંબંધો કેળવવાનો વિકાસ.

ભાવનાત્મક વિકાસ એટલે ગુસ્સો, ભય, આનંદ (સંવેગાત્મક), ઉત્સાહ, વ્યગ્રતા, શોક વગેરે લાગણીઓ અને ભાવનાઓનો બાળકમાં ધીમે ધીમે વિકાસ થતો જોવા મળે છે.

### 4.5.1 બાળકનો ભાષાકીય વિકાસ

ભાષાકીય વિકાસ એટલે કે વાચાનો વિકાસ. શરુઆતમાં રડીને, ઊહંકારા ભરીને, પછી એક શબ્દ અને વાક્યો એમ કરીને ધીમે ધીમે બાળક બોલતા શીખે છે.

બાળકનો ભાષાવિકાસ દરેક તબક્કે અલગ અલગ જોવા મળે છે.

- ગર્ભાવસ્થામાં જ બાળકના વાણી અને વ્યવહારના કેન્દ્રોની રચના મગજમાં થવા લાગે છે. ડાબોડી બાળકના જમણા મગજમાં અને જમણેરી બાળકના ડાબા મગજમાં બોલવાના કેન્દ્રો આવેલા છે.
- જન્મ સમયે કેવળ રડી શકતું બાળક ધીમે ધીમે સ્પષ્ટ અને નિયંત્રિત ઉચ્ચારણ કરતાં શીખે છે.
- એકાદ વર્ષનું બાળક બે–ચાર શબ્દો બોલતા શીખી જાય છે.
- દોઢ વર્ષનું બાળક કેટલાંક પદાર્થોના નામ બોલી શકે છે.
- ત્રણ વર્ષનું બાળક ટૂંકા વાક્ય બોલવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે.

### 4.5.2 ભાષાવિકાસ અને સાંવેગિક વિકાસ વચ્ચેનો સંબંધ

માતાપિતાનો પ્રેમ અને સંભાળ, અન્ય કુટુંબીજનોની સંભાળ, બાળકના ભાષાવિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

ભાષાનો ઉપયોગ બાળક પોતાની ઈચ્છા, ભાવ, પ્રશ્ન, કોઈ વસ્તુ દર્શાવવા, પોતાના કે અન્ય લોકોના નિર્દેશ કરવા માટે કરે છે. તે ભાષામાં થતી મજાક પણ સમજે છે અને ભાષા સંબંધી રમતો પ્રત્યેની તેની અભિરુચિ પણ દર્શાવે છે.

બાળકોને કવિતાઓ, ગીતો અને વાર્તાઓ સાંભળવામાં બહુ જ મજા આવે છે. એનાથી તેઓ નવા નવા શબ્દો શીખે છે.

### 4.5.3 ભાષાવિકાસ પર અસર કરતાં પરિબળો

બાળકના સમગ્ર ભાષાવિકાસનો આધાર એ કઈ જાતના વાતાવરણમાં ઊછર્યું છે એના પર છે.

**કુટુંબ, પડોશ, સગાસંબંધી**

કુટુંબ બાળકના ભાષાવિકાસમાં અગત્યના સ્થાને છે. કુટુંબમાંથી બાળકને જે પ્રકારના અનુભવો થવાના એની અસર પણ ભાષાવિકાસ પર દેખાવાની.

**શાળા**

શાળામાં બાળકના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નો થાય છે. શાળાનું સમગ્ર વાતાવરણ બાળકના ભાષાવિકાસ ઉપર અસર કરે છે. દા.ત. શાળામાં જો શિક્ષકો તરફથી સહપાઠી તરફથી સ્નેહભર્યું, આત્મીયતાપૂર્વકનું વર્તન હશે તો બાળક વધુને વધુ શીખવા માટે પ્રયત્નો કરશે.

**સામાન્ય વૃદ્ધિનો દર**

સંશોધનો દ્વારા માલૂમ પડયું છે કે જે બાળકોના શરીરની વૃદ્ધિનો દર યોગ્ય હોય છે, તેઓની ભાષામાં પ્રગતિ સારી હોય છે. વિરુદ્ધ પક્ષે જે બાળકોની વૃદ્ધિ ધીમી હોય છે તેઓની ભાષામાં પ્રગતિ મંદ હોય છે.

**બુદ્ધિમત્તા**

માનસિક શક્તિ અથવા બુદ્ધિ ભાષાની પ્રગતિ ઉપર સારા પ્રમાણમાં અસર કરે છે. સામાન્ય બુદ્ધિ ધરાવનાર બાળક કરતાં તેજસ્વી બાળક ચાર મહિના જેટલો વહેલો બોલવા લાગે છે.

**લિંગ**

કન્યાઓ વહેલી બોલવા માંડે છે. વાક્યની લંબાઈ, વ્યાકરણની શુદ્ધતા, શબ્દનો યોગ્ય ઉપયોગ, વાકછટામાં તેઓ સરસાઈ બતાવે છે. શબ્દભંડોળ પણ મોટું હોય છે. પરંતુ પુખ્ત ઉંમરની થતા કુમારો વધુ પ્રગતિ કરે છે.

**સામાજિક – આર્થિક મોભો**

ઉચ્ચ સામાજિક–આર્થિક મોભાવાળા કુટુંબના બાળકો ભાષાશક્તિમાં ચડિયાતા હોય છે. આમાં વારસાગત અને વાતાવરણજન્ય બંને પરિબળો ભાગ ભજવે છે.

જો બાળક શ્રવણની ખામી ધરાવતું હોય તો પણ ભાષા વિકાસ પર અસર પડે છે. ઉપરાંત જો બાળકમાં તોતડાપણું હોય તો લઘુતાગ્રંથીથી પીડાવાના કારણે ભાષાવિકાસ અને સંવેગ વિકાસ પર પણ અસર પડે છે.

આ ઉપરાંત બાળકના ભાષાવિકાસમાં તેના મિત્રો, ટેલિવિઝન વગેરે પરિબળો પણ અગત્યનો ભાગ ભજવે છે.

આમ બાળકના વિકાસના ક્રમમાં ભાષાવિકાસનું ઘણું મહત્વ છે. કારણકે જીવનની દરેક પ્રવૃત્તિમાં એને ભાષાની જરુર પડવાની છે. અભિવ્યક્તિની સફળતાનો આાધાર પણ ભાષાકૌશલ્ય પર જ છે. ભાષા આપણી જરુરિયાતો લાગણીઓ વ્યકત કરવામાં સહાયભૂત નીવડે છે.

## 4.6 સાંવેગિક વિકાસ અને તેને નિયંત્રણ કરવાની ક્ષમતા

બાળકનો ઉછેર અને વિકાસ કરવા માટે તેના આવેગો, સંવેગોને સમજવા જરુરી છે. સંવેગો વ્યક્તિત્વના વિકાસમાં જરુરી છે. પરંતુ ક્રોધ, બીક, ચિંતા, અદેખાઈની અસર જેવા સંવેગોની શરીર પર વિપરીત અસર થાય છે. દા.ત. સતત ચિંતામાં રહેતું બાળક કે ડરપોક બાળકમાં અનિદ્રા, અપચો જેવી મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે અને જેથી તે શારીરિક વિકાસને હાનિ કરે છે. જયારે પ્રેમ, હર્ષ, આનંદ વગેરે સુખદ સંવેગો બાળકને વધારે ઉત્સાહિત અને વધારે ચેતનવંત બનાવે છે.

### 4.6.1 ભય

ભયનો સંવેગ તીવ્ર હોય છે અને તે બાળકના મન પર અનિચ્છનીય અસરો પેદા કરે છે. બાવો આવશે, પોલીસ બોલાવું, ડૉકટર કે ઈન્જેક્શનનો ભય બતાવવામાં આવે છે.

**નિરાકરણઃ–** બાળકના ભયનું નિરાકરણ સમજપૂર્વક તેમજ તેવી બાબતોના પ્રત્યક્ષ અનુભવોથી કરવા કોશિશ કરવી. દા.ત. બાળક અંધારામાં જતા ડરતું હોય તો એકાદવાર તેની સાથે અંધારામાં જઈ પ્રત્યક્ષ અનુભવ કરાવી સમજાવવું કે અંધારાથી હંમેશા ડરવાને કારણ નથી. માત્ર કલ્પનાથી જ બાળક ડરતું હોય છે.

### 4.6.2 ઈર્ષ્યા

ત્રણ ચાર વર્ષનું બાળક થાય અને પાછળ બીજા ભાઈ બહેનનો જન્મ થાય ત્યારે નાના બાળકની ઈર્ષ્યા આવે છે. આ સંવેગથી પીડાતા બાળકો સાથેના બાળકને મારી લે છે, નુકસાન પહોંચાડે છે.

**નિરાકરણઃ–** કુટુંબીજનોએ બાળકમાં દેખાતા ઈર્ષ્યાના સંવેગ પ્રત્યે બેદરકારી ન દાખવતા તેને પૂરતી લાગણી આપી તેનું આત્મસન્માન સાચવી તેને સ્વસ્થ કરવા પ્રયત્ન કરવો.

### 4.6.3 ગુસ્સો

બાળકને તેની જરુરિયાત સંતોષવામાં કોઈ પણ અવરોધ ઉભો થાય ત્યારે તે ગુસ્સે થાય છે. ચીસો પાડીને, મારીને, પોતાની જાતને નુકસાન કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કરે છે, આમ અનેક રીતે બાળક પોતાનો ગુસ્સો વ્યક્ત કરતું હોય છે.

**નિરાકરણઃ–** બાળકનો ગુસ્સો શમ્યા પછી તેને યોગ્ય રીતે સમજાવવા જોઈએ. ઉપરાંત નીચેના ઉપાયો દ્વારા બાળકમાં અનિચ્છનીય સંવેગોને નિયંત્રિત કરવાની ક્ષમતાનો વિકાસ થાય એ માટે માતા, પિતા, કુટુંબીજનો, શિક્ષકે મળીને સહિયારા પ્રયાસો કરવા જોઈએ.

### 4.6.4 અન્ય ઉપાયો

બાળક દ્વારા અનુભવાતા સંવેગોની અભિવ્યક્તિ ના થવાથી મનોવિકૃતિ ઊભી થાય છે. આથી બાળકને પોતાના મનોભાવોને વિવિધ રીતે વ્યક્ત કરવાના અવસરો શાળાએ પૂરા પાડવા જોઈએ. જેમ કે,

- બાળકને ધીરજથી સાંભળવું.
- બાળકને પોતાના વિચારો રોકટોક વિના વ્યક્ત કરવા દેવા.
- બાળકે કરેલ કાર્યને બિરદાવી તેને પ્રોત્સાહિત કરવું.
- બાળકોને સહઅભ્યાસકીય પ્રવૃત્તિઓ જેવી કે ગાન, નિબંધલેખન, વાર્તાલેખન, કાવ્યગાન, વક્તૃત્વ, રમત–ગમત માટે પ્રેરિત કરવા જોઈએ.
- શાબાશ, સરસ, ઉત્તમ વગેરે જેવા હકારાત્મક સુદૃઢકો પૂરા પાડવા જોઈએ.
- શિક્ષકે પોતાના વ્યવહારમાં સાંવેગિક સમતુલા દર્શાવવી જોઈએ કારણકે બાળક હંમેશા શિક્ષકના વર્તનોનું અનુકરણ કરતું હોય છે.
- ક્રોધ, ભય, ઈર્ષ્યા, ધૃણા જેવા અનિચ્છનીય સંવેગોનું ઊર્ધ્વીકરણ કરવા માટે બાળકને કળા, સાહિત્ય અને વ્યાયામના સાધનો પૂરા પાડવા જોઈએ.
- ઈર્ષ્યાની જગ્યાએ બાળકમાં તંદુરસ્ત હરિફાઈનું વલણ વિકસે એ માટે માતા–પિતા, શિક્ષકોએ પ્રેરણા આપવી જોઈએ.
- બાળકોના સંવેગો યોગ્ય રીતે કેળવાય એવા સંજોગો, પરિસ્થિતિ શિક્ષકે ઊભી કરવી જોઈએ. સાહિત્ય, કળા, કુદરત વગેરે બાબતની અભિરુચિ કેળવી તે દ્વારા તેના સંવેગોને નિયંત્રિત કરવાની ક્ષમતાના વિકાસ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

## 4.7 વ્યક્તિત્વનો વિકાસ

બાળક તેના જીવનકાળ દરમિયાન થતા અનેક અનુભવોના પરિણામરુપે એની શારીરિક અને માનસિક જરુરિયાતો સંતોષવા માટે અમુક માર્ગો અપનાવે છે. દરેક વ્યક્તિમાં આ માર્ગો અલગ અલગ અને આગવા હોય છે. તેને અનુલક્ષીને લોકો કહે છે કે આ માણસ પ્રમાણિક છે, વિશ્વાસપાત્ર છે, લુચ્ચો છે વગેરે. વ્યક્તિની આ વિશેષ વર્તન–ભાત એનું વ્યક્તિત્વ બતાવે છે.

જેમ જેમ બાળક તેના વ્યક્તિત્વના વિકાસના વિવિધ તબક્કાઓમાંથી – ગર્ભાવસ્થાથી માંડીને બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, પુખ્તાવસ્થા સુધી ઉત્તરોત્તર પસાર થતું હોય છે, તેમ તેમ તેનામાં સર્વ વ્યક્તિ–લક્ષણો જેવા કે પ્રેરણાઓ, આવેગો, ઈચ્છાઓ તેમજ તેમને વ્યક્ત કરવાની વર્તન–ટેવોમાં એક જાતનું સાતત્ય આવતું જાય છે. આ એક સતત ચાલતી પ્રક્રિયા છે જેને પરિણામે વ્યક્તિત્વ આકાર લે છે. ટૂંકમાં વ્યક્તિત્વ એટલે બાળકની જે તે વિકાસ–અવસ્થાની સર્વસામાન્ય વર્તનની ભાત.

### 4.7.1 વ્યક્તિત્વનો અર્થ

વ્યક્તિત્વની વ્યાખ્યા કરવી અઘરી છે એ એક જટિલ સંકલ્પના છે એમાં વ્યક્તિના વિકાસના બધા પાસાનો સમાવેશ થાય છે. જેવા કે શારીરિક, સ્નાયવિક, સામાજિક, નૈતિક વગેરે. આ વિકાસના લીધે વ્યક્તિ બહારના લોકો અને વાતાવરણ સાથે વિશેષ પ્રકારની પ્રતિક્રિયા કરે છે. વ્યક્તિ પરિસ્થિતિ અથવા સમાજ સાથે અનુકૂલન સાધવા માટે પ્રતિક્રિયાની વૃત્તિ કેળવે છે. દા.ત. સંકટના સમયમાં એક વ્યક્તિ સામનો કરે છે, તેથી તેને આપણે શૂરવીર કહીએ છીએ. બીજી વ્યક્તિ સંકટ જોઈ નાસી જાય છે તેને આપણે ડરપોક કહીએ છીએ.

ઓલપોર્ટે આપેલ વ્યક્તિત્વની વ્યાખ્યા મુજબ “વ્યક્તિત્વ એટલે શારીરિક માનસિક લક્ષણોના તંત્રનું સુગ્રથન જેને લીધે વ્યક્તિ પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી શકે છે.”

### 4.7.2 શિશુ અવસ્થાનું વ્યક્તિત્વ

1 થી 3 વર્ષ સુધીના બાળકનો અભ્યાસ બતાવે છે કે, પૂર્વ બાલ્યાવસ્થામાં પણ બાળકોના વર્તનમાં તફાવતો હોય છે. કોઈ બાળક સૌમ્ય, શાંત, ધીર ગંભીર હોય છે તો બીજું અશાંત, ચંચળ અને રડતું હોય છે.

બાળકના જીવનના પ્રથમ બે વર્ષમાં જે વર્તન–ટેવો આકાર લે છે તે તેના ભાવિ વ્યક્તિત્વ ઉપર અસર કરે છે.

એલિઝાબેથ હરલોકના મત પ્રમાણે શિશુ અવસ્થા વ્યક્તિત્વ–વિકાસની દ્દષ્ટિએ કટોકટીનો સમય છે. કારણકે આ ઉંમરમાં વ્યક્તિત્વનો પાયો રચાય છે અને આ પાયા ઉપર તેના પુખ્ત વ્યક્તિત્વની ઈમારત ઊભી થાય છે.

### 4.7.3 શાળાની ઉંમર પૂર્વેનું વ્યક્તિત્વ (3 થી 6 વર્ષની વય)

આ ગાળામાં સ્વાભાવિક રીતે બાળક ઘરના સભ્યો સાથે સહવાસમાં આવે છે. તેને એમની સાથેના સંબંધોની સમજણ પણ આ ઉંમરે આવે છે. આ ઉંમરે બાળકનો સૌથી વધુ સંપર્ક માતા સાથે હોય છે. ઘરના લોકો તેના તરફ કઈ દ્રષ્ટિથી જુએ છે તેના ઉપરથી તે પોતાના 'સ્વ'નો ખ્યાલ બાંધે છે. માતાપિતા બાળકને હોંશિયાર કહે તો બાળક માનવા લાગે છે કે હું હોંશિયાર છું. ઘરમાં વપરાતી બાળકની તાલીમ પદ્ધતિની બાળકના વ્યક્તિત્વના ઘડતરમાં ઘણી અસર પડે છે. ઘરમાં કડક શિસ્ત હોય તો બાળકનું વ્યક્તિત્વ કાં તો દબાઈ ગયેલું અથવા બળવાખોર હોય બને છે.

### 4.7.4 પ્રાથમિક શાળા સમય દરમિયાનનું વ્યક્તિત્વ

આ સમય બાળકની ઉંમર લગભગ 6 થી 12 વર્ષની સુધીની હોય છે. બાળક સામાન્ય રીતે આ સમય દરમિયાન પ્રાથમિક શાળામાં જાય છે.

બાળક શિક્ષકોના, શાળાના મિત્રોના અને પડોશીઓના સંબંધમાં આવે છે. પરિણામે તેના ઉપર આ બધાની અસર પડે છે. આ ઉપરાંત આજ કાળમાં બાળકમાં અનુકરણની વૃત્તિ જોવા મળે છે. બાળકમાં આદર્શ–સ્વનો ખ્યાલ વિકાસ પામે છે. શરુઆતમાં આદર્શ સ્વના ખ્યાલ ઉપર માતાપિતાની છાપ હોય છે. ધીમે ધીમે ગુરુજનો, સામાજિક નેતાઓ, શહીદવીરો, ઐતિહાસિક પાત્રો, ફિલ્મજગત સાથે સંકળાયેલી વ્યક્તિઓની છાપ તેના પર પડે છે.

આ ઉંમરમાં બાળક સારું શું અને ખરાબ શું એ સમજી શકે છે પણ હજી નીતિમત્તાનો ખ્યાલ એના મનમાં ઉદય પામ્યો હોતો નથી. કેવળ સંપર્ક અને અનુકરણથી સાચુ બોલવું જોઈએ, પરીક્ષામાં ચોરી ન કરવી જોઈએ, નિંદા ના કરવી જોઈએ વગેરે ગુણો તે સમજી શકે છે અને એમનું પાલન પણ કરી શકે છે.

આ ઉંમરમાં વ્યક્તિત્વ વધુ સ્થિર બને છે.

### 4.7.5 પ્રારંભિક કુમારાવસ્થાનું વ્યક્તિત્વ

લગભગ 12 થી 15 વર્ષ સુધીનો આ ગાળો છે.

બાળકમાં અનેક શારીરિક ફેરફારો થાય છે. દા.ત. જાતીય ગ્રંથિઓની પરિપક્વતા આવે છે અને તેની સાથે શરીરના કદમાં અને દેખાવમાં ફેરફાર થાય છે. તેની બાળકના વ્યક્તિત્વ ઉપર અસર પડે છે. આ ફેરફારોને લીધે બાળકના તેના પોતાના પ્રત્યેના વલણોમાં અને બીજાઓ પ્રત્યે વિજાતીય વ્યક્તિઓ પ્રત્યેના વલણોમાં મૂળભૂત ફેરફાર થાય છે. જે બાળક 10-11 વર્ષની ઉંમરે પોતાના મિત્રને અત્યંત પ્રેમ કરે છે પણ હવે એના પ્રેમનું પાત્ર મનગમતી કન્યા બને છે.

કુમારાવસ્થાના કાળમાં કુમાર–કન્યાના ગમા–અણગમા, આદર્શો, જીવનમૂલ્યો બદલાય છે. દા.ત. 10-12 વર્ષના બાળકો માતા–પિતાના આજ્ઞાંકિત હોય છે. 15 વર્ષના બાળકને આ બાબત હાસ્યાસ્પદ લાગે છે.

કુમારાવસ્થા એ તાણ અને દબાણોનો કાળ છે. આ વર્ષો દરમ્યાન એની ઊર્મિઓ, ઈચ્છાઓ, આકાંક્ષાઓ અને મહત્વાકાંક્ષાઓ અતિ પ્રબળ બને છે. પણ સામાજિક બંધનોને લીધે તેની બધી ઈચ્છાઓ સંતોષાતી નથી. તેને લીધે તે માનસિક સંઘર્ષ અનુભવે છે.

## 4.8 વ્યક્તિત્વ માપન

જેમ વ્યક્તિનો શારીરિક વિકાસ, તેની ઊંચાઈ, વજન વગેરે માપી શકાય છે તેમ તેની બુદ્ધિ, અન્ય માનસિક શક્તિઓ, વ્યક્તિત્વના માપન માટે અનેક પ્રકારની કસોટીઓ રચવામાં આવી છે જેને મનોવૈજ્ઞાનિક કસોટીઓ કહે છે. વ્યક્તિત્વમાપન માટે મનોવૈજ્ઞાનિક કસોટીઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે.

### 4.8.1 ઓળખયાદી [Checklist] :

મૂની સમસ્યા ઓળખયાદી ઘણી જાણીતી છે. મૂનીએ જુનિયર હાઈસ્કૂલ, કોલેજના વિદ્યાર્થીઓ અને પ્રૌઢ વ્યક્તિઓ માટે વિભિન્ન સમસ્યાઓને રજૂ કરતી એક ઓળખયાદી તૈયાર કરી પોતાને જે સમસ્યા લાગુ પડે તેની સામે ☑ની નિશાની કરવાની હોય છે.

દા.ત.

| ક્રમ | આઈટમ (વિગત) | |
|---|---|---|
| 1 | વજન વધુ છે. | ☐ |
| 2 | બીજા વિદ્યાર્થીઓ મારી મશ્કરી કરે છે. | ☐ |
| 3 | હંમેશા પરીક્ષાનો ડર લાગે છે. | ☐ |
| 4 | અભ્યાસ માટે પૂરતો સમય મળતો નથી. | ☐ |

### 4.8.2 બદામી રચિત વિદ્યાર્થી સમસ્યા સંશોધનિકા

આ સંશોધનિકા શૈક્ષણિક, આર્થિક, સામાજિક વગેરે ક્ષેત્રોને આવરી લે છે. વિદ્યાર્થીઓને લાગુ પડતી સમસ્યાની સામે ☑ની નિશાની કરવાની હોય છે.

દા.ત.

| ક્રમ | સમસ્યાના ક્ષેત્રો | ઉદાહરણ |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક | અંગ્રેજીનો તાસ પસંદ નથી. |
| ૨ | આર્થિક | ઘરમાં ટેલિવિઝન નથી. |
| ૩ | સામાજિક | મિત્રો સ્વાર્થી છે. |

### 4.8.3 બેલ અનુકૂલન સંશોધનિકા

ધો.9 થી માંડીને કોલેજ સુધીના વિદ્યાર્થીઓની અનુકૂલન ક્ષમતાઓ અને પુખ્તવયની વ્યક્તિઓની અનુકૂલન ક્ષમતાનો અભ્યાસ થઈ શકે છે. પ્રસ્તુત સંશોધનિકા સામાજિક અનુકૂલન, ભાવાત્મક અનુકૂલન, વ્યાવસાયિક અનુકૂલન વગેરે ક્ષેત્રોને આવરી લે છે.

જેમ કે,

- તમને દિવસે ભય લાગે છે?
- તમે વધુ પડતા દિવાસ્વપ્નોમાં રાચો છો?
- તમે શરમાળ છો?
- તમે કરેલા કૃત્યો માટે વારંવાર પસ્તાવો અનુભવો છો?

### 4.8.4 વાક્યપૂર્તિ કસોટી

વાક્યપૂર્તિ કસોટી શાબ્દિક કસોટી છે. આ કસોટીમાં કસોટીપાત્ર સમક્ષ અધૂરા વાક્યો રજૂ કરવામાં આવે છે. જેને તે પૂરા કરે છે. પૂરા કરેલા આ વાક્યોનું વિશ્લેષણ કરી વ્યક્તિનું માપન કરવામાં આવે છે. દા.ત.

- હું મોટો થઈ ડૉક્ટર બનવા માંગતો હતો પરંતુ....
- જેવા સાથે તેવા થવું જોઈએ કારણકે ....
- હું સમાજસેવિકા બનવા માંગતી હતી પરંતુ....
- મને મારી શાળા પ્રિય છે કારણકે ....

### 4.8.5 સામાજિકતામિતિ

આ પ્રયુક્તિ દ્વારા વિદ્યાર્થીઓનો પરસ્પર સામાજિક સંબંધ કેવો છે, એક વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીનો સ્વીકાર કે અસ્વીકાર કેટલે અંશે કરે છે વગેરે માહિતી પ્રાપ્ત થાય છે. આ પ્રયુક્તિમાં કેટલાંક પ્રશ્નો પૂછવામાં આવે છે જેથી જૂથના દરેક વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થીઓ વિષયક પસંદગી જાણી શકાય છે. દા.ત.

- તમો પ્રવાસમાં તમારા વર્ગમાંથી કોની સાથે જવાનું પસંદ કરશો?
- તમારા જન્મદિવસની પાર્ટીમાં વર્ગમાંથી કોને બોલાવવાનું પસંદ કરશો?
- રિસેસમાં તમે કોની સાથે નાસ્તો કરવાનું પસંદ કરશો?

આમ બાળકના વ્યક્તિત્વનો વિકાસ તેના માપન દ્વારા વધુ સારી રીતે જાણી શકાય છે.

## 4.9 વ્યક્તિત્વ પર અસર કરતાં પરિબળો

વ્યક્તિત્વ ઉપર અસર કરતાં અનેક પરિબળો છે જેમાંથી કેટલાંક પરિબળો વિશે વિચારીએ.

### 4.9.1 શરીર બંધારણના પરિબળો

કોઈપણ તબક્કામાં બાળકના વ્યક્તિત્વની ભાત કેવી હશે તે એ વખતના એના શરીર બંધારણના જુદા જુદા પાસાઓ ઉપર આધાર રાખે છે.

નીરોગી, બળવાન બાળકને નાના કદના અને નબળા બાળક કરતાં તુલનામાં વધુ લાભ મળે છે. બીજી બાજુ વધારે પડતી ઊંચાઈ ધરાવતા બાળકો અથવા ઠીંગણા બાળકોને 'લંબુસ', 'ઠીંગુજી' એમ કહી ઉતારી પાડવામાં આવે છે.

બાળકના શારીરિક બાંધાને લીધે અને દેખાવને લીધે માતાપિતાના તેના પ્રત્યેના વલણોમાં પણ ફરક પડે છે. જેનો શારીરિક વિકાસ સમતોલ છે એવા બાળક પાસેથી માતાપિતા એની પરિપક્વતાની કક્ષા કરતાં વધુ પડતી અપેક્ષા રાખે છે. એનાથી ઊલટું જે બાળકનો શારીરિક વિકાસ બરાબર થયો નથી એવા બાળકને માતાપિતા વધુ પડતું સાચવે છે.

### 4.9.2 બુદ્ધિમત્તા

બુદ્ધિશાળી બાળક સમાજ સાથે સહેલાઈથી અનુકૂલન સાધી શકે છે. તે જુદા જુદા સંજોગોમાં યોગ્ય વર્તન કરે છે. મોટેરાઓ સાથે અને બાળકો સાથે તે સારી રીતે વ્યવહાર કરી શકે છે.

પરંતુ અતિ બુદ્ધિમાન બાળકોને બીજા બાળકો સાથે અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડે છે. તેમની ગ્રહણશક્તિ અતિ તેજ હોવાને લીધે વર્ગમાં શીખવાતા વિષય એ તુરંત આત્મસાત કરી લે છે. તેથી વધારે સમય વર્ગમાં બેસવાનો તેમને કંટાળો આવે છે.

### 4.9.3 આવેગશીલતા

આવેગની બાબતમાં બાળક બાળક વચ્ચે ઘણો ફરક હોય છે. કેટલાંક આવેગ શૂન્ય હોય છે, કેટલાંક શાંત હોય છે, કેટલાંક ઉશ્કેરાટવાળા હોય છે.

આવેગશીલતા કેટલાંક પ્રમાણમાં જન્મજાત હોય છે, પણ તેને કેળવી શકાય છે. આવેગને જો યોગ્ય દિશા આપવામાં આવે તો બાળક પ્રસન્નવૃત્તિવાળું, પ્રેમાળ અને સમતોલ વ્યક્તિત્વવાળું થાય છે.

### 4.9.4 વિશેષ શક્તિઓ

જે બાળકોમાં સંગીત, નાટ્ય, નૃત્ય જેવી વિશેષ શક્તિઓ હોય છે તેમનું સમાજમાં વિશેષ સ્થાન હોય છે. દા.ત. સંગીતની કળાને લીધે બાળક બીજા બાળકોને આનંદ આપી શકે છે. તેથી બીજા બાળકો તેના તરફ વિશેષ આદરથી જુએ છે, પરિણામે બાળકના 'સ્વ'ને પૃષ્ટિ મળે છે.

### 4.9.5 પરિસ્થિતિજન્ય પરિબળો

આપણે બાળકના વ્યક્તિત્વ ઉપર એના પોતાના શારીરિક અને માનસિક ગુણદોષોની શી અસર થાય છે તેનો વિચાર કર્યો, હવે આપણે બહારના પરિબળોની બાળકના વ્યક્તિત્વ ઉપર શી અસર થાય છે તેનો વિચાર કરીએ.

- **ઘરઃ–** ઘરમાં માતાપિતા, ભાઈબહેન બાળક પ્રત્યે કેવું વલણ ધરાવે છે, ઘરના સભ્યો અંદર–અંદર કેવું વલણ ધરાવે છે, બહારના લોકો સાથે કેવું વલણ ધરાવે છે તેની અસર બાળકના વ્યક્તિત્વ ઉપર પડે છે.

  માતાપિતા જો બાળકને ચાહતા હોય, તેની જરુરિયાતો સમજી તે યોગ્ય રીતે સંતોષતા હોય તો બાળકનો સમતોલ વિકાસ થાય છે, અને બાળક પોતાના પ્રત્યેની અને સમાજ પ્રત્યેની જવાબદારી સમજે છે.

  ઘરમાં જો સ્નેહ, નિખાલસપણું, પ્રામાણિક વ્યવહાર અને સહકારની ભાવના જોવા મળે તો બાળકનો વિકાસ યોગ્ય દિશામાં થાય છે. પણ જો ઘરમાં સતત ઝઘડા, સ્વાર્થી મનોવૃત્તિ, અસભ્ય વર્તન જોવા મળતું હોય તો બાળકનું વ્યક્તિત્વ પણ સમાજવિરોધી બનવાની શક્યતા સર્જાય છે.
- **શાળાઃ–** બાળકના ઘડતરમાં શાળાનું અનેરું મહત્વ છે. શાળાના ત્રણ પરિબળો ૧) અભ્યાસક્રમ અને બાળક ૨) શિક્ષક અને બાળકનો સંબંધ ૩) બાળકનો બીજા બાળક સાથે સંબંધ.
- **અભ્યાસક્રમઃ–** બાળકના વિકાસમાં શું ભણવું અને કેવી રીતે ભણવું એ મહત્વનો ભાગ ભજવે છે. જડ, ઔપચારિક, સૈધ્ધાંતિક અભ્યાસક્રમ બાળકની જ્ઞાનલાલસાને મારી નાંખે છે. શાળાનું વાતાવરણ વધારે પડતું કડક હોય તો પણ બાળકની જ્ઞાન સાધનામાં અવરોધ નિર્માણ થાય છે.
- **શિક્ષક–બાળક વચ્ચેનો સંબંધઃ–** બાળકોના માનસિક વલણો, વર્તનના ધોરણો અને આદર્શો ઉપર શિક્ષકના વ્યક્તિત્વ અને વર્તનની ઘેરી અસર પડે છે. પ્રાથમિક શાળાના બાળકો માટે શિક્ષક સર્વસ્વ છે. તે તેમના આદર્શ છે. બાળકો શિક્ષકનું અનુકરણ કરતાં હોય છે. શિક્ષકમાં શીખવવાની કુનેહ, હકારાત્મક વલણ, કદર કરવાની વૃત્તિ, પ્રમાણિકપણું હોય તો બાળકો એનાથી ખૂબ પ્રભાવિત થાય છે.
- **અન્ય બાળકો (સમોવડિયા) સાથેનો સંબંધઃ–** સમોવડિયાની અસર બાળકો પર બહુ પડે છે. કુમારાવસ્થા દરમિયાન બાળક માતાપિતા અને શિક્ષકના મત કરતાં પણ સમોવડિયાના મતને વધુ મહત્વ આપે છે. તેમનાથી એ વધુ પ્રભાવિત થાય છે. અને પ્રેરણા મેળવે છે.

## 4.10 સારાંશ

આમ, પ્રસ્તુત એકમમાં બાળકનો ભાષાવિકાસ, સાંવેગિક વિકાસ, ભાષાવિકાસ અને સાંવેગિક વિકાસ વચ્ચેનો આગવો સંબંધ, સાંવેગિક વિકાસની તરાહ, વયકક્ષા મુજબ બાળકના ભાષાવિકાસની પ્રગતિ, બાળકનું વ્યક્તિત્વ, વય મુજબ વ્યક્તિત્વ વિકાસ, વ્યક્તિત્વ વિકાસને અસર કરતાં પરિબળો, વ્યક્તિત્વ માપનની ચર્ચા કરવામાં આવી.

બાળકનાં ભાષાવિકાસ, બાળકના વ્યક્તિત્વ વિકાસ અંગે પ્રશિક્ષણાર્થીઓને જરુરી દિશાસૂચન મળશે.

## 4.11 સ્વાધ્યાય

**પ્ર. 1 નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.**

1. સંવેગ એ .....

(a) શારીરિક અવસ્થા છે. (b) માનસિક અવસ્થા છે.

(c) સામાન્ય અવસ્થા છે. (d) સમગ્ર ચેતાતંત્રની ક્ષુબ્ધ અવસ્થા છે.

2. બાળકના સાંવેગિક વિકાસ અને ભાષા વિકાસ વચ્ચે....

(a) નિષેધક સંબંધ છે. (b) બિલકુલ સંબંધ નથી.

(c) મીઠો સંબંધ છે. (d) અનેરો સંબંધ છે.

3. માતાને જોઈ બાળક હસે છે, જે ....

(a) હાવભાવની ભાષા છે. (b) શાબ્દિક ભાષા છે.

(c) અશાબ્દિક ભાષા છે. (d) ક્રિયાત્મક ભાષા છે.

4. બાળકને અંધારાનો ભય લાગે છે. જે એક પ્રકારનો

(a) વિચાર છે. (b) ડર છે.

(c) સંવેગ છે. (d) પ્રચાર છે.

5. ચેકલિસ્ટ દ્વારા વિદ્યાર્થીના .....

(a) બુદ્ધિનું માપન થાય છે. (b) સિધ્ધીકક્ષાનું માપન થાય છે.

(c) વ્યક્તિત્વનું માપન થાય છે. (d) વલણનું માપન થાય છે.

**પ્ર. 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

- સંવેગ એટલે શું?
- સંવેગાત્મક વિકાસ એટલે શું?
- વ્યક્તિત્વનો અર્થ આપો.
- વ્યક્તિત્વ માપન એટલે શું?

**પ્ર. 3 ટૂંકનોંધ લખો.**

- ભાષા વિકાસ અને સાંવેગિક વિકાસ વચ્ચેનો સંબંધ.
- વ્યક્તિત્વ પર અસર કરતાં પરિસ્થિતિજન્ય પરિબળો.

પ્ર. 4 નીચેની પરિસ્થિતિમાં શિક્ષક તરીકે તમે શું કરશો?

- વર્ગમાં રમેશ નામનો વિદ્યાર્થી ભયભીત રહે છે.
- નરેશના ગુસ્સાનો ભોગ અન્ય વિદ્યાર્થીઓ વારંવાર બને છે.
- શીલા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં મોખરે રહેતી હોવાની અન્ય વિદ્યાર્થીનીઓની ઈર્ષ્યાનું કારણ બને છે.
- પરીક્ષા સમયે અમુક બાળકો ચિંતાગ્રસ્ત જણાય છે.
- ફૈઝાન વર્ગમાં ઉદાસીન રહે છે.

# 4.12 સંદર્ભ સૂચિ


- ડૉ. નનુભાઇ દોંગા, શિક્ષણનું મનોવિજ્ઞાન
- સુમતિબહેન વૈદ્ય, બાળવિકાસ અને શિક્ષણ
- ડૉ. વિનોદ જી. પટેલ, મનોવૈજ્ઞાનિક કસોટીઓ
- પ્રો. એસ.સી.કાનાવાલા, શ્રી વી.એસ.વણીકર અને ડૉ. સી.ટી. ભોપટકર, પ્રારંભિક બાળ મનોવિજ્ઞાન

**વિચાર પ્રેરક પ્રશ્નો.....**

- **નીચેના પ્રશ્નોના જવાબ આપો:**

1. વ્યક્તિનો વિકાસ જન્મથી મૃત્યુ સુધી ચાલ્યા કરે છે તેની ગતિ એક સરખી હોતી નથી તેઓ તમે શાના આધારે કહી શકો છો?
2. તમારા મિત્રના બે વર્ષના બાળકને શિક્ષણ આપવાના સંદર્ભે તમે શું સલાહ સુચન કરશો?
3. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે બાળ વિકાસના સંદર્ભે આ વિધાનની સત્યાર્થતા સિદ્ધ કરો?
4. આંગણવાડી કાર્યકરોની મિટિંગમાં બાળસાહિત્યના સર્જકો વિશે રજુ કરવાના મુદ્દા નોંધો.
5. પ્રી સ્કૂલ ના બાળકો સમક્ષ શબ્દો બોલીને સમજાવતા તે બિલકુલ ધ્યાન આપતો નથી તો આ સમસ્યાઓ કરવા માટે તમે શિક્ષક તરીકે શું કરશો?
6. વ્યક્તિ જન્મથી પુખ્તાવસ્થા સુધી પહોંચે તે દરમિયાન કેવા મનોસામાજિક વિકાસ જોવા મળે છે?
7. વ્યક્તિનો સામાજિક વિકાસ માટે એક સફળ શિક્ષક તરીકે તમે કેવા કાર્ય કરશો?
8. પ્રથમ ધોરણમાં અભ્યાસ કરતો ચિન્ટુ જોડકા શબ્દો સ્પષ્ટ રીતે બોલતો નથી. તેવી તેની માતાની ફરિયાદના નિવારણ અર્થે શું સમજાવશો?
9. વિવિધ પ્રકારના સંવેગો બાળકના વિકાસમાં કેવી રીતે અસર કરે છે સમજાવો.
10. સંવેગો વ્યક્તિત્વના વિકાસ માટે જરૂર છે પણ કેટલાક સંભળાવો શરીર પર વિપરિત અસર કરે છે તેને નિવારવા શિક્ષક તરીકે તમે કેવા પગલા લેશો?